FRIDAY, 08 JANUARY, 2021 Vol. 17, No. 02 Pages 24 Tel: 416-996-7755, E-mail : info@swadesh.news Web : www.swadesh.news

Buy • Sell • Invest
In Real Estate
Buy with Confidence, Sell with Success!
TUSHAR PATEL
REAL ESTATE SALESPERSON
HOMELIFE MIRACLE REALTY LTD
Brokerage, Independently Owned & Operated
Office: 416-747-9777
416-500-2905

પરદેશમાં દેશની મહેંક એટલે
# સ્વદેશ
કેનેડાથી પ્રસિદ્ધ થતું સર્વોત્તમ
ગુજરાતી સાપ્તાહિક SWADESH

Visitor's To Canada
SUPERVISA INSURANCE
MORTGAGE INSURANCE
Life Insurance
Critical Illness Plan
Disability Insurance
647-403-5560
jigarkumar7@yahoo.ca
www.saachinsure.com
JIGARKUMAR V. PATEL
Life Insurance Advisor
11 YEARS IN BUSINESS



# વિશ્વની મહાસત્તા યુએસમાં જ લોકશાહીનું વરવું ચીરહરણ

# ટ્રમ્પ સમર્થકોનું તોફાન, ૪ના મોત

## બાઈડેનના વિજય પર મહોરની પ્રક્રિયા દરમિયાન હજારો ટ્રમ્પ સમર્થકો મેટલ પોલ, પાઈપ બોમ્બ, બંદૂકો અને પેટ્રોલ બોમ્બ સાથે સંસદમાં ઘૂસી ગયા

વોશિંગ્ટન : અમેરિકાના પ્રેસિડેન્ટ ઈલેક્ટ જો બાઈડેન અને વાઈસ પ્રેસિડેન્ટ ઈલેક્ટ કમલા હેરિસના વિજય પર સંસદની મહોર અટકાવવા બુધવારે વર્તમાન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પના સેંકડો સમર્થકોએ અમેરિકી સંસદ પર હુમલો કરતાં અમેરિકાના ઈતિહાસમાં ૨૨૦ વર્ષ બાદ લોકશાહી કલંકિત થઈ હતી. ટ્રમ્પના આહ્‌વાન પર અમેરિકી સંસદની કાર્યવાહી શરૂ થાય તે પહેલાં વોશિંગ્ટન ડીસીમાં મોટી સંખ્યામાં ટ્રમ્પ સમર્થકો એકઠાં થયાં હતાં. ડોનાલ્ડ ટ્રમ્પે રેલીને ઉશ્કેરણીજનક સંબોધન કર્યા પછી સમર્થકોના ટોળાં હાથમાં મેટલ પોલ, પાઈપ બોમ્બ, બંધૂકો અને મોટોલોવ કોકટેલ સાથે અમેરિકાના સંસદ ભવન યુએસ કેપિટોલ તરફ ધસી ગયાં હતાં. આ સમયે સંસદમાં જો બાઈડેનના વિજયને સર્ટિફાઈ કરવાની પ્રક્રિયાનો પ્રારંભ કરાયો હતો. યુએસ કેપિટોલ ખાતે તહેનાત જૂજ સંખ્યામાં સુરક્ષા કર્મીઓ ટ્રમ્પ સમર્થકોના ટોળાંને અટકાવવામાં નિષ્ફળ રહ્યાં હતાં. તેમણે સંસદ ભવનની અંદર પ્રવેશીને ભારે તોડફોડ મચાવી હતી. આ હિંસા દરમિયાન અમેરિકી સંસદ ભવનની અંદર થયેલા ગોળીબારમાં એશ્લી બેબિટ નામની પૂર્વ લશ્કરી કર્મચારી અને કટ્ટર ટ્રમ્પ સમર્થકનું મોત થયું હતું. વોશિંગ્ટન ડીસી પોલીસે જણાવ્યું હતું કે, સંસદ ભવનના પ્રાંગણમાં વધુ ૩ વ્યક્તિનાં મોત થયાં હતાં. અમેરિકી સંસદની ઈમારતથી થોડે દૂર ટ્રમ્પ ઈન્ટરનેશનલ હોટેલની બહાર એક વ્યક્તિને છૂરો હુલાવી દેવાયો હતો. સંસદના પ્રાંગણમાંથી પોલીસને બે પાઈપ બોમ્બ, લોન્ગ ગન અને પેટ્રોલ બોમ્બથી ભરેલી એક ટ્રક મળી આવી હતી. સંસદ પરના હુમલાને પગલે મોટી સંખ્યામાં નેશનલ ગાર્ડને વોશિંગ્ટનની સડકો પર ખડકી દેવાયાં હતાં અને સાંજના ૬ કલાકથી કરફ્યૂની જાહેરાત કરાઈ હતી. ડીસીના મેયર મ્યુરિયલ બોવસરે વોશિંગ્ટનમાં જો બાઈડેન શપથ ગ્રહણ ન કરે ત્યાં સુધી આગામી ૧૫ દિવસ માટે સ્ટેટ ઓફ ઈમર્જન્સીની જાહેરાત કરી હતી. મેટ્રોપોલિટન પોલીસ ચીફ રોબર્ટ જે. કોન્ટિએ જણાવ્યું હતું કે, બાવન તોફાનીઓની અત્યાર સુધી ધરપકડ કરાઈ છે. જેમાંથી ૪૭ની અટકાયત કરફ્યૂના ભંગ માટે કરાઈ હતી. ૨૬ તોફાનીઓની સંસદના પ્રાંગણમાંથી અટકાયત કરાઈ હતી. તોફાન દરમિયાન ત્યાં ચારના મોત થયાના મીડિયા રિપોર્ટ મળ્યા છે.

યુએસ તોફાનના વધુ અહેવાલ
પેજ નં. ૨૧ પર

SUPER VISA INSURANCE
Get Full REFUND if visa is declined
Get partial refund if parents leave early*
*conditions apply.... Ask NOW for a free quote..
Sanjiv Puri
Insurance Broker
Ph.: 416-890-3232
Email: sanjivpuri@rogers.com
StarLife Insurance & Investments Inc.
www.starlifeinsurance.ca
LIFE INSURANCE | FUNERAL INSURANCE | MORTGAGE INSURANCE | CRITICAL ILLNESS INSURANCE | DISABILITY INSURANCE
SUPER VISA INSURANCE | INSURANCE FOR VISITORS / NEW IMMIGRANTS | RESP | ESTATE PLANNING | RRSP | RETIREMENT PLANNING

Need mortgage financing?
Look no further. Let me make it happen.
RBC Royal Bank
BHAVIN PATEL
Mobile Mortgage Specialist
Royal Bank of Canada
bhavin.patel@rbc.com
mortgage.rbc.com/bhavin.patel
Cell: 647-502-8069
Fax: 416-253-9461
Serving Greater Toronto Region

RE/MAX CROSSROADS REALTY INC. Brokerage
maazabowath.com
MAAZ ABOWATH
Sales Representative ABR, SRS
Direct: 416.893.3002
maazabowath@gmail.com
THINKING OF BUYING OR SELLING?
Residential | Business | Investment

Residential
New Condos
Investments
Commercial
દુઆમાં યાદ રાખશો
Zakir Patel
Broker
Cell: 416-561-7973
Office : 416-287-2222
RE/MAX COMMUNITY Realty Inc., Brokerage
Independently Owned and Operated
1265, Morningside Ave. #203
Toronto, ON M1B 3V9
Email : patelzakir82@gmail.com

છેલ્લા ૪૪ વર્ષથી ટોરન્ટોની સર્વ પ્રથમ ગુજરાતી ટ્રાવેલ એજન્સી. ૪૪ વર્ષથી ગુજરાતી પ્રજા અને ગુજરાતી ભાષા અમારી સફળતા માટે ચશભાગી છે. દિલથી આપની અમે ખૂબજ આભાર માનીએ છીએ. હવાઈ મુસાફરી ની ટીકીટ માટે અમારા ભાવ ટોરન્ટોમાં ખૂબજ આકર્ષક છે અજમાવી જુઓ... આપને આનંદ થશે.
Ashok Travels 416-977-9896 અશોક ટ્રાવેલ્સ ૪૧૬ ૯૭૭ ૯૮૯૬
Thank you for your continued support since last 44 years. We are glad to be your family travel agency and we feel proud to serve three generations with most competitive prices and excellent service.
www.ashoktravel.com
Ashok Travels Serving your travel needs in Canada since 1973
TICO # 1486999 238 Gerrard St. East, Suite 100 Toronto, ON M5A 2E8

Jack Filled Foreign Exchange Inc.
India થી રૂપિયા મંગાવવા
અને
India રૂપિયા મોકલવા
માટેનું જૂનું અને જાણીતું નામ :
Call Zakirbhai
416-901-9995, 416-439-9995

S&S LAWYERS LLP
• Real Estate
• Litigation
• Wills and Estates
• Affidavit and Power of Attorney
• Notarization
• Family Law
• Corporation / Commercial Transactions
• Franchise Closing
Avni Shah
B.A., JD
Barrister & Solicitor
ashah@sslawyers.ca
Tel : 416-818-4000
Fax : 416-740-4002
1780 Albion Road, Unit # 8, Toronto Ontario M9V 1C1

# કેનેડામાં વણથંભ્યો કોરોના, ૬૬૦૨ને ચેપ, ૧૭૮ના મોત

## સૌથી વધુ ઓન્ટેરિયામાં ૩૫૧૯ કેસ મળ્યા, દેશમાં ૮૪૭ દર્દીઓની હાલત ક્રિટીકલ, એક્ટિવ કેસની સંખ્યા ૮૦૩૩૦ નોંધાઈ

ટોરોન્ટો : કેનેડામાં કોરોના સંક્રમણ અટકવાનું નામ જ લેતું ન હોય તેમ ગુરુવારે સાંજ સુધીના છેલ્લાં ૨૪ કલાકમાં દેશના વધુ ૬૬૦૨ નાગરિકો વાયરસની ચપેટમાં આવી ગયા હતા. જયારે ૧૭૮ દર્દીઓના કોરોનાને કારણે મોત થયા હતા. મોડી સાંજે પણ દેશમાં એક્ટિવ કેસની સંખ્યા ૮૦૩૩૦ નોંધાઈ હતી. જે પૈકી ૮૪૭ લોકોની હાલત અત્યંત ગંભીર હોવાનું જાણવા મળ્યું હતુ.

ગુરુવારે ઓન્ટેરિયોમાં સૌથી વધુ ૩૫૧૯ લોકો કોરોનાથી સંક્રમિત થયા હતા. આ સાથે જ અહીં ૮૯ દર્દીના સારવાર દરમિયાન મોત થયા હતા. ક્યૂબેકમાં નવા ૨૫૧૯ લોકો વાયરસને ચપેટમાં આવવા ઉપરાંત અહીં ૭૪ લોકોના મોત કોરોનાને કારણે થયા હતા. એ જ રીતે નોવો સ્કોસીયામાં નવા ચાર કેસ અને ન્યુ બ્રુન્સવીકમાં નવા ૨૪ કેસ નોંધાયા હતા. મોનીટોબામાં વધુ ૨૦૮ નાગરિકો કોરોનાની ચપેટમાં આવ્યાના અહેવાલો મળ્યા છે. આ ઉપરાંત સાસ્કેચવાનમાં ૩૩૪ લોકોને કોરોના થયાની પૃષ્ટિ થઈ હતી. કેનેડામાં અત્યાર સુધીમાં ૬,૩૩,૪૦૨ કેસ કોરોના પોઝિટિવ નોંધાઈ ચૂક્યા છે. જે પૈકી ૫,૩૬,૫૨૫ દર્દીઓને સાજા કરવામાં સફળતા મળી છે. જો કે હજી પણ કોરોનાનું સંક્રમણ યથાવત રહેતા સરકાર અને આરોગ્ય વિભાગ સતત દોડધામ કરી રહ્યા છે.

## કેનેડા આવનારા વિમાની પ્રવાસીઓ માટે કોવિડ ટેસ્ટીંગનો નિયમ અમલી



### નેગેટિવ રિપોર્ટ હોય તો પણ કેનેડા આવનાર પ્રવાસીએ ૧૪ દિવસ ક્વોરોન્ટાઈન રહેવું પડશે

ઓટાવા : સાતમી જાન્યુઆરીથી કેનેડામાં આવનારા કોઈ પણ વિમાની પ્રવાસીએ કોરોના નેગેટિવ ટેસ્ટ રિપોર્ટ બતાવવો જરૂરી બનશે. જે ફલાઈટમાં બેસતા પહેલાનો હોવો જોઈશે. પાંચ વર્ષ અને તેથી વધુ વયના પ્રવાસીઓએ નેગેટિવ પીસીઆર ટેસ્ટ નિર્ધારિત પ્રવાસના ૭૨ કલાકમાં કરાવવો જરૂરી છે અને એ

વિમાનમાં બેસતા પહેલા એરલાઈનને આપવો પડશે. આ જાહેરાત સરકારે મંગળવારે કરી હતી, કેમકે લિબરલ પાર્ટીએ વેકેશન માણવા વિદેશ પ્રવાસે ગયેલા કેનેડિયનોને તૈયારી માટે સમય મળે એવી માંગણી કરી હતી. જો કે, નેગેટિવ રિપોર્ટ હોય તો પણ પ્રવાસીઓએ કેનેડા આવ્યા બાદ ૧૪ દિવસનો કવોરન્ટાઈન પાળવો પડશે.

કેનેડા પહોંચ્યા બાદ તેમણે ફેડરલ અધિકારીઓ સમક્ષ પોતાનો કવોરન્ટાઈન પ્લાન જણાવવો પડશે. જો એ સંતોષકારક ન જણાય તો તેમણે સરકારી કવોરન્ટાઈન સુવિધાનો ઉપયોગ કરવો પડશે. ૨૦૨૧ શરૂ થાય એના થોડા કલાક પહેલા જારે કરાયેલા નિવેદનમાં જણાવવામાં આવ્યું હતું કે વિદેશમાં વેકેશન ગાળી રહેલા કેનેડિયનો કોવિડ -૧૯ ટેસ્ટ કરાવી લે. જેથી તેમના પરત ફરવાના સમયમાં વિલંબને ટાળી શકાય. કેનેડાના કેબિનેટ મિનીસ્ટરોએ અન્ય દેશોની જેમ જ પીસીઆર ટેસ્ટને પ્રવાસ માટે આવશ્યક ગણાવવાનું નક્કી કર્યાના બીજા દિવસે આવેલા નિવેદનમાં જણાવાયું હતું કે, આ ટેસ્ટ નોવેલ કોરોના વાઈરસનું સચોટ નિદાન કરનારો હોવાથી એને આવશ્યક બનાવાયો છે. ટ્રાન્સપોર્ટ મિનીસ્ટર માર્ક ગ્રેનેઉએ બુધવારે એરલાઈન્સ સાથે મુલાકાત યોજી સરકારના નિર્ણયની સવિસ્તર જાણ કરી હતી. સરકારના આ નવા નિયમો માત્ર હવાઈ પ્રવાસીઓ માટે જ છે.

## પ્રવાસ બિનજરૂરી હોય તો પણ ક્વોરન્ટાઈન ખર્ચ માટે ૧૦૦૦ યુએસ ડોલર મેળવી શકાશે

- લાભ મેળવવા ઈચ્છતા નાગરિકે પોતે પગારી રજા મેળવી ન હોવાનું પુરવાર કરવું પડશે

ટોરોન્ટો : જે કેનેડિયનને વિદેશ પ્રવાસ બાદ ફરજિયાત કવોરન્ટાઈન પાળવું પડયું હોય એ હવે ફેડરલ સરકારના કેનેડા રિકવરી સિકનેસ બેનિફીટ (સીઆરએસબી) માટે અરજી કરી શકશે. ભલે પછી એમનો પ્રવાસ બિનજરૂરી કેટેગરીનો કેમ ન હોય. આ જાહેરાત કેનેડાના પબ્લિક સર્વિસ મિનીસ્ટર કાર્લા કવાલટ્રોના પ્રેસ સેક્રેટરી મેરેલી હોસાકે શનિવારે પ્રગટ થયેલા ઈન્ટરવ્યુમાં કરી હતી. સીઆરએસબી નોકરી કરનારાઓની આવકમાં કવોરન્ટાઈનને કારણે ગયેલી ખોટને સરભર કરવા ૫૦૦ ડોલર પ્રતિ સપ્તાહના હિસાબે બે સપ્તાહનું વળતર આપે છે. આ લાભ મેળવવા અરજદારે પોતે નિર્ધારીત કરેલા સાપ્તાહિક કામના પચાસ ટકા સમય સુધી કામ કોવિડ-૧૯ના કવોરન્ટાઈનને કારણે ન કર્યુ હોવાનું અને એ દરમિયાન પગારી રજા ન મળી હોવાનું પુરવાર કરવું પડશે. જો કે, જે લોકોએ બિનજરૂરી પ્રવાસ બાદ કવોરન્ટાઈન પાળ્યો હોય તેમને પણ જરૂરિયાતો પૂર્ણ કરે તો આ લાભ મળી શકશે એમ હોસાકે જણાવ્યું હતું. તેમણે કહ્યું હતું કે, આ લાભ એવા કામદારો માટે છે જે પોતાના ઘરે રહેવા માંગતા હોય. જો કે, અમે તેમને બિનજરૂરી પ્રવાસ ટાળવા અવારનવાર ચેતવતા હોઈએ છીએ. કેનેડામાં પ્રવેશનારા દરેકે ફરજિયાત બે સપ્તાહનો કવોરન્ટાઈન પાળવો જરૂરી બન્યો છે.

## સાસ્કેચવાનના લોંગટર્મ કેરહોમમાં રહેનારી ૧૦૬ વર્ષીય મહિલાએ કોવિડને મ્હાત આપી

- સમયસરની સારવાર અને રોગપ્રતિકારક શકિતને કારણે સાજા થવામાં વૃદ્ધા સફળ રહી



સાસ્કેચવાન : જયારે બેવલી સ્મિથને જાણ થઈ કે, એની ૧૦૬ વર્ષની માતા રૂબેના વેન્ઝેલને કોરોનાનો ચેપ લાગ્યો છે ત્યારે એ ખૂબ ચિંતામાં પડી ગઈ હતી.ગયા મહિને તેને આ જાણ થઈ હતી. ત્યારબાદ તરત જ વેન્ઝેલને કવોરન્ટાઈન કરી દેવાઈ હતી. જો કે, એ સમય એની દિકરી માટે ઘણો કપરો હતો. કેમકે આટલી મોટી ઉંમરે આવો ચેપ લાગે તો બચવાની શકયતા ઓછી થઈ જતી હોય છે. વળી, સ્મિથ ઓકલાહામામાં રહે છે. અને માતા સાથે માત્ર વિડીયો ચેટથી જ સંપર્કમાં રહેતી હતી. પરંતુ કવોરન્ટાઈનના સમયમાં એ પણ થઈ શકતું નહોતું. પરંતુ જેમ જેમ સમય વીત્યો એની માતાની સ્થિતિમાં સુધારો થતો ગયો.સમયસરની સારવાર અને વેન્ઝેલની રોગપ્રતિકારક શકિતને કારણે એ કોવિડ -૧૯ને મ્હાત આપીને સાજી થઈ ગઈ છે. તેણે ૧૯૧૮માં સ્પેનિશ ફલુની મહામારી સમયે પણ પોતાને બચાવી હતી અને બે વિશ્વયુદ્ધો પણ જોયા છે. ક્રિસમસ પૂર્વે જ આ સારા સમાચાર મળવાથી સ્મિથને ઘણી ખુશી થઈ હતી.


કથા,હવન,ગાયત્રી યજ્ઞ,
વાસ્તુ પૂજન,ગ્રહશાંતિ,
જીટીએમાં દરેક જગ્યાએ
અમો સેવા આપીએ છીએ.
કાલસર્પ યોગ શાંતિ,નક્ષત્ર શાંતિ,
વગેરે ધાર્મિક કાર્યો અને લગ્ન,
બેબી શાવર, જેવા કાર્યો માટે
સંપર્ક કરો.

શશીકાંત ભટ્ટ
૯૦૫ ૪૫૬ ૭૬૨૨
Shashikant Bhatt
Home: 905-456-7622
Cell: 416-258-2750



The North Star Insurance Inc.
For all your Insurance & Investment needs
Start Education Saving Plan for your kid's education
Get up to $7200 Grant (CESG) * Get up to $2000 Grant CLB
Get up to 15% Extra Bonus on your contribution *(Condition Apply)
Start Retirement Saving Plan & Get the benefit of
* Tax Deduction * Tax Free Growth
* Retirement Income * Spousal RRSP
* First home buyers plan * Education costs for you/your spouse
Life Insurance
Critical Illness Insurance
Disability Insurance
Visitors Insurance
Travel Insurance
Super Visa Insurance
Call today for a free no obligation quote
Jagdish Patel (President, insurance Advisor) 647-470-1673 northstar.inc19@gmail.com
Jagruti Patel (Insurance Advisor) 647-831-7045 advisorjpatel@gmail.com
Hiring new & experienced insurance advisor
Better Commission package
Weekly product training
One on one basis support
Full flexibility








# પ્રવાસ વિવાદ: અલ્બર્ટાના મંત્રી સહિત અનેકના રાજીનામા

## પ્રતિબંધ છતાં અનેક ચુંટાયેલા પ્રતિનિધિઓએ ક્રિસમસ દરમિયાન પ્રવાસ ખેડ્યો, પાંચ ધારાસભ્યોને પદભ્રષ્ટ કરાયા

અલ્બર્ટા : અલ્બર્ટાના પ્રિમીયર જેસોન કેનીએ ગ્રાન્ડે પ્રેઈરીના ધારાસભ્ય ટ્રેસી એલાર્ડનું મ્યુનિસીપલ અફેર્સ મિનીસ્ટર પદેથી અને એમના ચીફ ઓફ સ્ટાફ જેમી હકબેના રાજીનામા સ્વીકારી લીધા હતા. એ બધા હવે કેનેડાના એવા રાજકારણીઓની યાદીમાં સામેલ થઈ ગયા છે જેમણે પ્રતિબંધ હોવા છતાં વિદેશ પ્રવાસ કર્યા છે. જેમાં ઓન્ટેરિયોના પૂર્વ નાણાંમંત્રી રોડ ફિલીપ્સ, પ્રોગ્રેસીવ કન્ઝર્વેટીવ, લિબરલ એમપી કમલ ખેરા અને ન્યુ ડેમોક્રેટ એમપી નીકી એસ્ટોનનો સમાવેશ થાય છે. કેનીએ સોમવારે પોતાની ફેસબુક પોસ્ટમાં જણાવ્યું હતું કે, તેમણે અન્ય પાંચ યુનાઈટેડ કન્ઝર્વેટીવ પાટીના એમએલએને પણ પદભ્રષ્ટ કર્યા છે. જેમણે રજાઓમાં વિદેશ પ્રવાસ કર્યો હતો. કેલગેરી કલેઈનના એમએલએ જેમી નિક્ષાનને તેમના પાર્લામેન્ટરી સેક્રેટરી ફોર સિવીલ સોસાયટીના પદેથી હટાવ્યા છે. જયારે રેડ ડીયર



સાઉથના એમએલએ જેસન સ્ટીફનને ટ્રેઝરી બોર્ડમાંથી હટાવી દેવાયા હતા. કેલગેરી પેગાન્સના ત્રણ એમએલએ તાન્યા ફર, ફોર્ટ મેકમુરે વુડના ટેની યાઓ અને સ્લેવ લેકના પેટ રેનને લેજીસ્લેટર કમિટીમાંથી પદભ્રષ્ટ કરાયા છે. ટ્રાન્સપોર્ટેશન મિનીસ્ટર રીક મેકલેવર હવે મ્યુનિસીપલ અફેર્સનો હોદ્દો સભાળશે અને વર્તમાન પ્રિન્સીપલ સેક્રેટરી લેરી કોમેયર વચગાળાના ચીફ ઓફ સ્ટાફનો કાર્યભાર સંભાળશે. તેમણે કહ્યું હતું કે અલ્બર્ટાના હજારો લોકોએ છેલ્લા દસ મહિનામાં સામાજિક સુરક્ષા માટે સાચુ યોગદાન આપ્યું હોય અને જાહેર જીવનના નેતાઓ બેજવાબદાર વર્તન કરે તો નાગરિકો રોષ વ્યકત કરે એ સ્વાભાવિક છે. કેનીનું આ નિવેદન અલ્બર્ટાના નેતાઓના વેકેશન પ્રવાસ વિશે જાહેરમાં ટીકા થતી હોય એવા સમયે આવ્યું હતું.

# ટેમ્પરરી રેસીડેન્ટસને સ્ટેટસ જાળવી રાખવા વધારાનો સમય ફાળવાયો

### • ૩૦મી જાન્યુઆરી કે ત્યારબાદ મુદત પૂર્ણ થતી હોય તો ૩૧મી ઓગષ્ટ સુધી અરજી કરી શકશે

ઓન્ટેરિયો : કેનેડિયન ઈમિગ્રેશન વિભાગે ટેમ્પરરી રેસીડેન્ટસને વધુ સમય કેનેડામાં રહેવાની છૂટ આપી છે. નવા નિર્ણય મુજબ જે ટેમ્પરરી રેસીડેન્ટસની મુદત ૩૦મી જાન્યુઆરી, ૨૦૨૧ કે ત્યારબાદ પૂર્ણ થતી હોય તેમને પોતાનું સ્ટેટસ જાળવી રાખવાની અરજી કરવાની મુદત ૩૧મી ઓગસ્ટ, ૨૦૨૧ સુધી લંબાવી આપવામાં આવી હોવાનું કેનેડિયન સરકારની વેબસાઈટ ઉપર જણાવવામાં આવ્યું છે.

આ જાહેરાત ૧૪મી જુલાઈએ જાહેર કરાયેલી પોલીસી અંતર્ગત છે. જેમાં એ મુદત ૩૧મી ડિસેમ્બર, ૨૦૨૦ સુધીની હતી. જેને લંબાવવામાં આવી છે. જેની અસર એવા કામદારો, વિદ્યાર્થીઓ અને પ્રવાસીઓને થશે. જે તેમનું સ્ટેટસ પુરૂં થાય એ સમયે કેનેડામાં હતા. સામાન્ય રીતે તેમણે ૯૦ દિવસમાં પોતાનું ટેમ્પરરીનું સ્ટેટસ જાળવી રાખવા અરજી કરવાની હોય છે. પરંતુ કોરોના મહામારીને કારણે બધી સેવાઓ ખોરવાઈ ગઈ હોવાથી અસરગ્રસ્ત લોકો તેમની અરજી પણ આપી શકયા નહોતા. હવે તેમને ઓગસ્ટ સુધી અરજી કરવાની છૂટ કેટલીક શરતોને આધિન રહીને આપવામાં આવી છે. નવી પોલીસી મુજબ એવા લોકો જેઓ ૩૦મી જાનયુઆરી ૨૦૨૦થી ૩૧મી મે ૨૦૨૧ સુધીનું માન્ય સ્ટેટસ ધરાવતા હોય અને આવ્યા ત્યારથી કેનેડામાં જ રહ્યાં હોય અને તેમનું સ્ટેટસ ગુમાવી ચુકયા હોય, તેમણે એપ્લીકેશનની સાથે પ્રોસેસીંગ ફી પણ ચુકવવી પડશે. જો તે આમ કરશે તો જ તેમનું ટેમ્પરરી રેસીડેન્ટનું સ્ટેટસ મેળવી શકશે. આ નવી પોલીસી મુજબ વર્ક પરમીટ ધરાવનારાઓ જેમની પાસે જોબ ઓફર હોય અને એમની અરજી પ્રોસેસીંગમાં હોય તેમને સ્ટેટસ કે વર્ક પરમીટ મળે ત્યાં સુધી નોકરી શરૂ કરી દેવાની છૂટ પણ અપાઈ છે.

# ઓન્ટેરિયોની પહેલી કોવિડ ફિલ્ડ હોસ્પિટલ દર્દીઓ માટે ખુલ્લી મુકાઈ

ઓન્ટેરિયો : ઓન્ટેરિયોની સૌથી પહેલી કોવિડ ફિલ્ડ હોસ્પિટલ મહામારી દરમિયાન બનીને તૈયાર થઈ છે અને આ અઠવાડિયાથી કોવિડ-૧૯ના દર્દીઓને સારવાર આપવાનું શરૂ થયું છે. ઓન્ટેરિયોના બર્લિંગ્ટનમાં તૈયાર થયેલી આ હોસ્પિટલ જોસેફ બ્રાન્ટ હોસ્પિટલના સંકુલમાં આવેલી છે જે સોમવારથી દર્દીઓની સારવાર આપી રહી છે. હોસ્પિટલના સૂત્રોએ જણાવ્યું હતું કે, વધતા જતા કોવિડના કેસોને કારણે દક્ષિણ ઓન્ટેરિયોમાં આવેલી હોસ્પિટલો પર કામનું દબાણ વધી રહયું હતું. જેને પગલે પહેલી કોવિડ ફિલ્ડ હોસ્પિટલ શરૂ કરવામાં આવી છે. જેમાં દર્દીઓના સંબંધીઓની મંજુરી બાદ જ સારવાર શરૂ થાય છે. દક્ષિણ ઓન્ટેરિયોમાં હેમિલ્ટન, નાઈગ્રા, હેલ્ડીમન કાઉન્ટી અને બર્લિંગ્ટિનનો સમાવેશ થાય છે. હેમિલ્ટન હેલ્થ સાયન્સીસના સીઈઓ રોબ મેકઈસાકે કહ્યું હતું કે, પહેલી ફિલ્ડ કોવિડ હોસ્પિટલ શરૂ થવી જરૂરી હતી. કેમકે એનાથી હેલ્થ કેર સિસ્ટમની ક્ષમતા વધી શકી છે. આ વિસ્તારના દર્દીઓને ઓળખી લઈને એમની ઝડપી સારવાર થાય એ મહત્વનું હતું. આ એવી હોસ્પિટલ છે જયાં કોવિડના દર્દીઓને ઘરમાં મળી ન શકે એવી સારવાર આપી શકાય છે.

**દક્ષિણ ઓન્ટેરિયામાં કોવિડની સારવાર ક્ષમતામાં વધારો થશે**

# ભારતમાં કોરોનાની રસીને ઉતાવળે મંજૂરી છતાં પણ જોખમો તો અકબંધ

## તંત્રી સ્થાનેથી



તંત્રી - પ્રકાશક
સ્વદેશ

દુનિયામાં કોરોનાની બીજી લહેર અને બ્રિટનમાં મળેલા કોરોનાના નવા સ્ટ્રેનને પગલે હવે રસીની મંજૂરી પણ ટપોપટ મળવા માંડી છે. અત્યાર સુધીમાં કોરોનાની અગિયાર રસીને વિવિધ દેશોએ મંજૂરી આપી છે. ક્યાંક મર્યાદિત મંજૂરી મળી છે, તો ક્યાંક મોકળા મને રસી વપરાતી થઈ છે. એટલે હવે આ વર્ષમાં જગતને રસીનો પર્યાપ્ત જથ્થો મળવાની આશા બંધાઈ છે. કોઈ પણ ચેપી રોગ માટે રસીએ લગભગ રામબાણ કહી શકાય એવો ઈલાજ છે. રસીનું મૂળ કામ થયેલા રોગને મટાડવાનું નથી, પણ રોગ થાય જ નહીં એ માટે પહેલેથી શરીરમાં રોગપ્રતિકારક શક્તિ પેદા કરવાનું છે. રોગ ફેલાવી શકે એવા જંતુ આપણી ચોતરફ છે, શરીરમાં છે અને શરીર બહાર પણ છે. એટલે રોગ થવાની શક્યતા સતત આપણે સાથે લઈને જ ફરીએ છીએ. સામે પક્ષે દરેક શરીરમાં રોગ સામે લડવાની રોગપ્રતિકારક શક્તિ પણ હોય છે. એટલે જેવા-તેવા રોગને શરીર ભાવ આપતું નથી. બેક્ટેરિયા-વાઈરસ જેવા જંતુનું કામ રોગચાળો ફેલાવાનું છે, રોગપ્રતિકારક શક્તિનું કામ તેને રોકવાનું છે.

નવો વાઈરસ આવે ત્યારે તેની રસી શોધવાની થાય પણ કોરોના વખતે થઈ એવી ઉતાવળ સામાન્ય રીતે કરવી પડી નથી. કેમ કે ભૂતકાળમાં કોરોનાની જેમ ઝડપથી ફરી વળે એવા વાઈરસો જોવા મળ્યા નથી. વળી, જૂના જમાનામાં વૈશ્વિક પરિવહન સુવિધા આજના જેટલી ઝડપી ન હતી, એટલે ઘાતક વાઈરસો પણ ઝડપથી ફેલાતા ન હતા. પરંતુ હવે સ્થિતિ વિપરિત છે. વાઈરસ, ફૂગ, બેક્ટેરિયા, પેરસાઈટ વગેરે શરીરમાં પ્રવેશે ત્યારે તેનો રોકવા માટે એન્ટિબોડી નામનું સૈન્ય તૈયાર હોય છે. જંતુના અનેક પ્રકાર છે, તેમ એન્ટિબોડીના પણ અનેક પ્રકાર છે. રસી બનાવાની મુખ્ય બે રીત છે. એક રીત છે, જેમાં જે-તે વાઈરસ કે બેક્ટેરિયાને અધમુઆ કરીને રસી તૈયાર કરવામાં આવે છે. એ રીતે તૈયાર થયેલી રસી વાઈરસ-બેક્ટિરિયા સામે રક્ષણ આપે છે. જેમ કે હિપેટાઈટિસ બીની રસી હિપેટાઈટિસના વાઈરસમાંથી જ તૈયાર થઈ હોય છે. પરંતુ એ વાઈરસ નુકસાન ન કરી શકે એ રીતે તેને પાંગળા કરી દેવાયા હોય છે. આ રીતે તૈયાર થયેલી રસી મુકાયા પછી ભવિષ્યમાં પણ જ્યારે વાઈરસ-બેક્ટેરિયા શરીરમાં ઘૂસવા જાય ત્યારે રસી તેને ત્યાં જ રોકી પાડે છે. બીજી રીત મોર્ડન છે. જેમાં જે-તે વાઈરસના જિનેટિક કોડની ઓળખ કરી, તેની નકલ બનાવવામાં આવે છે. એ નકલમાં એવો સુધારો કરાય કે જેથી વાઈરસ ફેલાતો અટકી શકે. આ રીત નવી છે અને દુનિયામાં કોઈ દેશે તેનો ઉપયોગ કરવાની મંજૂરી નથી આપી. રસી બનાવામાં વાર લાગવાનું એક કારણ આ છે, કે રસીની એક જ પદ્ધતિ આપણી પાસે છે. બીજી પદ્ધતિથી રસી તૈયાર થાય તો પણ મંજૂરી મળતા મહિનાઓ નીકળી જાય. હવે મેડિકલ સાયન્સ વિકસ્યું છે એટલે રસી સર્જનની નવી નવી રીતો વિકસી રહી છે.

રસી મળી ગઈ એટલે રોગ તુરંત નાબુદ થઈ જશે એવુ નથી. રસી આપ્યા પછી પણ કેટલાક શરીરમાં તો કોરોના અસરકારક બને એવું શક્ય છે. પોલિયોની રસી વર્ષો સુધી આપ્યા પછી હવે દુનિયામાં તેના કેસની સંખ્યા નહિવત થઈ છે. રસીથી જગતમાં એક જ રોગ સંપૂર્ણપણે નાબુદ થયો છે એ શીતળાનો. બાકી અનેક રોગની રસી અપાય છે, જે રોગચાળાને કાબુમાં રાખવાનું કામ કરે છે, તેને સાવ નાબુદ કરી શકતી નથી. કોરોના સામે મંજૂર થયેલી રસીઓ પૈકી અમુક રસી ૯૫ ટકા સફળ હોવાનો દાવો થાય છે. અમુક રસી ૭૦ ટકા સુધી સક્ષમ ગણાય છે. તેનો અર્થ એવો થાય કે આ રસી લીધા પછી ૯૫ ટકા સુધી રોગ થવાની શક્યતા નથી. ભારતમાં શુક્રવારે સેન્ટ્રલ ડ્રગ્સ સ્ટાન્ડર્ડ કંટ્રોલ ઓથોરિટી ઓર્ગેનાઈઝેશનની બેઠકમાં એક્સપર્ટ પેનલે સિરમ ઈન્સ્ટિટ્યૂટની કોરોના રસી કોવિશીલ્ડને શરતોને આધિન ઉપયોગ કરવાની મંજૂરી આપી હતી. જે બાદ સીડીએસસીઓએ કરેલી ભલામણ અંગે ડ્રગ્સ કંટ્રોલર જનરલ ઓફ ઈન્ડિયા કેટલા દિવસમાં નિર્ણય લે છે તેના પર બધો આધાર હતો. રવિવારે ડીસીજીઆઈએ સિરમની રસીને તો મંજૂરી આપી જ દીધી પણ સાથે સાથે આશ્ચર્યજનક રીતે બાયોટેક દ્વારા વિકસાવાયેલી રસીને પણ મંજૂરી આપી હતી. એટલે કે ભારતમાં એક સાથે બબ્બે રસીને મંજૂરી મળી ગઈ છે.

સિરમ ઈન્સ્ટિટ્યૂટની રસી કોવિશીલ્ડ તો સંપૂર્ણપણે વિદેશી છે અને તેનું ઉત્પાદન જ ભારતમાં થવાનું છે. કોવિશીલ્ડ રસી બ્રિટનની જેનર ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઓક્સફર્ડ યુનિવર્સિટી અને બ્રિટિશ-સ્વિડિશ ફાર્મા કંપની એસ્ટ્રેજેનેકાએ વિકસાવેલી છે. કોવિશીલ્ડને બ્રિટનમાં પહેલા જ મંજૂરી મળી ગઈ હતી અને બ્રિટનમાં ઉપયોગમાં લેવાનારી આરોનાની આ રસીનું ઉત્પાદનનું કામ પુનાની સિરમ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયાને અપાયું છે. સિરમ ઈન્સ્ટિટ્યૂટ દુનિયામાં વેક્સિનના ઉત્પાદનમાં નંબર વન છે. સિરમને પણ આ જ રીતે કોવિશીલ્ડ રસી બનાવવાનો કોન્ટ્રાક્ટ અપાયો છે. બાકી આ રસી પણ સંપૂર્ણ વિદેશી છે અને તેના પર માત્ર મેઈડ ઈન ઈન્ડિયાનો ઠપ્પો લાગશે.

ભારત બાયોટેક પણ આ રીતે જ વિદેશના કોન્ટ્રાક્ટ પર નભતી કંપની છે. આ રસી કંપનીએ અમેરિકાની જાયન્ટ ફાર્મા કંપની ફ્લુજેન અને યુનિવર્સિટી ઓફ વિન્સ્કોસિન-મેડિસન સાથે મળીને વિકસાવી છે. આ રસીના ટ્રાયલ આઈસીએમઆર દ્વારા કરાયા છે એ પણ કારણ છે પણ કોવેક્સિન પણ સંપૂર્ણ સ્વદેશી નથી જ. જો કે અત્યારે બધું ગ્લોબલ થઈ ગયું છે ત્યારે સ્વદેશી કે વિદેશી એવો કોઈ મુદ્દો મહત્ત્વનો નથી. આપણે બધું વિદેશી વાપરીએ છીએ ત્યારે કોરોનાની રસી પણ વિદેશી હોય તેનાથી બહુ ફરક પડી જવાનો નથી. મૂળ મુદ્દો કોરોના સામે આ રસી કેટલી અસરકારક નિવડે તેનો છે. કોરોનાની રસીને ઉતાવળે મંજૂરી આપવા સામે મેડિકલ નિષ્ણાતો ચેતવ્યા જ કરે છે પણ હવે સવાલ પણ રહેતો નથી. કૉંગ્રેસના નેતા શશી થરૂરે પણ કોરોનાની રસીના થર્ડ ફેઝના ટ્રાયલ પત્યા વિના મંજૂરી આપવા સામે વાંધો લીધો છે. મોદી સરકાર લોકોની જીવ સાથે રમત રમી રહી હોવાના આક્ષેપ પણ થરૂરે કર્યા છે. થરૂરે કેન્દ્રીય આરોગ્ય પ્રધાન ડો. હર્ષવર્ધનને અપીલ પણ કરી છે કે, કોવેક્સિનને ઉતાવળે મંજૂરી અપાઈ એ ખતરનાક સાબિત થઈ શકે છે. કેમ કે તેના ત્રીજા તબક્કાનું ટ્રાયલ બાકી છે. ભારત પાસે ઓક્સફર્ડની રસી છે જ એ જોતાં તેનાથી રસીકરણ શરૂ કરો અને કોવેક્સિનના ટ્રાયલ પૂરા થાય ત્યાં સુધી રાહ જુઓ. થરૂરની વાત સાચી છે કેમ કે આપણી પાસે બીજી રસી છે જ ત્યારે જેના ટ્રાયલ બાકી છે એ રસીનો અખતરો લોકો પર કરવાથી દૂર રહેવું જોઈએ. જો કે મોદી સરકાર કોરોનાની રસીનો ડોઝ લોકોને આપવા ઉતાવળી થઈ છે તેથી એ હવે પાછી વળે એમ નથી. એટલે હવે કોરોનાની રસી લીધા પછી કોઈ આડઅસરનો ભોગ ના બને એ જ મુખ્ય મુદ્દો છે. ડીસીજીઆઈએ ભારત બાયોટેક અને સિરમની રસીને માન્યતા આપતી વખતે કેટલીક ચેતવણીઓ આપી છે. આ રસીના કારણે તાવ આવવો, માથું દુઃખવું કે બીજી સામાન્ય તકલીફો રહેશે એવી સ્પષ્ટતાઓ ડીસીજીઆઈએ કરી જ છે. આ બધી સામાન્ય વાતો છે કેમ કે કોઈ પણ રસી આપો ત્યારે એવું થતું જ હોય છે. ભારતમાં અપાનારી રસીમાં મોટી કોઈ કોઈ તકલીફ ના થાય એવી આશા રાખી શકાય. કોરોનાની રસીના મુદ્દે કેટલાક ગપગોળા પણ ચાલે છે. ચોક્કસ ધર્મનાં લોકોમાં એવી વાતો ચાલી છે કે, આ રસીથી નપુંસકતા આવી જાય છે તેથી રસી લેવાથી દૂર રહેવું. આ પ્રકારની વાતોને ગંભીર ના ગણવી જોઈએ અને આવા ગપગોળાને મહત્ત્વ પણ ના આપવું જોઈએ.

manoj1968@yahoo.ca






# ગોવર્ધનથાળ

## સ્વાદિષ્ટ શુદ્ધ શાકાહારી ગુજરાતી ભોજન

**Weekend Special**

રગડા પેટિસ, પાંઉભાજી, છોલેપુરી, કટલેસ, ખાસ્તા કચોરી, સેવ ઉસળ, સમોસા ચાટ

**Takeout & Catering**

Limited થાળી (with sweet & Farsan) $8.00 +Tax

Limited થાળી (without sweet & Farsan) $6.50 +Tax

**CATERING SPECIAL**

$ 7.99 10 items +Tax

Sweet, Farsan, Subji, Kathor, Puri, Dal, Rice Papad, Pickle, Kachumber



Franchise Opportunity in GTA

રસોઈકામ કરી શકે તેવા બહેનોની જરૂર છે.

Call us for details

ફોન નં: ૪૧૬-૪૩૮-૦૫૪૪

૪૧૬-૫૨૦-૨૯૨૨, ૪૧૬-૪૩૪-૮૧૨૧

૮૪૦, માર્ખમ રોડ, સ્કારબોરો, ઓન્ટેરીયો, કેનેડા, M1H2Y2



દેશ–વિદેશથી ટોરન્ટો ભણવા આવતા ગુજરાતી (વેજીટેરીયન) સ્ટુડન્ટ, ભાઈઓ તથા બહેનોની ખાસ સગવડ માટે તુષાર શાહ તથા ગોવર્ધન થાળ શરૂ કરે છે

# ગુજરાત ભવન

જેમાં આપને સ્પેશિયલ રૂમ, શેરીંગ રૂમ, ગુજરાતી વેજીટેરીયન ભોજન, પ્રાઈવેટ બેડ, Wi Fi ઈન્ટરનેટ વગેરે સગવડો આપવામાં આવશે.



Quarantine Special Package

$50 Per Day



Knights Inn & Suites

Every Knight, Just Right®

Call : Tushar Shah - 416-434-8121

ગુજરાત ભવન - 416-913-7184

4694 Kingston Road, Scarborough.

# રજા દરમિયાન કોવિડની માર્ગદર્શિકાનું ધરાર ઉલ્લંઘન

## ૪૮ ટકા લોકોએ રજામાં બહારના મિત્રો અને સંબંધીઓ સાથે મુલાકાત કરી, સરકારની નીતિઓમાં લોકોને વિશ્વાસ નહીં

ઓટાવા : તાજેતરમાં હાથ ધરાયેલા એક સર્વેક્ષણમાં જાણવા મળ્યું હતું કે, લગભગ અડધો અડધ કેનેડિયનોએ શિયાળાની રજાઓ દરમિયાન મિત્રો અને પરિવાર સાથે મળીને કોવિડ -૧૯ના નિયમોનો ભંગ કર્યો હતો. લેજર અને એસોસિયેશન ફોર કેનેડિયન સ્ટડીઝે હાથ ધરેલા સર્વેક્ષણમાં જાણવા મળ્યું હતું કે ૪૮ ટકા લોકોએ તહેવારોની રજામાં બહારના મિત્રો અને સંબંધીઓને મળવાનું ગોઠવ્યું હતું. જયારે પર ટકા લોકોએ એમ કરવાનું ટાળ્યું હતું. જાહેર આરોગ્ય અધિકારીઓએ કેનેડીયનોને રજાઓમાં બહાર નહીં નિકળવા વિનંતી કરી હતી. જેથી કોવિડ-૧૯ના વધી રહેલા કેસો પર નિયંત્રણ લાવી શકાય. પરંતુ એની કેનેડિયનો પર ખાસ કોઈ અસર થઈ નહોતી એમ લેજરના વાઈસ પ્રેસીડેન્ટ ક્રિસ્ટીયન બોરોકયુએ કહ્યું હતું. તેમણે એમ પણ કહ્યું હતું કે, સામાન્ય રીતે આપણે કેનેડિયનો શિસ્તબધ્ધ ગણાઈએ છીએ. પણ જયારે તહેવારોની રજાની વાત આવે ત્યારે આપણું વર્તન સાવ બદલાઈ



જતું હોય છે. જેમણે રજાઓમાં બહાર ગયાનું કબુલ્યું હતું એ પૈકી ૩૪ ટકાએ એકાદ વાર બહાર ગયાનું, ૧૨ ટકાએ બેથી ત્રણવાર ગયાનું અને બે ટકા એ વારંવાર ગયાનું કબુલ્યું હતું. કોવિડ-૧૯ના કેસોની સંખ્યા વધી રહી છે ત્યારે સર્વેક્ષણ જણાવે છે કે, ભાગ લેનારા ૬૨ ટકા લોકોને આવનારા સપ્તાહોમાં કોવિડ -૧૯ ઉપર નિયંત્રણ લાવવાની કેનેડા સરકારની ક્ષમતા પર ખાસ વિશ્વાસ નહોતો. જો કે આ અગાઉ એવું તારણ સામે આવ્યું હતું કે કેનેડિયનો ૨૦૨૧ માટે ભારે આશાવાદી છે. પરંતુ ૨૦૨૦ના અંતિમ દિવસોમાં ચિત્ર બદલાઈ ગયું હતું.

વેકસીન આવવામાં વિલંબ થઈ રહ્યોં હતો અને કેસ વધી રહ્યાં હતા એટલે સત્તાવાળાઓએ ક્રિસમસના વેકેશન સમયે વધારાના પ્રતિબંધો લાદવા પડયા હતા. જેને કારણે કેનેડિયનોનો મુડ પણ બદલાઈ ગયો હતો. તેમણે કહ્યું કે લોકોએ એ વિચારવાની જરૂર છે કે આપણે ટૂંકા સમયમાં કેટલું કરી શકીએ છીએ. મહામારી દરમિયાનના દરેક સર્વેક્ષણમાં લેજરે કેનેડીયનોને તેમના માનસિક સ્વાસ્થ્ય વિશે પુછવામાં આવતું હતું. છેલ્લા સર્વેક્ષણમાં તો માત્ર ૩૩ ટકાનું માનસિક સ્વાસ્થ્ય સારૂં હોવાનું જાણવા મળ્યું હતું.

# કેનેડાના હાઉસિંગ સેકટરમાં ચાલુ વર્ષે મુશ્કેલીઓ વચ્ચે ફેરાફારના એંધાણ

- મંદી અને તેજીની બાબતોમાં નિષ્ણાંતો વચ્ચે મતમતાંતરો

ઓન્ટેરિયો : છેલ્લા દાયકાઓના સૌથી મોટા સ્લો ડાઉનની વચ્ચે મકાનોની વેચાણ કિંમતમાં જે વધારો કેનેડાના શહેરોમાં ૨૦૨૦માં જોવા મળ્યો છે એ બીજા દેશો જેવો જ છે. કેનેડામાં સરેરાશ મકાનની કિંમતમાં અંદાજે ૧૩.૮ ટકાનો વધારો જોવા મળ્યો છે આ વર્ષના અંતે આવનારા કેનેડાના હાઉસિંગ માર્કેટ વિશેના વર્તારામાં ભાવ વધારામાં ઝડપ અને હાઉસિંગ સેકટરમાં વધુ માંગની આગાહી જોવા મળે તો કોઈ નવાઈ નથી. જો કે બજારમાં મંદીની આશંકા પણ જોવા મળી રહી છે. જો કે એને કોઈ સ્વીકારી શકતું નથી. આમ જોવા જઈએ તો વર્તારો કરનારા બે અલગ અલગ ફાંટા જોવા મળે છે. એક વર્ગ એવું માને છે કે હાઉસિંગ માર્કેટમાં જોવા મળતી તેજી આવનારા વર્ષમાં કાયમ રહેશે. કેમ કે, મોર્ગેજ રેટમાં થયેલા ઘટાડાને કારણે વધુ લોકો મકાન ખરીદવા તૈયાર થશે. જો સરકાર એ લાભ અધવચ્ચે અટકાવી દેશે તો લોકો મુશ્કેલીમાં મુકાઈ શકે છે. જો કે, રિયલ એસ્ટેટના કેટલાક જુથો મકાનોની કિંમતમાં ૯.૧ ટકાનો ઉછાળો વર્ષ ૨૦૨૧માં જોઈ રહ્યાં છે. ઓન્ટેરિયોમાં તો ૧૬.૩ ટકા અને કયૂબેકમાં ૧૩.૬ ટકાનો ઉછાળો હોવાની શકયતા પણ જોઈ રહ્યાં છે. ડિસેમ્બરના મધ્યમાં પ્રકાશિત અહેવાલમાં સીઆરઈએ એ જણાવ્યું હતું કે, અત્યારના વર્તારા મુજબ માર્કેટની તેજી આવનારા વર્ષમાં પણ જળવાઈ રહેશે અને બધા પ્રાંતોમાં વધતા ઓછા અંશે તેજી જ જોવા મળશે.







# ગુજરાતમાં કોરોનાના નવા ૬૬૭ કેસ, ૩ના મોત

## ૨૪ કલાકમાં ૪૭ હજારથી વધુ ટેસ્ટ કરાયા, ૫૮ દર્દી વેન્ટીલેટર પર રખાયા, ૨,૩૭,૨૨૨ લોકો સાજા થયા

ગાંધીનગર : રાજ્યમાં કોરોનાની સ્થિતી દિવસેને દિવસે સામાન્ય થતી જાય છે. જો કે હવે ધીરે ધીરે કોરોના કાબુમાં આવી રહ્યો હોય તે પ્રકારે આંકડા ઘટી રહ્યા હતા અને એક સમયે કેસ ૭૦૦ની નીચે જતા રહ્યા છે. જો કે દિવાળી સમયે અચાનક કેસોની સંખ્યામાં ઉછાળો જોવા મળ્યો હતો. રાત્રી કર્ફ્યૂ બાદ સ્થિતી ધીરે ધીરે થાળે પડી રહી હોય તેમ આંકડા ધીરે ધીરે ઘટવા લાગ્યા છે. લાંબા સમય બાદ સતત કોરોનાના કેસનો આંકડો ૭૦૦ની નીચે આવ્યો છે. ગુરુવારે રાજ્યમાં નવા ૬૬૭ કોરોના દર્દી નોંધાયા હતા. રાજ્યમાં ૮૯૯ નવા દર્દીઓ સાજા થઈને ઘરે પરત ફરી ચુક્યા છે. અત્યાર સુધીમાં કુલ ૨૩૭૨૨૨ દર્દીઓ સાજા થઈ ચુક્યા છે. રાજ્યમાં દર્દીઓના સાજા થવાનો દર ૯૪.૯૨ ટકા થઈ ચુક્યો છે. રાજ્યમાં ટેસ્ટની સંખ્યામાં પણ દિન પ્રતિદિન વધારો કરવામાં આવી રહ્યો હોવાના દાવા સરકાર કરી રહી છે. ગુરુવારે રાજ્યમાં કુલ ૪૭૯૪૨ ટેસ્ટ કરવામાં આવ્યા હતા. જે રાજ્યની વસ્તી અનુસાર પ્રતિ દિવસ ૭૩૭.૫૭ પ્રતિ મીલીયન થાય છે. રાજ્યમાં અત્યાર સુધીમાં કુલ ૧૦૦૦૩૬૦૬ ટેસ્ટ કરવામાં આવ્યા છે. રાજ્યમાં જુદા જુદા જિલ્લાઓમાં છેક જાન્યુઆરીએ કુલ ૪૯૩૨૪૯ વ્યક્તિઓને ક્વોરન્ટાઈન કરવામાં આવ્યા છે. જે પૈકી ૪,૯૩,૧૩૪ વ્યક્તિઓને હોમ ક્વોરન્ટાઈન કરવામાં આવ્યા છે. જ્યારે ૧૧૫ વ્યક્તિઓને ફેસીલીટી ક્વોરન્ટાઈન રાખવામાં આવ્યા હોવાની માહિતી પ્રાપ્ત થઈ રહી છે. જો એક્ટિવ દર્દીઓની વાત કરીએ તો રાજ્યમાં હાલ ૮૩૫૯ એક્ટિવ કેસ છે. વેન્ટિલેટર પર ૫૮ છે. જ્યારે ૮૩૦૧ લોકો સ્ટેબલ છે. ૨૩૭૨૨૨ લોકોને ડિસ્ચાર્જ કરવામાં આવ્યા છે. અત્યાર સુધીમાં કુલ ૪૩૩૨ લોકોનાં મોત નિપજ્યા છે. ગુરુવારે ૩ લોકોનાં મોત નિપજ્યાં છે. જે પૈકી અમદાવાદ કોર્પોરેશનના ૨, સુરત કોર્પોરેશન ૧ દર્દી સહિત કુલ ૪ દર્દીઓનાં કોરોનાને કારણે મોત નિપજ્યાં છે.

### 33 જિલ્લા-કોર્પોરેશનોમાં મોક ડ્રાયરન

નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલે રાજ્ય સરકાર દ્વારા કોરોનાના રસીકરણ સંદર્ભે ગુજરાતે કરેલ આયોજનની વિગતો આપતાં કહ્યું કે, રાજ્યના 33 જિલ્લાઓમાં અને મહાનગરપાલિકાઓમાં મોપ-અપ ડ્રાયરન રાઉન્ડની કામગીરી પણ પૂર્ણ કરી દેવાઇ છે. આ ઉપરાંત કેન્દ્ર સરકાર દ્વારા જિલ્લાઓમાં આ ડ્રાયરનનું આયોજન કરવા જણાવાયું હતું.

### ગુજરાતમાં નવા સ્ટ્રેન કુલ ૧૮ કેસ થયા

યુકેથી પરત ફરેલા વડોદરાના ૩૨ વર્ષના યુવકનો કોરોનાના નવા સ્ટ્રેનનો રિપોર્ટ પોઝિટિવ આવતા વડોદરામાં યુકેના ખતરનાક કોરોનાની એન્ટ્રી થઇ છે. દરમ્યાન શંકાસ્પદ કોરોનાની સારવાર લઇ રહેલા દર્દીઓના મોતના આંકડા હજી ચિંતાજનક છે.છેલ્લા ચોવીસ કલાક દરમિયાન શહેર જિલ્લામાં શંકાસ્પદ કોરોનાની સારવાર લઇ રહેલા વધુ સાત દર્દીઓના મોત થયા છે.જ્યારે વધુ ૮૭ નાગરિકોના રિપોર્ટ પોઝિટિવ આવ્યા છે.અને સારવાર લઇ રહેલા ૧૧૫ દર્દીઓને ડિસ્ચાર્જ કરવામાં આવ્યા છે. શહેરનો ૩૨ વર્ષનો યુવક ૧૫ દિવસ પૂર્વે યુકેથી વડોદરા આવ્યો હતો. તે સમયે તેનો રિપોર્ટ નેગેટિવ હતો. ત્રણ દિવસ બાદ તેનામાં કોરોનાના શંકાસ્પદ લક્ષણો જણાતા છેલ્લા બાર દિવસથી ગોત્રી હોસ્પિટલમાં તેની સારવાર ચાલુ હતી. ગુજરાતમાં અત્યાર સુધીમાં કોરોનાના નવા સ્ટ્રેનના કુલ ૧૮ કેસ નોંધાયા છે.

### મુખ્યમંત્રી કાર્યાલયમાં વધુ આઠ કર્મચારીઓને કોરોના થતાં ફફડાટ

અમદાવાદ : પાટનગર ગાંધીનગરમાં સ્વર્ણિમ સંકુલમાં મુખ્યમંત્રી કાર્યાલયમાં કોરોનાએ ફરી એકવાર પગપેસારો કર્યો છે. દિલ્હીથી આવેલી ઇન્ટરનેશનલ ઓર્ગેનાઇઝેશન ફોર સ્ટાન્ડર્ડાઇઝેશનની ટીમે મુખ્યમંત્રી કાર્યાલયની મુલાકાત લીધી હતી ત્યાર બાદ કોરોનાનુ સંક્રમણ વધ્યુ હતુ તેવુ અનુમાન લગાવાઇ રહ્યુ છે. મુખ્યમંત્રી કાર્યાલયના વધુ આઠ કર્મચારીઓ કોરોનાથી સંક્રમિત થયા છે. છેલ્લા બે દિવસમાં કુલ ૧૯ કર્મચારીઓ કોરોનાની ચપેટમાં આવ્યા છે જેના કારણે તંત્ર દોડતુ થયું છે. ગુજરાતમાં કોરોના હવે ધીરે ધીરે કાબૂમાં આવી રહ્યો છે. હવે તો રોજ કોરોનાના કેસોનો આંક ઘટીને ૬૫૦ સુધી પહોંચ્યો છે. ગત સપ્તાહે ૩૧મી ડિસેમ્બરે ઇન્ટરનેશનલ ઓર્ગેનાઇઝેશન ફોર સ્ટાન્ડર્ડાઇઝેશનની ટીમે મુખ્યમંત્રી કાર્યાલયની મુલાકાત લીધી હતી.


Imperial PEST CONTROL
Residential • Commercial • Industrial
24 Hour Service • 7 Days a Week

Preventing the Spread of COVID-19 : Our disinfectant services that we offer are:
1 Spray Services 2 Fogging Services 3 Sanitation Services
All Pest Control:
Mouse & Rats, Cockroaches, Bedbugs, Silver Fish, Spiders & Fleas, Carpenter Ants. Total Interior & Exterior Pest Control
Removal:
Bees & Wasps, Pigeon, Squirrels, Raccoon, Skunk, Nest & Hive, Hornests, Yellow Jackets
First Time Customer gets 10% Off on your first home service *Mention this offer while booking
Free Estimates & Written Guarantee
Special Service For Bedbug Control

www.imperialpestcontrol.ca
info@imperialpestcontrol.ca
(We speak English, हिन्दी, ગુજરાતી)
Call: Ramesh Kanani 416-837-1820



SHARP INTERNATIONAL IMMIGRATION SERVICES
iccrc crcic
AMI MEHTA (SINP Authorized Rep)
Web: www.siis.ca E-mail: info@siis.ca
CANADA IMMIGRATION
Investor / Business visa expert | Agriculture / Farming
Self-start visa | Owner operator work permit
Business branch in Canada work permit
Child support worker (caregiver) Home support worker (Nanny)
EXPRESS ENTRY AND ALL PNP
STUDY VISA / SUPER VISA / VISITOR VISA (TRV)

AMI MEHTA (SINP Authorized Rep)
CANADA OFFICE 94-499 Main Street South; Brampton, Ontario, Canada.
VADODARA OFFICE 2/A, Wagheshwary Society, Vip Road, Vadodara.
India Cell: +91 94289 73911, +91 95121 57817, +91 78749 58758
Canada:. + 1 416 745 2466
Email.: info@siis.ca Website.: www.siis.ca



સ્વદેશ CANADA
Registration # 869127209
Publication Mail Agreement /
Email : info@swadesh.news
WWW.SWADESH.NEWS
Return Undeliverable Canadian Address To :
Shree Balaji Inc.
MAILING ADDRESS
23 Lyric Road, Brampton ON L6S 0B4.
416-996-7755
Registered Address
713, Markham Road, Scarborough M1H 2A8.
Editor & Publisher : Manoj Gandhi
Director : Nilesh Tailor
Sub Editor : Chhaya Gandhi
Montreal Bureau : Vijay Patel (514-826-7442)
Designed By Sabir Daroga, Mevada Piyush, Firoz Shaikh
GUJARAT OFFICE MAC AGENCIES : F-9, Jolly Square, Ram Chowk, Ghod-Dod Road, Surat – 395 001. GUJARAT ( INDIA)

Declaimer : Swadesh is a weekly newspaper published by Shree Balaji Inc. in Gujarati Language. The opinions expressed in Swadesh may not be those of the publisher. Contents of this publication are covered by copyright and offenders will be prosecuted under the law.

# રાજકોટમાં માનવતા શર્મશાર થઈ ગઈ વૃદ્ધાને ૧૦ વર્ષથી ઓરડીમાં કેદ રખાઈ

રાજકોટ: રાજકોટના સેવા સાથી ગ્રુપને જાણકારી મળી હતી કે, ધ્રોલમાં ધોબી શેરીમાં છેલ્લા ૨૦ વર્ષથી એક જ ઓરડીમાં એક પરિવાર પુરાયેલો રહે છે. જેમાં એક બહેન અને બે ભાઈઓ છે. આ પરિવારે વર્ષોથી સ્થાનિકો સાથેનો સંપર્ક કાપી નાંખ્યો છે. આખરે રાજકોટના સેવા સાથી ગ્રુપે આ પરિવારને ઉગારવા માટે નિર્ણય લીધો હતો. ગત તા. ૨૭ ડિસેમ્બરના રોજ સેવા સાથી ગ્રુપના સભ્યો પોલીસને જાણ કરીને ધ્રોલ ખાતે ધોબી શેરીમાં પહોંચ્યા હતા. જે બાદ તેઓએ તે મકાનમાં પ્રવેશ કર્યો હતો.



આ સમયે ઘરમાંથી બે ભાઈ અને એક બહેન મળી આવ્યા હતા. ૧૦ વર્ષ બાદ તેઓને ઘરમાંથી બહાર કાઢવામાં આવ્યા હતા. સાથી સેવા ગ્રુપ દ્વારા આ ત્રણેય ઉચ્ચ શિક્ષિત ભાઈ-બહેનની સારવાર શરૂ કરાઈ છે. તપાસ દરમિયાન આ મકાનમાંથી ૬૫ વર્ષના કંચનબેન મગનભાઈ પીપળીયા નામના વૃદ્ધા પણ મળી આવ્યા હતા. એકલવાયુ જીવન ગાળતા કંચનબેને પંદરેક વર્ષથી સ્નાન કર્યું ન હતુ. આ સાથે જ તેના વાળ પણ જટાની માફક આઠેક ફુટથી વધુ લાંબા થઈ ગયા હતા. કંચનબેન મકાનમાં આવેલી એક નાનકડી ઓરડીમાં જ નિર્વસ્ત્ર જેવી હાલતમાં રહેતા હતા.

# સિંહોને રેસ્કયુ કરીને જંગલમાં પરત મોકલો, આગેવાનોની તંત્રને રજૂઆત

## • વડાળીમાં સતત બીજા દિવસે બે મારણ કર્યા

રાજકોટ: રાજકોટ તાલુકાનાં ગામોમાં છેલ્લા એકાદ મહિનાથી ત્રણ સિંહોનો મુકામ છે આ સિંહો ભાયાસરની વીડીમાં જ છેલ્લા દસેક દિવસથી ધામા નાખીને પડયા છે રોજ આસપાસની ગામની સીમમાં કિંમતી પશુઓનુ મારણ કરતા હોય ખેડૂતોમાં હવે રોષ ઉભો થયો છે. આ સિંહોને રેસ્કયુ કરીને જંગલ વિસ્તારમાં મુકવામાં આવે અને ખેડૂતોને ભયમુકત કરવા આવે તેવી રજુઆત આજે જિલ્લાનાં વહીવટી તંત્રને કરવામાં આવી હતી. સિંહો હાલ ત્રંબા નજીક કાળીપાટ સુધી પહોંચી ગયા છે ત્યાંથી રાજકોટ - ભાવનગર હાઈ - વે માત્ર બે - ત્રણ કિ.મી. જ દૂર છે. વડાળીમાં ગઈકાલે એક મારણ કર્યા બાદ આજે વહેલી સવારે ફરી એક વાડીમાં ત્રાટકીને એક વાછરડી અને વાછરડાનું મારણ કર્યુ હતુ. આ પશુઓ માલિકીનાં હતા. વડાળી ગામનાં સરપંચનાં જણાંવ્યા મુજબ અધિક કલેકટર અને મામલતદારને આજે એવી રજુઆત કરી હતી કે સિંહો વાડી - ખેતરમાં આવી માલીકીનાં કિંમતી પશુઓનું મારણ કરી રહયા છે તેનાથી મોટુ નુકશાન ખેડૂતા - માલધારીઓને ભોગવવુ પડે છે.

# કોડીનારના વિઠ્ઠલપુરની સીમમાં દીપડાએ યુવાનને ફાડી ખાતા ચકચાર

કોડીનાર: કોડીનાર પંથકમાં છેલ્લા કેટલાક દિવસોથી માનવભક્ષી દીપડાએ કાળો કેર વરતાવ્યો હોય એમ અગાઉ ૭ વર્ષની બાળકીને શિકાર બનાવ્યા બાદ અહીંના વિઠ્ઠલપુર ગામની સીમમાં યુવાન પર હુમલો કરીને એને મોતને ઘાટ ઉતારતાં પંથકમાં ફફડાટની લાગણી પ્રસરી ગઈ છે. વિઠ્ઠલપુર ગામના અજીત હિરાભાઈ ભેડા(૨૭) ગત રાત્રિના ગામમાં દૂધ દઈને સીમમાં વાડીએ જતા હતા ત્યારે વાડી પાસે જ દીપડાએ અચાનક હુમલો કરી નાખ્યો હતો. ખૂંખાર દીપડાએ ફાડી ખાતાં યુવાને ઘટના સ્થળે જ દમ તોડી દીધો હતો. વહેલી સવાર સુધી યુવાન ઘરે ન પહોંચતાં તેના પરિવારજનોએ શોધખોળ કરતાં વાડીના વળાંક પાસે જ એનું બાઈક પડેલું દેખાયું હતું. વધુ તપાસ કરતાં ક્ષત-વિક્ષત હાલતમાં મૃતદેહ મળી આવતાં પરિવારમાં ભારે શોક છવાઈ ગયો હતો.

# રાજકોટમાં લેન્ડ ગ્રેબિંગની પ્રથમ ફરિયાદ ભાજપના ઈશારે ધરપકડ થયાનો આક્ષેપ

રાજકોટમાં કોંગ્રેસ આગેવાન કનકસિંહ જાડેજા સામે લેન્ડ ગ્રેબિંગ હેઠળ ધરપકડ કરતા કોંગ્રેસ કાલે કરશે. મનપા ચૂંટણી નજીક આવતા સક્ષમ આગેવાનો સામે ભાજપના ઈશારે ફરિયાદ દાખલ કરતા હોવાનો કોંગ્રેસે આક્ષેપ કર્યો છે.

રાજકોટમાં લેન્ડ ગ્રેબિંગની પ્રથમ ફરિયાદમાં જ રાજકોટના વાવડી વિસ્તારમાં એક વ્યક્તિની જમીન પર કોંગ્રેસના નેતા અને પૂર્વ કોર્પોરેટરના પતિ અને તેની ટોળકી પર ગેરકાયદેસર રીતે કબ્જો કર્યાનો આરોપ લગ્યો હતો. પોલીસના કહેવા પ્રમાણે આ શખ્સોએ ખોટી રીતે કબ્જો કર્યાની જિલ્લા કલેક્ટરને ફરિયાદ મળી હતી. જેના આધારે કોંગ્રેસના નેતા સહિત બેની પોલીસે ધરપકડ કરી હતી.

રાજકોટ પોલીસના સકંજામાં કનકસિંહ જાડેજા અને મહેન્દ્રસિંહ જાડેજા આવ્યા છે. તેમના પર આરોપ છે વાવડી ગામમાં આવેલી સર્વે નંબર ૩૮ ઓબ્લીક ૩ની ૫૨૬૧ ચોરસમીટર જમીન પૈકી ૨૧૨૫ ચોરસ મીટર જમીન પર ગેરકાયદેસર કબ્જો કર્યાનો. આ મામલે જિલ્લા કલેકટરને ફરિયાદ મળી હતી. જેના આધારે પોલીસે તપાસ શરૂ કરી હતી અને તાલુકા પોલીસ દ્વારા કનકસિંહ જાડેજા, મહેન્દ્રસિંહ જાડેજા અને મહાવીરસિંહ જાડેજા તથા પાંચથી છ અજાણ્યા શખ્સો સામે લેન્ડ ગ્રેમીંગની ફરિયાદ નોંધી હતી. જેના આધારે પોલીસે આ બંન્ને શખ્સોને પકડીને જમીન પરનો કબ્જો ખાલી કરાવીને ફરિયાદીને સોંપ્યો હતો.

રાજકોટના વાવડી ગામની જમીન મામલે કોંગ્રેસના આગેવાન કનકસિંહ જાડેજા સામે લેન્ડ ગ્રેબિંગ હેઠળ ફરિયાદ નોંધી ધરપકડ કરતા કોંગ્રેસ મેદાને આવ્યું છે.

# સોમનાથ મંદિર ટ્રસ્ટના અધ્યક્ષની ૧૧મીએ વરણી

પ્રભાસપાટણ: સોમનાથ મંદિર ટ્રસ્ટના અધ્યક્ષની ખાલી પડેલી જગ્યા ઉપર વરણી કરવા મંદિર ટ્રસ્ટની વર્ચ્યુઅલ બેઠક ૧૧મીએ યોજાશે. બેઠકમાં વડાપ્રધાન સહિત ટ્રસ્ટના ટ્રસ્ટીઓ ભાગ લેશે. સોમનાથ મહાદવે મંદિર ટ્રસ્ટના ટ્રસ્ટી મંડળની વર્ચ્યુઅર બેઠક ૧૧ જાન્યુઆરી સાંજે ૬ વાગ્યે મળશે. તેમાં ગુજરાતના પૂર્વ મુક્ય અધ્યક્ષ કેશુભાઈ પટેલના સ્થાને નવા અધ્યક્ષની વરણી કરવામાં આવશે. આ બેઠકમાં સોમનાથ ટ્રસ્ટના ટ્રસ્ટીઓ એવા ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદી, કેન્દ્રીય ગૃહમંત્રી અમીત શાહ તથા દેશન પૂર્વ નાયબ વડાપ્રધાન લાલકૃષ્ણ અડવાણી, સોમનાથ ટ્રસ્ટી-સચિવ સહિત છ ટ્રસ્ટીઓ જોડાશે. હાલ ખાલી પડેલી બેઠકો નિમણુંક અંગે પણ વિચારણાની શક્યતા છે. ૧૮ ઓક્ટોબર ૧૯૪૯માં પ્રથમ ટ્રસ્ટી મંડળની નિમણુંક થઈ અને પ્રથમ ચેરમેન તરીકે નવાનગરના જામસાહેબ શ્રી દિવગ્વીજયસિંહ પ્રથમ ચેરમેન બન્યા હતા.

# રાજકોટની યુવતી દ્વારા કેનેડા રહેતાં પતિ સામે દહેજ ઉત્પીડનની ફરિયાદ

રાજકોટ : રાજકોટની યુવતીએ કેનેડાના પતિ સહિત સાસરિયા સામે દહેજ ઉત્પીડનની ફરિયા નોંધાવી હતી. પોલીસ ફરિયાદમાં ગોરાબેન નવિનચંદ્ર ત્રિવેદીએ જણાવ્યું હતું કે તેને અગાઉ ૧૦ વર્ષથી રાજકોટના નિરવ મગનભાઈ ઘોડાસરા સાથે સંબંધ હતો તેથી ચારેક વર્ષ પહેલા પરિવારની સહમતિથી બન્નેના લગ્ન થયા હતા. લગ્ન બાદ હું તેની જ્ઞાતિની ન હોય, સાસુ સહિતનાએ તુ કામની નથી કહી મેણા ટોણાં મારતા માર્યા હતા સાથે જ તારા પિતા આર્થિક સધર છે તું કરિયાવરમાં કાંઈ લાવી નથી તેમ કહી વારંવાર નિરવને કેનેડામાં ધંધો સેટ કરવો છે તેમ કહી પૈસાની માંગણી કરતા હતા. સાસરિયામાં રહેલ નણંદ કામ બાબતે ત્રાસ પણ આપતાં હતા. ત્યારબાદ વિઝા મળી જતા હું જતી રહી હતી. જ્યાં પતિ અવાર નવાર તોછડાઈ ભર્યું વર્તન કરતો હતો.દરમિયાન ગર્ભ રહેતા તેના પતિને વાત કરતા તેને બાળક નહીં રાખવા દબાણ કર્યું હતું. દરમિયાન થોડા દિવસ પતિ સારી રીતે રહેવા લાગ્યો, જે બાદ મેં પિતા પાસેથી પતિને સેટ કરવા માટે ૪૫ લાખ લીધા હતા. જે પૈસાનો ધંધો કરવાના બદલે પતિએ મોજ શોખમાં ઉડાવી દીધા હતા. અને મને ફરી વારંવાર ત્રાસ આપતો અને મારપૂટ કરી દારૂ પી કેનેડામાં કૃરતાપૂર્વક સંબંધ બાંધતો હતો. આ અંગે ફરિયાદ કરતા છૂટાછેડાની નોટીસ મોકલી હતી. જેથી રાજકોટ આવી સાસુ-સસરાના ઘેર ગઈ હતી પરંતુ મને ઘરમાંથી કાઢી મુકવામાં આવી હતી.

# રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ઠૂંઠવાઈ જતાં બે વૃદ્ધનાં મોત

રાજકોટ: રાજકોટમાં ગત રવિવારે લઘુત્તમ તાપમાન ૯ ડિગ્રીએ જતાં શહેરીજનોએ કડકડતી ટાઢનો અનુભવ કર્યો હતો એ અરસામાં અહીંની સિવિલ હોસ્પિટલમાં બે વૃદ્ધ ઠૂંઠવાઈ જતાં મૃત્યુ પામ્યા હતા. રાત આખી કંઈ ઓઢ્યા પહેર્યા વિના વીતાવનાર અને ભૂખ્યા રહેનાર વૃદ્ધોના કરુણ મોતથી અરેરાટી પ્રસરી ગઈ હતી, રવિવારે સવારે સિવિલ હોસ્પિટલના ઓપીડી બિલ્ડીંગના અંદરના ભાગમાંથી ૬૫ વર્ષીય અજાણ્યા વૃદ્ધ મળી આવ્યા હતા, એની થોડી મિનિટો બાદ ઓપીડી બિલ્ડીંગના પ્રવેશ દ્વારના ઢાળિયા પરથી ૬૦ વર્ષીય અજાણ્યા વૃદ્ધ મળી આવ્યા હતા. બન્નેને તબીબે મૃત જાહેર કર્યા હતા. પોલીસની પ્રાથમિક તપાસ દરમ્યાન એવું જાણવા મળ્યું કે બન્ને વૃદ્ધ અહીં સારવાર માટે આવ્યા હોઈ બહાર સૂઈ રહ્યા હતા. ૬૦ વર્ષીય વૃદ્ધે સામાન્ય સ્વેટર પહેર્યું હતું. એ સિવાય હાડ ગાળતી ટાઢથી બચવા બન્નેમાંથી કોઈ પાસે કોઈ ગરમ વસ્ત્ર કે ઓઢવા માટે કોઈ વસ્તુ નહોતી. બન્ને વૃદ્ધ ભૂખ્યા હોવાથી પણ ઠંડીનો શિકાર બની ગયા હતા.

# માંડવી, કંડલા અને દ્વારકાને જોડતી સી પ્લેન શરૂ કરવા તંત્રની કવાયત

ભુજ: સુરતાથી માંડવી, કંડલા અને દ્વારકાને જોડતી સી પ્લેન સેવા શરૂ કરવા કેન્દ્ર દ્વારા આયોજન હાથ ધરવામાં આવનાર છે. ટુરીસ્ટ સ્પોટને સાંકળતા રૂટ, ગણપતિમુલે, શિરડી, સુરત હબથી દ્વારકા, માંડવી અને કંડલા, આંદામાન એન્ડ નિકોબાર હબથી નજીકના ટાપુઓને આવરી લેવાશે. સાગરમાલા પ્રોજેક્ટ હેઠળ ગુજરાતની જેમ મુંબઈ, દિલ્હી, આંદામાન, નિકોબાર અને લક્ષદ્રીપ જેવા હબને સી પ્લેનાથી અલગ પ્રખ્યાત ધર્મ સૂથાનોથી જોડવામાં આવશે. સી પ્લેન શરૂ કરવા માટે મંત્રાલય દ્વારા દરખાસ્ત કરવામાં આવી છે.

First Flight
FFCL Couriers Inc.
દુનીયાના કોઈપણ દેશમાં ડોક્યુમેન્ટ્સ અને પાર્સલ મોકલવા માટે પણ સેવા ઉપલબ્ધ
તમારા ડોક્યુમેન્ટ્સ અને પાર્સલ ઈન્ડિયા મોકલવા માટે સૌથી વ્યાજબી ભાવ અને સર્વશ્રેષ્ઠ સ્થળ
1 LB $20 વધુ દર LB ના $5
11 LB $50 વધુ દર LB ના $5
23 KG $165, વધુ દર KG ના $10
30 KG $210, વધુ દર KG ના $10
ખાવા-પીવાની વસ્તુ USA મોકલવા માટે FDA ની એપ્રુવલ અમે કરી આપીશું (Extra Charge)
જીટીએની સૌથી મોટી ઈન્ડિયન કુરિયર કંપની હવે તમારી સેવા માટે ચાર શાખાઓ
બ્રામ્પટન (વેસ્ટ)
૫૧૯, રે લોસન બુલેવાર્ડ યુનિટ-૩
બ્રેમ્પટન ON L6Y 0N2
ટે. 647-761-1317, 647-657-9631
ચાંદનીચોક પ્લાઝા સબ્ઝી મંડીની સામે
સોમ-શુક્ર ૩.૦૦ PM થી ૭.૦૦ PM
શનિ-રવિ : ૧૧.૦૦ AM થી ૬.૦૦ PM
India import Services Available
બ્રામ્પટન (વેસ્ટ) : 647-657-9631, 647-761-1317
સ્કારબોરો : 416-619-0352,
મીસીસાગા : 905-673-9631
સ્કારબોરો
૮૮૦ મારખમરોડ, યુનિટ ૮
મેઈન ઈન્ટરસેક્શન મારખમરોડ & પેઈન્ટેડ પોસ્ટ
સાંઈલીલા ખમણ-ઢોકલા હાઉસ કોમ્પલેક્ષ પાસે.
ટે. 647-657-9631 / 905 673 9631
સોમ-શુક્ર : ૨.૦૦ PM થી ૭.૦૦ PM
શનિ : ૧૧.૦૦ AM થી ૬.૦૦ PM
મીસીસાગા
2960 ડ્રયુ રોડ, યુનિટ-૧૫૮,
મીસીસાગા ON L4T 0A5
ટે. 905-673-9631, 905-231-0527, 647-657-9631
ગ્રેટ પંજાબ પ્લાઝા, માલ્ટન,ગુરુદ્વારા પાસે
સોમ-શુક્ર ૯.૩૦ AM થી ૭.૦૦ PM
શનિ-રવિ : ૧૧.૦૦ AM થી ૬.૦૦ PM
૬૪૭-૬૫૭-૯૬૩૧
www.firstflightcanada.com







હવે, સ્વદેશ વેબસાઈટના બદલાતા કલેવર
નિહાળો નીત નવા રૂપરંગમાં !!
માત્ર ગરવી ગુજરાત કે મેરા ભારત મહાન જ નહિ પરંતુ સમગ્ર વિશ્વની અટારીએ સર્જાતી
અનેકવિધ ઘટનાઓનો સાક્ષાત્કાર ક્ષણેક્ષણ માણો !!
રાજકારણ, સમાજ, ધર્મ, શિક્ષણ, રમતગમત, મનોરંજનનો મહાસાગર, હોલીવુડ-બોલીવુડ,
પ્રવાસ-પર્યટન, પર્યાવરણ તથા આરોગ્ય વિષયક માહિતીના રોમાંચક ખજાનાનો આવિષ્કાર !!
www.swadesh.news
સ્વદેશમાં વિજ્ઞાપનો માટે ઈમેલ એડ્રેસ પર માહિતી મોકલો
info@swadesh.news
હવે પછી નીચે મુજબના સરનામે તમામ પોસ્ટલ વ્યવહાર કરવા વિનંતી.
23 Lyric Road, Brampton ON L6S 0B4.


## ચીનમાં રહેવું હોય કે ધંધો કરવો હોય તો સામ્યવાદી સરકારનું ફરમાન જ સર્વોપરી

# તાનાશાહી : ‘જેક મા’ને સાણસામાં લેવા કવાયત

**પ્રાસંગિક**
**ધવલ શુક્લ**

દુનિયામાં રાજ કરવાની મહેચ્છા ધરાવતા ચીને અનેક દેશ સાથે દાદાગીરી કરવાનું વલણ એક દાયકાથી ચાલુ રાખ્યું છે. ચીનની સરકારનું આ પ્રકારનું વલણ હવે દેશના નાગરિકો સાથે પણ જોવા મળી રહ્યું છે. છેલ્લાં બે દશકામાં ચીનની આર્થિક તાકાત તો વધી જ છે, પણ સાથે સાથે લશ્કરી તાકાતમાં પણ તે આગળ વધી રહ્યું છે. વિસ્તારવાદી નીતિને સાર્થક કરવા લશ્કરી તાકાત મહત્વની બાબત છે તે વાત હવે ચીન સારી રીતે સમજી ગયું છે.  ભારત સાથે છેલ્લાં સાત મહિનાથી લદ્દાખ સરહદે એલએસી વિવાદ છેડાતા ચીન સતત ઘર્ષણ કરી રહ્યું છે. તેથી ભારતમાં ચીન વિરોધી જુવાળ જોવા મળી રહ્યો છે. જો કે, ચીન ભારે ખંધુ છે. ચીન ગમે તે ભોગે દુનિયાના દાદા બનવાના ઉદ્દેશ સાથે આગળ વધી રહ્યું છે. આ ઉદ્દેશ પાર પાડવા જે પણ કરવું પડે એ કરવામાં ચીનને કોઈની શરમ નથી નડતી, કોઈની સાડાબારી રાખતું નથી. ચીનના સૌથી મોટા કોર્પોરેટ ગ્રુપ ‘અલીબાબા’ના કર્તાહર્તા જેક મા સાથેનું ચીનનું વર્તન તેનો પુરાવો છે.

ચીનના અબજોપતિ અને ઓનલાઈન શોપિંગ સાઈટ અલીબાબાના સંસ્થાપક જેક મા છેલ્લા બે મહિનાથી ગાયબ છે. જેક મા એક રિયાલિટી શો ચલાવે છે. પણ લાંબા સમયથી એ રયાલિટી શોમાં તે દેખાતા નથી. જેને કારણે જેક મા ગાયબ હોવાની વાત બહાર આવી હતી. મીડિયાએ તપાસ કરી તો જેક માનો ક્યાંય પત્તો જ ના લાગ્યો. એક સમયે દુનિયામાં સૌથી ધનિક માણસ અચાનક ગાયબ થઈ જાય તે સમાચાર મોટા જ કહેવાય. સ્વાભાવિક રીતે જ આ સમાચારે આખી દુનિયામાં ખળભળાટ મચાવી દીધો છે. પણ ચીનને કંઈ પડી ના હોય એ રીતે વર્તી રહ્યું છે. તેનું કારણ એ છે કે ચીનની સરકારે પોતે જ જેક માને ગાયબ કરી દીધા છે તેવું મોટાભાગના લોકો માની રહ્યા છે. ચીનના સરકારી વાજિંત્ર ગણાતા અખબાર પીપલ્સ ડેલીએ સંકેત આપ્યો છે કે, જેક માને ચીનની સરકારે જ નજરકેદ કરી દીધા છે. જેક મા દેશ છોડીને ભાગી નહીં જાય એટલે તેમને અજાણી જગ્યાએ નજરકેદ કરાયા છે.

જેક માને ચીનની સરકારે નજરકેદ કર્યા છે એ સમાચાર મોટા છે. પણ આવું પગલું કેમ ભરાયું એની ચર્ચા કરવા જેવી છે. ચીનના તાનાશાહી રવૈયા પાછળ ચીનની સામ્યવાદી સરકારની નીતિ જ કારણભૂત છે. સરકારે એન્ટિ-મોનોપોલી કાયદા હેઠળ ચીનના સૌથી મોટા કોર્પોરેટ ગ્રુપ ‘અલીબાબા’ સામે તપાસ શરૂ કરી દીધેલી છે. ચીનમાં સામ્યવાદી શાસન છે અને બધું સંપૂર્ણપણે સરકારી નિયંત્રણ હેઠળ જ ચાલે છે. ચીન પોતાના દેશમાં કોઈ કંપનીને બહુ મોટી થવા દેતી નથી અને પોતે ઈચ્છે એ રીતે જ કંપનીઓ વર્તે એવું સીધું ફરમાન પણ કરે છે. જેક માએ આ નિયમોનું પાલન નહીં કરતા તેના ઉપર તવાઈ આવી છે. ચીનમાં સામ્યવાદી શાસન છે અને ત્યાં વાણી સ્વાતંત્ર્ય જેવું કશું નથી. ચીનની સરકાર સામે ના બોલવું એ બહુ સીધો અને સાદો કાયદો છે. પણ અલીબાબા’ ગ્રુપના માલિક જેક મા તેને ગણકારતા નહોતા. તેમને એમ હતુ કે પોતે બહુ મોટા થઈ ગયા છે, તેથી ચીનની સરકાર પોતાની વાત સાંભળશે. જેક મા પોતે હોંગકોંગમાં રહે છે. તેના કારણે પણ એવું માનતા હશે કે ચીનના સામ્યવાદી શાસનના નિયમો તેમને લાગુ નથી પડતા. તેના કારણે સામ્યવાદી સરકારને ગમે નહીં તેવા નિવેદનો તેઓ ઘણાં સમયથી કરતા હતા.

ચીનની સરકારે તેમને આ અંગે અનેકવાર ટપ ાર્યા હતા. પરંતુ તેઓ કશું સમજ્યા નહીં. આખરે ચીનની સામ્યવાદી સરકારે બે વર્ષ પહેલાં અલગ અલગ પ્રકારની તપાસના નામે ‘અલીબાબા’ને ઘોંચપરોણા કરવાની શરૂઆત કરી દીધી હતી. ચીનને એમ કે જેક મા સાનમાં સમજી જશે પણ એવું ના થયું. તેમણે સામ્યવાદી શાસન સામે બોલવાનું ચાલુ રાખ્યું તેમાં છેવટે હવે કાર્યવાહીનો ભોગ બનવું પડ્યું છે.

ચીનની સરકારે જેક માને ભિડાવવા જૂની માહિતીના નામે કંપની સામે મોનોપોલી ધારા હેઠળ તપાસ આદરીને સંકજો કસ્યો હતો. ‘અલીબાબા’ પોતાની સાથે જોડાયેલા બિઝનેસ કરનારાને પોતાના સિવાય બીજા કોઈની સાથે ધંધો નહીં કરવાની ફરજ પાડતો કરાર કરાવીને સર્વોપરિતા સ્થાપિત કરવા મથી રહી હોવાનો ‘અલીબાબા’ પર આરોપ મૂકાયો હતો. ચીનની સત્તાધારી પાર્ટી કમ્યુનિસ્ટ પાર્ટી ઓફ ચાઈનાએ સત્તાવાર નિવેદનમાં કહ્યું છે કે, જે રીતે ‘અલીબાબા’ ગ્રુપ ઓફ કંપનીઝ વિકસી રહી છે એ જ રીતે વિકસતી રહેશે તો ભવિષ્યમાં તંદુરસ્ત હરીફાઈ ખતમ થઈ જશે. તેથી આ તપાસ જરૂરી છે. આ કંપની ખોટી રીતે મોનોપોલી ઊભી કરવા મથી રહી હતી. ચીનની સરકારે પણ સત્તાવાર રીતે કહ્યું છે કે, અમને લાગે છે કે અલીબાબા’ ગ્રુપ બહુ મોટું થઈ ગયું છે અને અત્યારે તેને રોકવામાં નહીં આવે તો એટલું મોટું થઈ જશે કે ચીનની સરકારને પણ નહીં ગાંઠે. જેક માની કંપની લોકોને દબાવી દબાવીને મોટી થતી જાય છે તેથી તેના પર અંકુશ મૂકવો જરૂરી છે. ચીનના સરકારી પ્રવક્તાએ પોતે એવું કહ્યું કે, અત્યારે જ અલીબાબા ગ્રુપના અનેક ધંધા છે અને હવે ‘અલીબાબા’ ગ્રુપ બેન્કિંગ સેક્ટરમાં પ્રવેશી રહ્યું છે. કોઈ પ્રાઈવેટ કંપનીનો આટલો બધો પ્રભાવ હોય તો એ ભવિષ્યમાં અન્ય કંપનીઓ તથા સરકાર માટે ખતરો બની શકે. આ બધા બહાનાં છે પણ મૂળ કારણ એક જ છે કે, જેક મા સામ્યવાદી શાસનની શિસ્તને ગાંઠવા તૈયાર નથી.

વાસ્તવમાં ‘અલીબાબા’ દુનિયાના ટોચના ધનિકોમાં સ્થાન પામતા જેક માની માલિકીના ‘અલીબાબા’ ગ્રુપનું ઈ-કોમર્સ પ્લેટફોર્મ છે અને ઓનલાઈન વેચાણમાં દુનિયાભરમાં તેનો ડંકો વાગે છે. જેક માનો પથારો બહુ મોટો છે. જેક મા પોતાની કંપની અલીબાબા ગ્રુપ હોલ્ડિંગ લિમિટેડ’ના બેનર તળે ઈન્ટરનેટને લગતા જાતજાતના ધંધા કરે છે અને તેમાં ‘અલીબાબા’ વેબસાઈટ એક છે. માલના વેચાણની રીતે ‘અલીબાબા’ જગતની સૌથી મોટી ઈ-કોમર્સ કંપની છે. એમેઝોન, વોલમાર્ટ અને ઈબે સહિતની તમામ અમેરિકન કંપનીઓ ઈ-કોમર્સ પ્લેટફોર્મ દ્વારા જેટલો માલ વેચે છે તેના કરતાં વધારે માલ એકલી ‘અલીબાબા’ વેબસાઈટ વેચાય છે. ‘અલીબાબા’ ચીનની સૌથી મોટી કંપની છે. આ કંપની લગભગ સવા લાખ લોકોને સીધી રોજગારી આપે છે. ‘અલીબાબા’ના કર્મચારીઓની સંખ્યા ૧.૧૮ લાખની આસપાસ છે. આ કંપની માર્કેટિંગમાં જેને બીટુબી (બિઝનેસ ટુ બિઝનેસ), સીટુસી (કધઝ્યુમર ટુ કધઝ્યુમર) અને બીટુસી (બિઝનેસ ટુ કધઝ્યુમર) કહેવાય એવી સેવા આપે છે. ટૂંકમાં કહીએ તો પોતાનો નવો કે જૂનો ગમે તે માલ વેચવો હોય, ‘અલીબાબા’ વચેટિયા તરીકે કામ કરે છે. તેના કારણે બીજા કરોડો લોકોને આડકતરી રોજગારી મળે છે. અલીબાબા ડોટ કોમ ઉપરાંત તાઓબાઓ અને ટીમોલ એ બે ‘અલીબાબા’ જૂથની બીજી જાણીતી વેબસાઈટ છે. ‘અલીબાબા’ની વાર્ષિક કમાણી ૭૨ અબજ ડોલર છે અને નફો ૨૦ અબજ ડોલર છે. ઈ-કોમર્સ ઉપરાંત ક્લાઉડ કોમ્પ્યુટિંગ, એન્ટરટેઈનમેન્ટ, મોબાઈલ કોમર્સ, રીટેઈલ, મોબાઈલ મીડિયા, ફિલ્મ નિર્માણ અને ડિસ્ટ્રિબ્યુશન, ટીવી શો સહિતના સંખ્યાબંધ બિઝનેસ ‘અલીબાબા’ ગ્રુપ કરે છે. ‘અલીબાબા’ ચીનની સરકારને જંગી ટેક્સ ચૂકવે છે અને ઢગલાબંધ વિદેશી હૂંડિયામણ પણ કમાઈ આપે છે.

ટૂંકમાં અલીબાબા ચીનના વિકાસમાં આટલું જોરદાર યોગદાન આપતી કંપની છે પણ પોતાને માફક આવે એ રીતે વર્તતી નથી. તેથી સામ્યવાદી શાસને તેનો ઘડો લાડવો કરી નાખવાનું નક્કી કરી નાખ્યું છે. જેક માએ કોઈ કાયદો તોડ્યો નથી, કોઈ ગોબાચારી કરી નથી કે બીજું કશું કર્યું નથી છતાં તેના પર આવી તવાઈ આવી શકતી હોય તો જે લોકો ચીનના કાયદા તોડતા હશે તેમની શું હાલત થતી હશે એ વિચારવા જેવી બાબત છે.



સામ્યવાદી સરકાર સામે છાશવારે નિવેદન કરતા જેક મા ને અનેક વાર શાનમાં સમજી જવા ઈશારા થયા પણ તે ના સમજ્યા, એટલે શાસકોએ પોતાની  તાકાતનો પરચો દેખાડ્યો

## કિમ કરદાશિયાં અને કાન્યે વેસ્ટ છૂટાછેડા લેવાની તૈયારીમાં



હોલિવૂડના જાણીતા સેલિબ્રિટી કપલ કિમ કરદાશિયાં અને કાન્યે વેસ્ટ એકબીજાને છૂટાછેડા આપે તેવી ચર્ચાએ જોર પકડયું છે. સૂત્રોના જણાવ્યા પ્રમાણે આ બંને ટૂંક સમયમાં એકબીજાથી અલગ થવાની તૈયારીમાં છે. તેઓ હાલમાં પણ અલગ જ રહે છે. કિમ કરદાશિયાં દ્વારા લોસ એન્જેલસના ડાયવોર્સ લોયરને આ માટે કામ પણ સોંપી દેવાયાના અહેવાલ છે. મીડિયા અહેવાલો પ્રમાણે ઘણા વખતથી કિમ અને કાન્યે વચ્ચે અણબનાવ ચાલી રહ્યા છે. બંને વકીલ સાથે સેટલમેન્ટ અંગે વાતચીત કરી રહ્યા છે.

## સલમાન ખાનની 'રાધે' ફિલ્મના રાઈટ્સ ૨૩૦ કરોડમાં વેચાયા



વર્ષ ૨૦૨૦માં ભલે ફિલ્મ ઇન્ડસ્ટ્રીનું કામકાજ ઠંડુ રહ્યું હોય પણ આ નવું વર્ષ ઈન્ડસ્ટ્રીને નવી ઊંચાઈએ લઈ જાય તેવા સંકેત જોવા મળી રહ્યા છે. આ વર્ષે ઘણા મોટા સ્ટાર્સની ફિલ્મ રિલીઝ થવાની છે. તેમાં સલમાન ખાનનો પણ સમાવેશ થાય છે. સલમાન ખાનની ફિલ્મ રાધે : યોર મોસ્ટ વોન્ટેડ ભાઈ નામની ફિલ્મ અત્યારે ઘણી ચર્ચામાં છે. સૂત્રોના જણાવ્યા પ્રમાણે સલમાન ખાનની આ ફિલ્મ રાધેના રાઇટ્સ અધધ કિંમતે વેચાયા છે. અહેવાલો પ્રમાણે ઝી સ્ટૂડિયો દ્વારા ૨૩૦ કરોડમાં ફિલ્મ રાધેના રાઇટ્સ ખરીદવામાં આવ્યા છે. તેમાં સેટેલાઇટ, ડિજિટલ, થિયેટ્રિકલ અને ઓવરસીઝ રાઇટ્સનો સમાવેશ થાય છે.

## કોરોનાને પગલે સેરેમનીના ૪ અઠવાડિયા પહેલાં જ કેન્સલ થયો ગ્રેમી એવોર્ડ સમારોહ




અમેરિકામાં કોરોનાના કેસ સતત વધી રહ્યાં છે જે બાબતને ધ્યાનમાં રાખી સંગીત ક્ષેત્રે સૌથી પ્રચલિત ગ્રેમી એવોર્ડ સેરેમનીના ૪ અઠવાડિયા પહેલા જ મેનેજમેન્ટ દ્વારા ગ્રેમી કેન્સલ કરવાની જાહેરાત કરવામાં આવી છે. આ સાથે ૩૧ જાન્યુઆરીએ યોજાવાને બદલે હવે ગ્રેમી એવોર્ડ ૧૪ માર્ચે યોજવાની સત્તાવાર જાહેરાત ગ્રેમી એવોર્ડ મેનેજમેન્ટ દ્વારા કરવામાં આવી છે. એવોર્ડના આયોજકોએ કહ્યું કે, 'લોસ એન્જલસમાં કોરોનાની સ્થિતિ વણસી છે. હોસ્પિટલમાં આઈસીયુ ફુલ થઈ રહ્યાં છે. રાજ્ય અને સ્થાનિક સરકારોના નવા માર્ગદર્શનથી અમે આ નિર્ણય લીધો છે. અમારો આ શો પોસ્ટપોન કરવો જ યોગ્ય રહેશે.

## સોનુ સૂદ રહેઠાણ વિસ્તારમાં હોટલ ચલાવતા હોવાનો બીએમસીનો આરોપ



બીએમસીએ એવો આક્ષેપ કર્યો હતો કે સોનુ રહેઠાણ વિસ્તારમાં પોતાના ઘરમાં હૉટલ ચલાવી રહ્યો હતો. બીએમસી કહે છે કે સોનુએ કોઇની પરવાનગી લીધા વિના કે સ્થાનિક વહીવટી તંત્રને જાણ કર્યા વિના આ પગલું ભર્યું હતું એટલે મહારાષ્ટ્ર રિજ્યોન એન્ડ ટાઉન પ્લાનિંગ એક્ટ હેઠળ તેની સામે કામ ચાલવું જોઇએ. બીએમસીએ સોનુ સૂદ વિરુદ્ધ પોલીસ ફરિયાદ પણ નોંધાવી હતી. બીએમસીએ જુહુ પોલીસને કહ્યું હતું કે સોનુ સૂદ સામે કાયદેસર પગલાં લેવામાં આવે. આમ તો આ વાત જૂની છે. ૨૦૧૯થી બીએમસી સોનુની પાછળ પડી હતી. સોનુએ પોતાના બચાવમાં કહ્યું હતું કે મારી પાસે બીએમસીની પરવાનગી છે.

# સોનાક્ષીની આગામી ફિલ્મ સત્ય ઘટના પર આધારિત હશે



મુંબઇઃ દબંગ ગર્લ તરીકે જાણીતી થયેલી સોનાક્ષી સિંહા પોતાની આગામી ફિલ્મને લઇને હાલ ચર્ચામાં છે. આ ફિલ્મનું દિગ્દર્શન નારાયણ સિંહ કરવાના છે. જેણે ટોયલેટ : એક પ્રેમકથા અને બત્તી ગુલ મીટર ચાલુ જેવી ફિલ્મો બનાવી છે. હવે તેની આગામી ફિલ્મ પણ સત્યઘટના પર આધારિત છે જેનું નામ બુલબુલ તરંગ રાખવામાં આવ્યું છે, જેમાં સોનાક્ષી લીડ રોલમાં જોવા મળશે. જોકે આ ફિલ્મની ઘોષણા સત્તાવાર રીતે કરવામાં આવી નથી. રિપોર્ટસના અનુસાર આ ફિલ્મ ભારતની સામાજિક પુષ્ઠભૂમિ પર આધારિત હશે. જેમાં જુના રીતિ-રિવાજોને રૂપેરી પડદે દર્શાવામાં આવશે. આ ફિલ્મનું શૂટિંગ માર્ચ-એપ્રિલ મહિનામાં શરૂ થવાની શક્યતા છે. ફિલ્મમાં સોનાક્ષી ઉપરાંત રાજ બબ્બર, તાહિર રાજ ભસીન જેવી હસ્તીઓ પણ મહત્વના રોલમા ંજોવા મળશે. સોનાક્ષી રીમા કાગતીના દિગ્દર્શનમાં બનનારી વેબ સીરીઝમાં પણ જોવા મળવાની છે.

## અભિનેત્રીઓના ફેશન ડિઝાઈનર સ્વપ્નીલ શિંદેએ લિંગ પરિવર્તન કરાવ્યું



મુંબઈઃ સેલિબ્રિટી ફેશન ડિઝાઇનર સ્વપનિલ શિંદેએ નવા વરસમાં પોતાની ઓળખ બદલીને સાયશા કરી લીધી છે. સ્વપ્રિલના અનુસાર, પોતાનામાં સ્રીની અનુભૂતિ ઠાંસીઠાંસીને ભરી હોવાનો અંદાજ કોલેજકાળ દરમિયાન જ આવી ગયો છે. સ્વપનિલ ઉર્ફે સાયશાએ જણાવ્યું હતું કે, કોલેજ સમયમાં હું શરમાળ સ્વભાવનો હતો. મને ધીરે ધીરે સમજ પડી ગઇ કે તેનામાં મહિલાઓના ગુણ છે. પછી એક બુધવારે તેણે પોતાની નવી ઓળખ કરી લીધી. તેણે સોશિયલ મીડિયા પર પોતાના બદલાવની પૂરી કથની શેર કરીને પોતાનું નવું નામ સાયશા કર્યું હોવાનું પણ જણાવ્યું છે. સાયશા ઉર્ફે સ્વપ્રિલ શિંદે ફિલ્મ ઇન્ડસ્ટ્રીમાં માનથી ઓળખાય છે. તેણે પ્રભાસ અને શ્રદ્ધા કપૂરની ફિલ્મ સાહોમાં શ્રદ્ધાના દરેક ડ્રેસ ડિઝાઇન કર્યા હતા. તે કરીના કપૂરનો નિયમિત ફેશન ડિઝાઇનર છે. આઇફા ફિલ્મ ફેસ્ટવલ માટે દીપિકાના પરિધાનો તેણે ડિઝાઇન કર્યા હતા.

## અદાણી ગ્રૂપ બોલીવૂડમાં ઝંપલાવશે, કરણ જોહર સાથે પાર્ટનરશીપ માટે હિલચાલ

મુંબઈઃ ૨૦૨૧નુ વર્ષ બોલીવૂડ માટે કેવુ પૂરવાર થશે તે કહેવુ તો વહેલુ છે પણ બોલીવૂડના જાણીતા પ્રોડયુસર કરણ જોહર માટે નવુ વર્ષ સારી ખબર લઈને આવ્યુ છે. કરણ જોહરની ફિલ્મ નિર્માણ કંપની ધર્મા પ્રોડકશનમાં ઉદ્યોગપતિ ગૌતમ અદાણીની ગ્રૂપ પાર્ટનરશીપ કરવા જઈ રહ્યુ છે.ગૌતમ અડાણી ધર્મા પ્રોડ્ક્શનમાં ૩૦ ટકા હિસ્સો ખરીદવાની યોજના બનાવી રહ્યા છે.આ માટે બંને પક્ષો વચ્ચે વાટાઘાટો શરુ થઈ ચુકી છે. બોલીવૂડમાં તેમની એન્ટ્રીને લઈને અનેક અટકળો શરુ થઈ છે.ઉલ્લેખનીય છે કે, ધર્મા પ્રોડક્શન




મોટા સ્ટાર સાથે બીગ બજેટ ફિલ્મો બનાવવા માટે જાણીતી કંપની છે.હાલમાં આ કંપનીના બેનર હેઠળ અમિતાભ અને રણબીર કપૂરની બ્રહ્માસ્ત્ર ફિલ્મ બની રહી છે.જેનુ બજેટ ૩૦૦ કરોડ રુપિયાને પાર થઈ ગયુ છે.આ સિવાય જુગ જુગ જીયો, શેરશાહ, રણભૂમિ, દોસ્તાના ૨ જેવી ફિલ્મો ધર્મા પ્રોડક્શન બનાવવાનુ છે. બીજી તરફ ગૌતમ અદાણી સફળ ઉદ્યોગપતિઓ પૈકી એક છે અને તેમની સંપત્તિ ૧૦ અબજ ડોલર હોવાનુ મનાય છે.આ ડીલ થઈ જશે તો બોલીવૂડમાં પૈસા ઠલવાશે અને કોરોનાના સમયગાળામાં બોલીવૂડને રોકાણની સખ્ત જરુરિયાત છે.

## મેકઅપ વગર દ્રશ્ય ભજવવું ખુબ સરળ રહ્યું



અભિનેત્રી કિર્તી કુલ્હારી વેબ સિરીઝ ક્રિમીનલ જસ્ટીસની બીજી સિઝનમાં ખાસ ભુમિકામાં જોવા મળી છે. અનુ ચંદ્રા નામનું તેનું પાત્ર કહાનીને આગળ વધારે છે. કિર્તી કહે છે અનુની માનસિક અવસ્થાને યોગ્ય પારદર્શિતા સાથે રજૂ કરવા માટે મેકઅપ વગર જ રોલ નિભાવવો વધુ સરળ હતો. આ પાત્ર ખુબ જ જટીલ, અસલી અને સંવેદનશીલ પણ છે. મને અનુનો રોલ નિભાવવો ખુબ ગમ્યું છે. મેકઅપ વગરનો રોલ હોવાથી હું સેટ પર પર બધાની પહેલા તૈયાર થઇ જતી હતી. આ ખુબ આરામદાયક હતું. મારા સહકલાકારો મને પુછતા હતાં કે હું ચામડીની કાળજી માટે રૂટીનમાં શું કરુ છું. આ બધાને હું કહેતી કે મારી સ્કીન બાબતે હું સતત સજાગ રહુ છું. મારા ડર્મેટોલોજીસ્ટની સલાહ એ લોકોને શેર કરતી હતી. કિર્તીએ તાજેતરમાં અમૃતસરમાં ગોલ્ડન ટેમ્પલની મુલાકાત લીધી હતી. ત્યાંની તસ્વીરો પણ તેણે પોસ્ટ કરી હતી. સાથે લખ્યું હતું કે વાહેગુરૂ સબનું બાલ બકશણ, તે સબ તેં મહર રખીં. વાહેગુરૂ સૌને માફ કરે અને દરેક પર આશિષ વરસાવે. હું સૌના માટે પ્રાર્થના કરી રહી છું કે ૨૦૨૧ની શરૂઆત સુંદર થાય.

## ક્વોરન્ટાઈનના ભંગ બદલ અરબાજ-સોહેલ ખાન સામે FIR



મુંબઈઃ BMCએ એક્ટર અરબાજ ખાન અને સોહેલ ખાન સામે મોટી કાર્યવાહી કરી છે. કોરોના ગાઈડલાઈન્સ તોડવાના આરોપમાં BMCએ આ બંને અભિનેતાઓ અને સોહેલ ખાનના પુત્ર નિર્વાન ખાનની સામે FIR નોંધી છે. આ લોકો પર BMC પર ખોટી જાણકારી આપવાનો આરોપ છે. આ લોકો ૨૫ ડિસેમ્બરે UAEથી મુંબઈ પરત ફર્યા હતા. તેઓએ BMCને શપથપત્ર આપ્યું હતું કે તે પોતે તાજ હોટેલમાં ક્વોરન્ટાઈન રહેશે. પણ તાજ હોટેલમાં ક્વોરન્ટાઈન રહેવાને બદલે તેઓ બ્રાંદ્રા સ્થિત પોતાના ઘરે જતાં રહ્યા હતા. બ્રિટેનમાં મળેલાં નવા કોરોના વાયરસના સ્ટ્રેનના પ્રકોપને કારણે UK અને UAEથી યાત્રીઓને કાનૂન દ્વારા સાત દિવસ સુધી ક્વોરન્ટાઈન પીરિયડમાં રહેવાનો આદેશ કર્યો છે. જે અનુસાર સોહેલ અને અરબાજે તાજ લેન્ડમાં બુકિંગ કરાવ્યું હતું.

# અમદાવાદમાં ૨૪૩૫ કરોડનું બિલિંગ કૌભાંડ પકડાયું

- કુલ આંક રૂ. ૧૦,૦૦૦ કરોડનો થવાની શક્યતા
- ભરત સોનીની ધરપકડ, ૧૪ દિવસની જ્યુડિશિયલ કસ્ટડી

અમદાવાદ : સેન્ટ્રલ ગુડ્સ એન્ડ સર્વિસ ટેક્સના અમદાવાદ નોર્થની ટીમના અધિકારીઓએ અમદાવાદના ન્યુ રાણીપ વિસ્તારમાં સુકન સ્માઈલ સિટિ એપાર્ટમેન્ટની બી વિન્ગના ૧૦૩ નંબરના ફ્લેટમાં રહેતા ભરતભાઈ ભગવાનદાસની રૂ. ૨૪૩૫.૯૬ કરોડના બોગસ બિલ બનાવીને રૂ. ૭૨.૨૫ કરોડની ખોટી ઈનપુટ ટેક્સ ક્રેડિટ મેળવી લેવાના કૌભાંડમાં બીજી જાન્યુઆરીએ ધરપકડ કરીને તેને મેટ્રો કોર્ટમાં રજૂ કરતાં તેને ૧૪ દિવસના જ્યુડિશિયલ રિમાન્ડ પર મોકલી આપવામાં આવ્યા છે. બોગસ બિલિંગના આ છાંટા અમદાવાદના સી.જી. રોડ, શિવરંજની, આનંદનગર રોડ સહિતના દસથી પંદર જ્વેલર્સના નામ આ કૌભાંડમાં ખુલવાની સંભાવના છે. શિવરંજની, સી.જી. રોડ અને આનંદનગરના કયા જ્વેલર્સ પાસે કેટલી રકમ પહોંચી છે તેની વિગતો પણ તપાસ અધિકારીઓને હાથ લાગી ગઈ હોવાનું જાણવા મળી રહ્યું છે.

સેન્ટ્રલ ગુડ્સ એન્ડ સર્વિસ ટેક્સના તપાસ અધિકારીઓનું કહેવું છે કે અત્યાર સુધીમાં ભરત સોનીએ લીધેલી ઈનપુટ ટેક્સ ક્રેડિટનો આંકડો રૂ. ૨૧૦ કરોડને આંબી ગયો હોવાના નિર્દેશો મળી રહ્યા છે. જોકે આ કૌભાંડ હજીય વધીને રૂ. ૧૦,૦૦૦ કરોડને આંબી જાય તેવી શક્યતા છે. તેમ જ રૂ. ૩૦૦ કરોડની બોગસ ઈનપુટ ટેક્સ ક્રેડિટ મેળવી લીધી હોવાની શક્યતા રહેલી છે. બીજી અચંબો પમાડે તેવી બાબત તો એ છે કે અમદાવાદના સી.જી. રોડ, આનંદનગર અને શિવરંજની વિસ્તારના કેટલાક જ્વેલર્સને આ બોગસ બિલિંગને આધારે ઈનપુટ ટેક્સ ક્રેડિટ પાસ થઈ હોવાના નિર્દેશો મળી રહ્યા છે. પરિણામે સેન્ટ્રલ જીએસટીના અધિકારીઓની તપાસનો રેલો તેમના સુધી પહોંચવાની સંભાવના રહેલી છે. તપાસ અધિકારીઓએ તેમના નામ મેળવી લીધા હોવાનું જાણવા મળી રહ્યું છે. અમદાવાદના સુકન સ્માઈલ સિટીમાં રહેતા ભરત ભગવાનદાસ સોનીએ છ અલગ અલગ કંપનીઓ બનાવી હતી. આ કંપનીઓ તેમણે તેમના પરિવારના સભ્યને નામે જ બનાવી હતી. આ કંપનીઓમાં ઘનશ્યામ જ્વેલર્સ, કનિષ્કા જ્વેલર્સ, દીપ જ્વેલર્સ, એન. એસ. એન્ટરપ્રાઈસ, એસ.એ. ઓર્નામેન્ટ્સ, બી-૨ જેમ્સ નામની કંપની બનાવી હતી. ભરત સોનીએ છ કંપનીઓ શરૂ કરી હતી. પોતાના પરિવારના નજીકના સગાંઓના નામે તેમણે આ કંપનીઓ ઊભી કરી હતી. આ તમામ કંપનીઓના અલગ અલગ જીએસટી રજિસ્ટ્રેશન નંબર મેળવ્યા હતા. પરિવારના સભ્યોને નામે જીએસટી રજિસ્ટ્રેશન નંબર લીધા બાદ તેમના નામે ભરત સોનીએ બૅન્ક એકાઉન્ટ ખોલાવ્યા હતા. આ બૅન્ક એકાઉન્ટમાં લીધેલી ચેકબુકના દરેક ચેક પર પરિવારના સભ્યોની એડવાન્સમાં જ સહી કરાવી લીધી હતી. આ તમામ ચેકબુક પોતાની પાસે જ તેમણે રાખી હતી. ભરત સોનીએ બનાવેલી તમામ કંપનીઓ માત્ર કાગળ પર જ અસ્તિત્વ ધરાવતી હતી. તેમાં માલની લેવડદેવડ થયાના કોઈ જ નિર્દેશો મળતા નથી. બોગસ કંપનીઓ બનાવ્યા પછી તેણે છ કંપનીઓના નામે મોટી સંખ્યામાં બોગસ બિલ બનાવ્યા હતા. બોગસ બિલિંગના કૌભાંડમાં સંડોવાયેલા અન્ય લોકો સાથે મળીને ખોટા બૅન્કિંગ ટ્રાન્ઝેક્શન બતાવીને ખરીદ વેચાણ બતાવ્યા હતા.

## ગુજરાતમાં ૧૧મીથી સ્કૂલો-કોલેજો શરૂ : સ્કૂલોમાં માસ પ્રમોશન નહી

- બોર્ડ પરીક્ષા ફોર્મ ભરવાના હોવાથી હાલ ધો.૧૦-૧૨ની સ્કૂલો તથા છેલ્લા વર્ષની કોલેજો જ શરૂ થશે

અમદાવાદ : ગુજરાતમાં હવે ૧૧મી જાન્યુઆરીથી સ્કૂલો અને કોલેજો શરૂ કરાશે તેવી આજે સત્તાવાર રીતે સરકારે જાહેરાત કરી દીધી છે.આજે કેબિનેટ મીટિંગમાં મુખ્યમંત્રી અને નાયબ મુખ્યમંત્રીની અધ્યક્ષતામાં ચર્ચા બાદ ફાઈનલ નિર્ણય લેવાયો હતો અને જે મુજબ રાજ્યમાં ૧૧મીથી ધો.૧૦ અને ૧૨ની સ્કૂલો સાથે યુજી-પીજીમાં છેલ્લા વર્ષની કોલેજો શરૂ થશે. તબક્કાવાર ધો.૯ અને ૧૧ તથા પ્રાયમરીના વર્ગો ખુલશે અને પ્રાયમરીથી માંડી ધો.૯ અને ૧૧માં જેટલુ ભણાવાશે તેટલી પરીક્ષા થશે, માસ પ્રમોશન નહી આપવામા આવે તેવી શિક્ષણમંત્રીએ સ્પષ્ટતા કરી છે. દિવાળી બાદ ૨૩ નવેમ્બરથી રાજ્યમાં સ્કૂલો અને કોલેજો શરૂ કરવાની જાહેરાત બાદ તમામ તૈયારીઓ પણ કરી દેવાઈ હતી પરંતુ દિવાળી બાદ કોરોનાના કેસો વધતા અને સ્થિતિ ખરાબ થતા સરકારે ૨૩ નવે.થી સ્કૂલો-કોલેજો શરૂ કરવાનો નિર્ણય પાછો ખેંચ્યો હતો.

## અમદાવાદના ન્યૂ રાણીપમાં ભરબપોરે ૪૫ લાખના દાગીનાની દિલધડક ચોરી

અમદાવાદ : ન્યૂ રાણીપ વિસ્તારના પાયલ જ્વેલર્સના માલિકની એક્ટિવામાંથી ચોરે ચાવી ચોરી ૪૫ લાખના દાગીનાનો હાથ ફેરો કરી લીધો.

નારણપુરામાં આવેલ હરિ પાર્ક સોસાયટીમાં રહેતાં જીતેન્દ્રભાઈ કનૈયાલાલ શાહ ન્યૂ રાણીપ ખાતે આકાશ રેસિડન્સીમાં પાયલ જ્વેલર્સના નામે સોના-ચાંદીનો શોરૂમ ધરાવે છે. મંગળવારે બપોરે ૧ વાગ્યે જીતેન્દ્રભાઈ શોરૂમ બંધ કરી ઘરે જવા નીકળ્યા હતા. જ્યાં તેમણે સ્કૂટરની ડેકીમાં શોરૂમની ચાવી મૂકી હતી.

જીતેન્દ્રભાઈ ઘરે જમીને ૩.૧૫ વાગ્યે પરત શોરૂમ પર પહોંચ્યા તો શોરૂમનો દરવાજો ખુલ્લો હતો. જીતેન્દ્રભાઈએ શોરૂમમાં જઈ જોયું તો સોનાના દાગીના ગાયબ હતા. જીતેન્દ્રભાઈએ ચોરીના બનાવની જાણ પોલીસને કરી હતી. સાબરમતી પોલીસે સ્થળ પર પહોંચી તપાસ કરતા સીસીટીવી ચેક કર્યા હતા. જેમાં શોરૂમમાં જીન્સ પેન્ટ, હાફ બાયની ટી શર્ટ પહેરેલો ૩૦થી ૩૫ વર્ષની ઉંમરનો યુવક ચોરી કરતા દેખાયો હતો. ચોર શોરૂમથી ૪૫ લાખના સોનાના દાગીનાની ચોરી કરીને નાસી ગયો હોવાનું સામે આવતા સાબરમતી પોલીસ ગુનો દાખલ કર્યો છે.

હાલ પ્રાથમિક તબક્કે એવી આશંકા સેવાઈ રહી છે કે જીતેન્દ્રભાઈ શોરૂમ બંધ કરી ઘરે જવા નીકળ્યા ત્યારે ચોરે તેમનો પીછો કર્યો હતો. જીતેન્દ્રભાઈએ ઘર પાસે વાહન પાર્ક કરીને જમવા માટે અંદર ગયા હતા, દરમિયાનમાં સ્કૂટરની ડેકીમાંથી શોરૂમની ચાવી ચોરી લીધી હતી. ચોર ચાવી લઈ સીધો શોરૂમ પર પહોંચ્યો અને જીતેન્દ્રભાઈ શોરૂમ પર આવે તે પહેલાં લાખોની મતાના દાગીના લઈ ફ્રાર થઈ ગયો હતો.

## ગુજરાતમાં બર્ડ ફ્લૂનો ખતરો : તાપીમાં ૨૦ દિવસમાં ૨ હજાર મરઘાના મોત

તાપી : તાપી જિલ્લામાં ઉચ્છલ ગામમાં પરિવારોએ પોતાના ઘરે ઉછેરેલા દેશી મરઘાઓનાં ટપોટપ મોતનો સિલસિલો છેલ્લા ૨૦ દિવસથી ચાલુ રહેતા આશરે ૨૦૦૦થી વધુ મરઘાના મોત થયા છે. જેને લઈને બર્ડ ફ્લુનો ખોફ ઉભો થયો છે.જો કે સરકારી તંત્રને આ મોતના કારણોની કોઈ પ્રકારની જાણકારી જ નથી.

ઉચ્છલના હનુમાન ફળિયા, નવા ફળિયા, રેલવે સ્ટેશન ફળિયું તથા વાંકી ગામમાં મોટા ભાગના પરિવારો પોતાના ઘરે દેશી મરઘાનો ઉછેર કરે છે. છેલ્લા ૨૦ દિવસથી દરેક ઘરોમાં તંદુરસ્ત મરઘાઓ અચાનક મોત થઈ રહ્યા છે. ભૂતકાળમાં મહારાષ્ટ્રની પોલ્ટ્રીફાર્મ તથા ઉચ્છલ બોર્ડર ઉપર આવેલા પોલ્ટ્રીફાર્મમાં બર્ડ ફ્લૂએ આતંક મચાવ્યો હતો, જંગી સંખ્યામાં પોલ્ટ્રીફાર્મના મરઘાના મોત થયા હતા.



દરરોજ લોકો મરેલાં મરઘાઓને કોતરોની કિનારે કે ગામની સીમમાં ઝાડો ઉપર લટકાવી દેવામાં આવે છે.આ ભેદી વાઈરસ પશુઓમાં કોઈ ચેપ ફેલાવનાર બને તો પરિસ્થિતિ વકરે તેવી ભીતી છે. બર્ડફ્લૂની દહેશત વચ્ચે બારડોલીના મઢી રેલવે સ્ટેશન નજીક એકસાથે ચાર કાગડાના મોતથી તંત્ર દોડતું થયું છે

## અમદાવાદમાં પત્તુ કપાવાના ડરથી ભાજપના ૬૦ કોર્પોરેટરની દોડધામ

- આપ અને ઓવૈસીની પાર્ટી નુકસાનની ગણતરી : ભાજપનો ૧૭૨ પ્લસનો ટાર્ગેટ નક્કી

અમદાવાદ : અમદાવાદ મ્યુનિ.ની ચૂંટણીની જાહેરાત થઈ જવાની પૂરેપૂરી સંભાવના છે. ભાજપ અને કોંગ્રેસ મુખ્ય પક્ષોએ ચૂંટણીની તૈયારીઓ શરૂ કરી દીધી છે. તેને સમાંતર આપ અને ઓવૈસીની પાર્ટી પણ બાંયો ચડાવવા માંડી છે ભાજપના હાલના ૧૪૦ કોર્પોરેટરોમાંથી ૬૦થી વધુ કપાશે તેવી હવા ઉભી થઈ જતાં વર્તમાન કોર્પોરેટરોએ તેમની ખુરશી બચાવવા દોડધામ શરૂ કરી દીધી છે. આપ પાર્ટીએ તો જુદાં જુદાં વોર્ડમાં કાર્યાલયો શરૂ કરવા માંડયા છે અને ૨૧ જેટલાં ઉમેદવારોની પણ જાહેરાત કરી દીધી છે.

અમદાવાદ મ્યુનિ.માં ૨૦૦૫થી સતત ત્રણ ટર્મથી ભાજપનું શાસન રહ્યું છે. એન્ટી ઈન્કમ્બન્સી હોવા છતાં ભાજપની હાલની ૧૪૦ બેઠકો છે, તે વધવાની ધારણા છે. પક્ષની બેઠકમાં ૧૭૨ પ્લસનું ટાર્ગેટ રાખવામાં આવી રહ્યું છે. કેમકે ગઈ ૨૦૧૫ની ચૂંટણી વખતે પાટીદાર આંદોલન પરાકાષ્ટાએ હોવાથી કોંગ્રેસને ૧૫ જેટલી બેઠકોનો ફાયદો થયો હતો. આ વખતે આવું કોઈ જ પરિબળ ના હોવાથી વધેલી બેઠકો જાળવી શકશે કે નહીં તે પણ શંકા છે.

## અમદાવાદનો સાબરમતી આશ્રમ ૧૦ મહિના બાદ મૂલાકાતીઓ માટે ખૂલ્યો

અમદાવાદઃ રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધી દ્વારા સ્થાપના કરવામાં આવી હતી તે સાબરમતી આશ્રમના દ્વાર ૧૦ મહિના બાદ મુલાકાતીઓ માટે ખોલવામાં આવ્યા છે. કોરોના મહામારીને પગલે ૧૮મી માર્ચથી સાબરમતી આશ્રમના દ્વાર મુલાકાતીઓ માટે બંધ હતા. પ્રથમ દિવસે જ મોટી સંખ્યામાં મુલાકાતીઓ ઉમટી પડયા હતા. આ અંગે આશ્રમ વ્યવસ્થાપન પાસેથી પ્રાપ્ત માહિતી અનુસાર છેલ્લા કેટલાક સમયથી કોરોનાના કેસમાં થઈ રહેલા ઘટાડાને પગલે સાત મહિના કરતાં પણ વધુ સમય બાદ સાબરમતી આશ્રમને મુલાકાતીઓ માટે પુનઃ ખોલવાનો નિર્ણય લેવાયો છે. હાલમાં સવારે આશ્રમમાં મુલાકાતીઓ માટેનો સમય સવારે ૧૦થી પનો રહેશે. બૂક શોપ, ખાદી શોપ, ચરખા ગેલેરીને હજુ ખોલવામાં આવ્યા નથી. કેમકે, ત્યાં હજુ વધારે ભીડ થવાની સંભાવના છે.

## ગુજરાતમાં કોંગ્રેસ સ્થાનિક સ્વરાજ્ય ચૂંટણી પૂર્વે ૬૦૦૦ સભાઓ ગજવશે

ગાંધીનગર : રાજ્યમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી નજીકમાં આવી રહી છે ત્યારે રાજ્યના મુખ્ય બે પક્ષ કોંગ્રેસ અને ભાજપ ચૂંટણીમાં જીત હાંસલ કરવા માટે અત્યારથી જ કાર્યરત થયા છે ત્યારે સ્થાનિક સ્વરાજની ચૂંટણીને લઈ કોંગ્રેસ પાર્ટીએ પુરજોશમાં તૈયારીઓ શરૂ કરી દીધી છે.

તાલુકા પંચાયત, નગરપાલિકા અને જિલ્લા પંચાયતની પણ ચૂંટણી આગામી સમયમાં યોજાનાર છે ત્યારે કોંગ્રેસ અને ભાજપ મતદારોને આકર્ષવા માટે અલગ અલગ રણનીતિ બનાવી રહ્યા છે. ત્યારે આ વખતની ચૂંટણીમાં ભાજપ કયા મુદ્દાઓ સાથે અને કોંગ્રેસ કેવા મુદ્દા સાથે ચૂંટણીમાં ઝંપ લાવશે તે તો આવનાર સમય જ બતાવશે પરંતુ કોંગ્રેસ પાર્ટીએ રાજ્યમાં પ્રચાર માટે ૨૦૦ કોંગી નેતાઓને જવાબદારી સોંપી દીધી છે.

આગામી સ્થાનિક સ્વરાજની ચૂંટણીમાં કોંગ્રેસના ૨૦૦ નેતાઓ ગુજરાતમાં આવશે અને ૬ હજાર જેટલા સંમેલનો કરશે. ૮થી ૨૬ જાન્યુઆરી સુધી કોંગ્રેસના ૬ હજાર સંમેલન રાજ્યમાં યોજાશે. કોંગ્રેસ દ્વારા તાલુકા પંચાયતની બેઠક દીઠ સંમેલનનું આયોજન કરવામાં આવ્યું છે ત્યાં જ પાલિકા-મહાનગરપાલિકામાં વોર્ડ દીઠ બેઠક કરશે.

## સુરતમાં ઉમેદવારો જાહેર કરતા પહેલાં કોંગ્રેસનો ચૂંટણી ઢંઢેરો જાહેર થયો

સુરત : સુરત મહાનગર પાલિકાની ચૂંટણી માટે દાવેદારોને સાંભળવાની પ્રક્રિયા સાથે સુરત કોંગ્રેસે કોંગ્રેસનો સંકલ્પ ૨૦૨૧ જાહેર કરી દીધો છે. કોંગ્રેસે બાર્બુડાનો સંકલ્પ જાહેર કર્યો છે. તેમાં સુરતમાં તમામને કોરોના વેક્સિન વિના મુલ્યે આપવાની જાહેરાત કરી છે. સુરત મહાનગરપાલિકાની ચૂંટણી પહેલા સુરત કોંગ્રેસે હેલ્લો સુરતની એપ્લિકેશન લોન્ચ કરી છે. આ અંગેની પત્રકાર પરિષદ દરમિયાન કોંગ્રેસે ચૂંટણી ઢંઢેરો જાહેર કરે તે પહેલાં જ કોંગ્રેસનો સંકલ્પ ૨૦૨૧ જાહેર કરી દીધો છે. કોંગ્રેસ સુરતમાં સત્તા પર આવશે તો સુરતમાં વિનામૂલ્યે કોરોના વેક્સિન આપવામાં આવશે. આ ઉપરાંત સુરતની સીટી બસમાં સિનિયર સિટીઝન મહિલાઓ અને વિદ્યાર્થીઓને વિનામૂલ્યે મુસાફરીની જાહેરાત પણ કોંગ્રેસે કરી છે.

# બાંધકામ માટેની ઓનલાઈન પરમિશન આપનારૂં ગુજરાત દેશનું પ્રથમ રાજ્ય

અમદાવાદઃ ડિસેમ્બરથી ગુજરાત સરકારે હવે ડેવલપમેન્ટ માટેની એટલે કે બાંધકામ શરૂ કરવા માટેની પરમિશન ઓનલાઈન જ આપી દેવાનો નિર્ણય કર્યો છે. ઓનલાઈન ડેવલપમેન્ટ પરમિશન આપનારૂં ગુજરાત દેશનું પ્રથમ રાજ્ય બન્યું છે. આમ હવે બાંધકામ માટેની પરવાનગી લેવા માટે પણ સરકારી કચેરીઓમાં ધક્કા ખાવા પડશે નહિં.

ગુજરાત સરકારે હવે ડેવલપમેન્ટ માટેની એટલે કે બાંધકામ શરૂ કરવા માટેની પરમિશન ઓનલાઈન જ આપી દેવાનો નિર્ણય કર્યો છે. ઓનલાઈન ડેવલપમેન્ટ પરમિશન આપનારૂં ગુજરાત દેશનું પ્રથમ રાજ્ય બન્યું છે. આમ હવે બાંધકામ માટેની પરવાનગી લેવા માટે પણ સરકારી કચેરીઓમાં ધક્કા ખાવા પડશે નહિ. આ માંગને ધ્યાનમાં લઈને જ હવેથી લો રાઈઝ બિલ્ડીંગ માટે ઓફ લાઈન પ્લાન પાસીંગ સંપૂર્ણ બંધ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

ઓનલાઈન પરમીશન માત્ર ૨૪ કલાકમાં મળી જાય તેવી વ્યવસ્થા કરવામાં આવી રહી છે. આંટીઘૂંટીઓ વાળી જટિલ પ્રક્રિયા ખૂબ સરળ કરી માત્ર ૧૫ મહત્વની જરૂરિયાત વાળી બાબતોને ધ્યાનમાં લઈ તેની પૂર્તતાના આધારે પ્લાન પાસ થઈ શકશે. ગુજરાતમાં બાંધકામની પરમિશન ઓનલાઈન થતા રાજ્યના બિલ્ડર ગ્રુપે સરકારની આ યોજનાની આવકારી છે અને ઓનલાઈન પરમિશન પ્રક્રિય સરસ હોવાની કહ્યું છે સાથે જ બિલ્ડર ગ્રુપનું કેહવું છે કે આથી ફાયદો થશે અને ઓનલાઈન પરમિશનથી ભ્રષ્ટાચાર દૂર થશે. સાથે જ કામ ફાસ્ટ થશે અને ડિજિટલનું નવો યુગ કહેવાશે.

## આપના ઉમેદસિંહ ચાવડાના મોતના કેસમાં હત્યાનો ગુનો નોંધાયો

અમદાવાદઃ સિવિલ હોસ્પિટલમાં રહસ્યમય સંજોગોમાં મૃત્યુ પામેલા આમ આદમી પાર્ટીના આગેવાન ઉમેદસિંહ પી.ચાવડાનું મારઝુડને કારણે મૃત્યુ નીપજ્યું હોવાનું બહાર આવતા આનંદનગર પોલીસે હત્યાનો ગુનો નોંધ્યો છે. આ અંગે ઉમેદસિંહની પત્નીએ ફરિયાદ નોંધાવી છે. આ બનાવ કાલુપુર વિસ્તારમાં બન્યો હોવાથી આનંદનગર પોલીસે વધુ તપાસ કાલુપુર પોલીસને સોંપી છે. આમ આદમી પાર્ટીના આગેવાન ઉમેદસિંહ ચાવડાનું ૧ જાન્યુઆરી ૨૦૨૧ના રોજ સિવિલ હોસ્પિટલમાં મોત નીપજ્યું હતું. જોકે આનંદનગર પોલીસે અકસ્માત મોતનો ગુનો નોંધ્યો હતો.

## ઉમિયા સંસ્થાન દ્વારા ૨૦૩૦ સુધીમાં ૧૦૦૧ મંદિર બનાવવાનો સંકલ્પ



ઊંઝાઃ પાટીદાર કુળદેવી ઊંઝા ઉમિયા માતાજી સંસ્થાન દ્વારા ૨૦૩૦ સુધીમાં પાટીદાર ગામોમાં ૧૦૦૧ મંદિર નિર્માણનો સંકલ્પ કરવામાં આવ્યો છે. રવિવારે આ સંકલ્પને લઈને એક બેઠક મળી હતી. જેમાં ઉત્તર અને મધ્ય ગુજરાતની પ્રથમ બેઠકમાં ૪૧૦ મંદિરો બનાવવાની જાહેરાત કરવામાં આવી છે. ઉંઝા ઉમિયા માતાજી સંસ્થાન દ્વારા મળેલી બેઠકમાં ૧૦ જિલ્લાના હોદેદારો હાજર રહ્યા હતા. જેમાં દરેક ઉંઝા મંદિર તરફથી દરેક મંદિર બનાવવા માટે ૨૫૦૦૦ આપવામાં આવશે.

પાટીદારનો કુળદેવી ઊંઝા ઉમિયા માતાજી સંસ્થાન દ્વારા લક્ષચંડી મહાયજ્ઞ સમયે નવી પેઢીમાં શ્રદ્ધા ભક્તિમાં વદારો થાયય તેના માટે દરેક પાટીદાર ગામોમાં મા ઉમિયા માતાજીનું મંદિર બને તે માટે એક લક્ષ્યાંક નક્કી કરવામાં આવ્યો છે, જેમાં ૨૦૩૦ સુધીમાં ઉમિયા માતાજીના ૧૦૦૧ મંદિર નિર્માણનો સંકલ્પ કરાયો છે. જેના ભાગરૂપે રવિવારે સંસ્થાના પ્રમુખના અધ્યક્ષ સ્થાને મંદિરમાં ઉત્તર અને મધ્ય ઝોનના ૧૦ જિલ્લાના સંગઠનોની સૌપ્રથમ બેઠક મળી હતી.

# જામખંભાળિયામાં નિશા ગોંડલિયાએ પોતાના ઉપર કરાવ્યું હતું ફાયરિંગ

- એટીએસે ફાયરિંગ કરનારા બેની ધરપકડ કરીઃ નિશાએ ફાયરિંગનો આરોપ જયેશ અને યશપાલ પર નાખ્યો હતો

રાજકોટઃ રાજ્યમાં ખુબ જ ગાજેલો જામખંભાળીયામાં ફાયરિંગ કેસમાં આજે એક મોટો ખુલાસો સામે આવ્યો છે. આ કેસમાં બે લોકોની ધરપકડ કરવામાં આવી છે. ગુજરાત એટીએસે બે આરોપીને હથિયાર સાથે ઝડપ્યા છે, જેમણે બિટકોઈન કેસમાં નિશા ગોંડલિયા પર ફાયરિંગ કર્યુ હતું. ગુજરાત એટીએસે ધરપકડ કરેલ લોકોમાં મુકેશ સિંધી અને અયુબ દરજાદાનો સમાવેશ થાય છે. આ કેસમાં આજે એટીએસની ટીમે મોટો ઘટસ્ફોટ કર્યો છે કે નિશા ગોંડલિયાએ જાતે જ ફાયરિંગ કરાવ્યું હતું અને ફાયરિંગનો આરોપ જયેશ પટેલ, યશપાલ પર નાંખ્યો હતો.

આ વિશે મળતી માહિતી પ્રમાણે નિશા ગોંડલિયા ફાયરિંગ કેસ મામલે એટીએસએ આજે મોટી કાર્યવાહી કરી છે અને બે આરોપીની સંડોવણી હતી અને તેમની પાસેથી ફાયરિંગમાં વપરાયેલા હથિયારો સાથે ધરપકડ કરવામાં આવી છે. ગુજરાત એટીએસની તપાસમાં મોટો ઘટસ્ફોટ થયો છે જેમાં નિશાએ જ કાવતરું ઘડીને જયેશ પટેલ અને યક્ષાપલ જાડેજાને ફસાવવા માટે પોતાના પર જ ફાયરિંગ કરાવ્યું હતું.

અત્રે નોંધનીય છે કે, અગાઉ પણ બીટકોઈન કૌભાંડમાં નિશા ગોંડલિયા ચર્ચામાં આવ્યા હતા. નિશા ગોંડલિયા પર ફાયરિંગ કરવામાં આવી હોવાની ફરિયાદના આધારે તપાસનો દોર ચાલ્યો હતો. ત્યારબાદથી નિશા તથા તેનો બન્ને મિત્રો ફરાર છે.

નિશા ગોંડલિયા દ્વારા ૨૦૧૯માં બિટકોઈન કેસમાં સાક્ષી તરીકે ખસી જવા માટે જયેશ પટેલ દબાણ કરી રહ્યો હોવાની ફરિયાદ કરવામાં આવી હતી.

# ગુજરાત ભાજપનું નવું માળખું જાહેર

અમદાવાદઃ સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી પહેલાં પ્રદેશ ભાજપ દ્વારા સંગઠનના નવા માળખાની જાહેરાત કરવામાં આવી છે. જેમાં ગોરધન ઝડફિયાને પ્રદેશ ઉપપ્રમુખ બનાવાયા છે. તો જયંતિ કવાડીયા, મહેન્દ્રસિંહ સરવૈયા, નંદાજી ઠાકોર (પાટણ), કૌશલ્યા કુંવરબા પરમાર, જનક બગદાણાવાળાને પ્રદેશ ઉપપ્રમુખ બનાવાયા છે. જ્યારે ભીખુભાઈ દલસાણીયાને પ્રદેશ મહામંત્રી (સંગઠન) બનાવાયા છે. ભાર્ગવ ભટ્ટ, રજની પટેલ, પ્રદિપસિંહ વાઘેલા, વિનોદ ચાવડાને પ્રદેશ મહામંત્રી બનાવાયા છે.

નવા સંગઠનના માળખામાંથી શબ્દશરણ બ્રહ્મભટ્ટ અને કે.સી.પટેલની બાદબાકી કરવામાં આવી છે. જ્યારે મહેશ કસવાલા, રઘુ હુંબલ, પંકજ ચૌધરી, શિતલ સોની, ઝવેરી ઠક્કર, નૌકા પ્રજાપતિ, જ્હાનવી વ્યાસ, કેલાશ પરમારને પ્રદેશ મંત્રી બનાવાયા છે. તેમજ સુરેન્દ્ર પટેલને પ્રદેશ કોષાધ્યક્ષ જ્યારે ધર્મેન્દ્ર શાહને પ્રદેશ સહ કોષાધ્યક્ષ બનાવવામાં આવ્યા છે. સંગઠનના નવા માળખામાં પ્રમુખ સીઆર પાટીલે મનસુખ માંડવીયા, કે.સી.પટેલ, શબ્દશરણ બ્રહ્મભટ્ટ, ભારતસિંહ પરમારને પડતાં મુક્યા છે. જ્યારે આઈ કે જાડેજા, ભરત પંડ્યાને પણ પડતા મુકવામાં આવ્યા છે. ગોરધન ઝડફિયા પ્રદેશ ઉપાધ્યક્ષ તરીકે રિપીટ કરવામાં આવ્યા છે. ભીખુભાઈ દલસાણીયા સંગઠન મહામંત્રી તરીકે રિપીટ કરાયા છે.

## નીતિન પટેલને આપના નેતાએ કાયદાકીય નોટિસ ફટકારી

ગાંધીનગરઃ આમ આદમી પાર્ટીના એક નેતાએ ગુજરાતના નાયબ મુખ્યપ્રધાન નીતિન પટેલને આંદોલનકારી ખેડૂતો માટે કરેલી અનુચિત ટિપ્પણ કરવા બદલ કાયદાકીય નોટિસ ફટકારી છે. પ્રાપ્ત વિગતો મુજબ એક તરફ ૪૦થી વધુ દિવસોથી ખેડૂતો કૃષિ કાયદાના વિરોધમાં દિલ્હીમાં રસ્તા પર બેઠા છે એવામાં રાજ્યના નાયબ મુખ્યપ્રધાન નીતિન પટેલે આંદોલન કરી રહેલા ખેડૂતોની સરખામણી ટૂકડે-ટૂકડે ગેં અને ખાલિસ્તાનીઓ સાથે કરતા ખેડૂતોમાં ભારે નારાજગીનું મોજું ફરી વળ્યું છે. આ મુદ્દે વિપક્ષોએ તો બૂમરાણ મચાવી જ મૂકી છે.

## સંક્ષિપ્ત સમાચાર

### સજા મોકૂફી માટે સંજીવ ભટ્ટની સુપ્રીમમાં અપીલ

અમદાવાદ: નોકરીમાંથી બરતરફ કરાયેલા પૂર્વ આઇ.પી.એસ. અધિકારી સંજીવ ભટ્ટને જામનગર જિલ્લાના વર્ષ ૧૯૯૦ના કસ્ટોડિયલ ડેથ કેસમાં ફટકારવામાં આવેલી આજીવન કેદની સજા મોકૂફ રાખવા સુપ્રીમ કોર્ટમાં અપીલ કરી છે. જેની સુનાવણી આગામી દિવસોમાં જસ્ટિસ અશોક ભૂષણ, જસ્ટિસ આર. સુભાષ રેડ્ડી અને જસ્ટિસ એમ.આર. શાહની ખંડપીઠ સમક્ષ યોજાશે. વર્ષ ૧૯૯૦માં જામનગરના એડિશનલ એસ.પી. તરીકેના કાર્યકાળ દરમિયાન જામજોધપુરમાં રાયોટિંગના ગુનામાં ધરપકડ કરવામાં આવેલા એક આરોપીઓને લોકઅપમાં ખૂબ માર મારવાના કારણે તેનું મૃત્યુ થયું હતું. આ કેસમાં સંજીવ ભટ્ટ સામે જામનગર સેશન્સ કોર્ટમાં ટ્રાયલ ચાલી હતી અને જૂન-૨૦૧૯માં આજીવન કેદની સજા ફટકારી હતી.

### સુરતમાં ચૂંટણી લડવા કોંગ્રેસમાં ૭૦૦ દાવેદારો

સુરત : સુરત મ્યુનિ.ની ચુંટણી માટે રાજકીય પક્ષોનો ધમધમાટ શરૂ થઈ ગયો છે આપે કેટલાક ઉમેદવાર જાહેર કરી દીધા છે તો કોંગ્રેસમાંથી ચુંટણી લડવા માટેના ૭૦૦ જેટલા દાવેદારો હોવાનું જાણવા મળ્યું છે. સુરત મ્યુનિ.ની ચુંટણી માટે કોંગ્રેસ દ્વારા તૈયારી શરૂ કરી દેવામાં આવી છે. સુરત મ્યુનિ.ની ચુંટણી માટે કોંગ્રેસ દ્વારા નિરીક્ષકોની નિમણુંક કરી દેવામાં આવી છે. સુરત મ્યુનિ.ની ચુંટણી માટે પ્રભારી તરીકે ડો. તુષાર ચૌધરી, સોનલ પટેલ, વિરજી ઠુમ્મર અને ગ્યાસુદ્દીન શેખએ દાવેદારોને સાંભળ્યા હતા. કોંગ્રેસના સુત્રોના જણાવ્યા પ્રમાણે દાવેદારોની રજૂઆત બાદ હવે પ્રદેશ કોંગ્રેસને રિપોર્ટ કરાશે. જે બાદ મોવડીમંડળ યોગ્ય નિર્ણય લઈ ઉમેદવારોની યાદી જાહેર કરશે.

### પત્નીને આઇસોલેટ કરાતા પતિનો આપઘાત

સુરત : વરાછા ઝોન પાસે દિવ્ય વસુંધરા એપાર્ટમેન્ટમાં રહેતા ૭૫ વર્ષીય છગનભાઇ ભગવાનભાઇ કોટડીયાએ સોમવારે સવારે ઘરમાં છતના હુક સાથે દોરી બાંધી ગળે ફાંસો ખાઇ આત્મ હત્યા કરી હતી.આ અંગે તપાસ કરનાર વરાછા પોલીસ મથકના એ.એસ.આઇ રાજેન્દ્રભાઇએ કહ્યુ કે છગનભાઇ મુળ અમરેલીના લાઠીના કેરાલગામના વતની હતા. તે તેમની પત્ની સાથે રહેતા હતા અને નિવૃત જીવન ગાળતા હતા. પત્નીને કોરોના થયો હતો અને તેમનો પોતાનો કોરોના રિપોર્ટ નેગેટીવ આવ્યો હતો.આવા સંજોગોમાં તેમની પત્નીને સંબંધીના ઘરે આઇસોલેશન કર્યા હતા.જેથી છગનભાઇ ઘરે એકલા હોવાથી ટેન્શનમાં રહેતા હતા. પત્ની અલગ હોવાથી એકલતા અનુભવતા છગનભાઇએ તેમના ભત્રીજાને ફોન કર્યો કે જીંદગી જીવી ગયો છુ.જેથી ભત્રીજો તરત ત્યાં પહોચ્યો હતો.ત્યારે તે ફાંસો ખાધેલી હાલતમાં મળતા તે હેબતાઇ ગયો હતો.

### બનાસ ડેરીમાં ૮૨ લાખ લીટર દૂધની આવક

બનાસકાંઠા જિલ્લાના પશુપાલકોની જીવાદોરી સમાન બનાસડેરીમાં આજે એક રેકોર્ડ બનાવ્યો છે. બનાસડેરીમાં મંગળવારે વિક્રમજનક રીતે ૮૨ લાખ લિટર દૂધની આવક થઈ છે. બનાસડેરીની ૫૫ લાખ લિટર દૂધની પ્રોસેસિંગ ક્ષમતા ધરાવતી બનાસ ડેરી માટે દૂધની વેચાણ કરવાની પડકારજનક સ્થિતિ સર્જાઈ છે. બનાસડેરીનું દૂધ રાજસ્થાન, UP, હરિયાણા મોકલાઈ રહ્યું છે. બનાસડેરી દૂધથી છલકાઈ ગઈ હોવાની વાત સામે આવી રહી છે.

### રાજકોટ મંડળીના કૌભાંડ અંગે સીટની રચના

રાજકોટ: રાજકોટની શ્રીરામેશ્વર શરાફી મંડળીના ૬૦ કરોડના ફૂલેકાંના કેસની તપાસ કરવા પોલીસ કમિશનર દ્વારા સીટની રચના કરવામાં આવી હતી. જેના અધ્યક્ષ એસીપી હીરસિંહ રાઠોડને બનાવાયા છે. આ ઉપરાંત ભક્તિનગર, એસઓજી પીઆઈ, બે પીએસઆઈ, બે રાઈટર સહિત ૭ સભ્યોની નિયુક્તિ કરવામાં આવી છે. હાલ ભક્તિનગર પોલીસ દ્વારા તપાસ ચલાવવામાં આવી રહી છે. મંડળીના ચેરમેન સંજય દુધાગરા, વાઈસ ચેરમેન ગોપાલ રૈયાણી અને મેનેજર વિપુલ વસોયા હાલ ૧૦ દિવસના પોલીસ રિમાન્ડ પર છે. આ ત્રણેય આરોપીઓ ઉપરાંત તેના પરિવારના નામના તમામ બેંક એકાઉન્ટ ફ્રીઝ કરવા પોલીસે પત્રો લખ્યા છે. એટલું જ નહીં ત્રણેય આરોપીઓ અને તેના પરિવારના નામની મિલકતો અંગે માહિતી મેળવવા માટે રાજકોટ, જામનગર કલેક્ટર, રાજકોટના તમામ મામલતદાર, ગાંાધીનગર સિથત નોંાધણી નિરીક્ષક, કાલાવડ મામલતદાર, પડાધરી મામલતદાર અને સિટી સર્વેયર કચેરીને પત્રો લખાયા છે.

# મને ઝેર અપાયું હતું : ઈસરોના વિજ્ઞાની તપન મિશ્રાનો ઘટસ્ફોટ

અમદાવાદઃ ઈસરોના વિજ્ઞાની અને અમદાવાદ સ્પેસ એપ્લિકેશન સેન્ટર (સેક)ના પૂર્વ ડિરેક્ટર તપન મિશ્રાએ ચોંકાવનારો ખુલાસો કર્યો હતો કે તેમને ૨૦૧૭માં ઝેર આપવામાં આવ્યું હતું. ઝેરની તેમના શરીર પર વિપરિત અસર થઈ હતી, લોહીનું પ્રમાણ ઘટી ગયું હતું, પરંતુ તુરંત સારવાર મળી જવાથી તેઓ બચી ગયા હતા. તેમણે આ ખુલાસો પોતાની ફેસબૂક વૉલ પર લાંબી પોસ્ટ લખીને કર્યો હતો. સાથે પોતાના શરીરમાંથી આર્સેનિક ઝેર મળ્યાના મેડિકલ રિપોર્ટ અને પોતાની વિપરિત શારિરીક સ્થિતિના ફોટા પણ તેમણે મુક્યા હતા. તપન મિશ્રાએ લખ્યુ હતુ કે ૨૦૧૭માં બેંગલોર ખાતે તેઓ ઈસરો માટે ઈન્ટર્વ્યુ લેવા ગયા હતા ત્યારે નાસ્તામાં ઝેર આપવામાં આવ્યું હતું. આ ઝેરને કારણે બે વર્ષ તેમની સારવાર કરવી પડી હતી. સારવાર કરનારા તબીબોએ કહ્યુ હતુ કે આટલી માત્રામાં ઝેર આપ્યા પછી બહુ ઓછા લોકો બચી શકે, તેમણે લખ્યુ હતુ કે આ ઝેર વિશે મારે કોઈને વાત ન કરવી એવી પણ સૂચના મને એક ભારતીય-અમેરિકન પ્રોફેસરે ૨૦૧૯માં આપી હતી.

# INDIA TOWN FOODS & SPICES LTD.

**Indian, Pakistani, Srilankan, Bangladeshi & Canadian Groceries**

## ઉત્તરાયણ સેલ

STARTS 9 JAN 2021 TO 31 JAN 2021

બધી સેલ આઈટમ રોકડેથી

ALL SALE ITEMS CASH OR DEBIT ONLY

**HOT DEAL**
TOOR DAL (OILY DRY)
$7.99/ 10 LB
( REG $14.99)

641, Markham Road, Scarborough, Ontario, M1H 2A4

happy Makar Sankranti

Phone or Fax
416-438-1013

**K.T.C SUNFLOOR OIL**
$5.99/ EACH 3 LT

**ALL DAL SPECIAL OFFER**
$3.99/ 4 LB
(FROM INDIA) SELECTED

**GLOBAL CHOICE CTC. TEA**
4 / $5 ( REG $2.99)
(1 LB X4=4 LB)

**FLIPZEE KHAKHARA**
99¢/ EACH

**K.T.C OLIVE OIL**
$9.99/ 3 LT

**BANSI SABUDHANA (NYLON)**
$1.99 /
PACK (2 LB)

**SHALINI KHAKHRA**
99¢/ EACH

**DEEP TOOR LILVA**
$1.79/ EACH

**SATVAM INSTANT MIX**
99¢/EACH

**WAGH BAKRI TEA**
$6.99/ PACK

**DEEP CHAKKI ATTA**
$6.99/EACH 20LB
( REG $12.99)

**PATANJALI TOOTH PASTE**
3 / $10
( EXTRA BIG SIZE)

**MIRCH MASALA SNACKS**
$1.99/ EACH

**JIVRAJ TEA**
$7.99/ PACK (2LB)

**LAXMI SHARBATI ATTA**
$7.99 EACH 20 LB
REG $ 14.99

**INDIAN SUGAR**
$7.99/ EACH
(5KG)

**HALDIRAM GULAB JAMUN**
$2.99
EACH (1 K.G.)

**PAPAD**
3 / $ 1.99
KIRTIRAJ, YASH PAPAD

**LAXMI SOONA MASOORI RICE**
$11.99/ EACH 20 LB
REG $ 14.99

**DEEP DAL (ALL VERITY)**
$1.99/ PACK

**MAGGI CUPPA NOODLES**
99¢/ EACH

**IMMUNITY BOOSTER**
$5.99

**DEEP BASMATI RICE XXXL**
$7.99/ 10 LB

**GUJ-17 RICE**
$7.99/ EACH
(10 LB)

**DEEP FROZEN COCKTIL SAMOSA**
$2.49/ EACH

**GUR (JAGGERY) DESI**
$6.99/ 11 LB
(5 K.G.)

**AMUL CHEESE (BIG SIZE)**
$9.99/ EACH
REG $ 14.99

**DEEP KHAKHARA**
$1.79/ EACH

**DEEP ICE CREAM**
$4.99/ EACH
REG $ 9.99

**LIJJAT PAPAD**
2 / $ 1

**BUY 2 SURATI SNACKS**
GET 1 SURATI INSTANT
TEA FREE

**KINDAR JOY CHOCOLATE**
$9.99/ PACK
24PC. ( INSIDE TOY )

**FRESH BESAN**
$3.99
(4LB PACK)

**ORAGANIC GREEN RAISINS**
$1.49/ LB

**PILLSBURY GOLD ATTA**
$9.99/ 20 LB
REG $ 14.99

**BIKANO SOANPAPDI**
$1.99/ EACH
(BIG PACK)

**તાજો દરેલો બાજરીનો લોટ**
BAJARI FLOUR
$3.99 / PACK 4LB

ALL ITEM SUBJECT TO AVAILABLE. NO RAIN CHECK, NOT RESPONSIBLE FOR ANY TYPOGRAPHICAL ERROR. NO EXCHANGE NO RETURN

વધુ વિગતો માટે મુલાકાત લો :

WWW.FACEBOOK.COM / INDIATOWNFOODANDSPICES

# દૂધસાગર ડેરીમાં વર્ષો બાદ સત્તા પરિવર્તન

## વિજાપુર સિવાયની બેઠકો અશોક ચૌધરીની પેનલે જીતી લીધી: વિપુલ ચૌધરીની ખેરાલુ બેઠક ઉપરથી બે મતે હાર

મહેસાણાઃ મહેસાણા દૂધસાગર ડેરીની અત્યંત રસાકસીભરી ચૂંટણીમાં ૧૫ વર્ષથી એકહથ્થુ શાસન કરતા વિપુલ ચૌધરીની કારમી હાર થઈ છે. ભાજપ પ્રેરિત અશોક ચૌધરી જુથે વિજાપુર સિવાયની તમામ ૧૩ બેઠકો જીતી હતી. ખેરાલુ બેઠક પર વિપુલ ચૌધરીની બે મતે હાર થઈ છે. મહેસાણા વર્ધમાન વિદ્યાલયમાં વાર્ષિક ૫૦૦ કરોડનું ટર્નઓવર ધરાવતી મહેસાણા દૂધસાગર ડેરીના નિયામક મંડળની ચૂંટણી માટેનું મતદાન શરૂ થયું હતું.આ વખતે રસાકસી વચ્ચે રેકર્ડબ્રેક ૯૯.૧૧ ટકા મતદાન થયું હતું. સાંજે અહીં જ ભારે ઉત્સુકતા વચ્ચે મત ગણતરી હાથ ધરવામાં આવી હતી.



## દૂધસાગર ડેરીની ચૂંટણીમાં વિજેતા ઉમેદવારોની યાદી

| બેઠક | ઉમેદવારનું નામ | પેનલ |
|---|---|---|
| મહેસાણા | અશોકભાઇ ભાવસંગભાઇ ચૌધરી | પરિવર્તન પેનલ |
| ચાણસ્મા | અમરતભાઇ માધાભાઇ દેસાઇ | પરિવર્તન પેનલ |
| કડી | જશીબેન રાજાભાઇ દેસાઇ | પરિવર્તન પેનલ |
| સિધ્ધપુર | રમીલાબેન ઠાકોર | પરિવર્તન પેનલ |
| કલોલ | જબુબેન મનુજી ઠાકોર | પરિવર્તન પેનલ |
| સમી | સકતાભાઈ ભરવાડ | પરિવર્તન પેનલ |
| માણસા | યોગેશભાઈ પટેલ | પરિવર્તન પેનલ |
| માણસા-૨ | કનુભાઇ ચૌધરી | પરિવર્તન પેનલ |

| બેઠક | ઉમેદવારનું નામ | પેનલ |
|---|---|---|
| વિસનગર | એલ. કે. પટેલ | પરિવર્તન પેનલ |
| વિસનગર-૨ | દિલિપભાઇ ચૌધરી | પરિવર્તન પેનલ |
| ખેરાલુ | સરદારભાઇ ચૌધરી | પરિવર્તન પેનલ |
| ખેરાલુ-૨ | માનસિંહભાઈ ચૌધરી | પરિવર્તન પેનલ |
| વિજાપુર | દશરથલાલ જોષી | વિકાસ પેનલ |
| વિજાપુર-૨ | કમલેશભાઇ પટેલ | વિકાસ પેનલ |
| પાટણ | રમેશભાઈ મગનભાઈ રબારી | પરિવર્તન પેનલ |

## ડીસાના જુનાસણથની સીમના ખેતરમાંથી માતા અને પુત્રીની લાશ મળી

ભીલડીઃ કાંકરેજ તાલુકાના શીયા ગામના ગીતાબેન સરતનભાઈ રબારી ઉ.વ. ૪૧ અને પુત્રી મિનલબેન સરતનભાઈ રબારી (ઉ.વ. ૧૫ રહે. શીયા તા.કાકંરેજ) ૩ દિવસ અગાઉ પોતાના પિયર મલવા જવુ છું તેમ કહીને નીકળી હતી. જે બાદ મંગળવારે ડીસા તાલુકાના સણથ ગામેથી ખેતરમાંથી બન્ને મા દિકરીની રહસ્મય રીતે લાશ મળી આવી હતી. જેની ભીલડી પોલીસને જાણ થતા ભીલડી પી.એ.સાઈ. એ.બી.શાહ ઘટના સ્થળે જઈ મૃતકોની ઓળખ વિધી કરીને પોતાના વારસદારોને જાણ કરી ભીલડી સી.એચ.સી ખાતે પોસ્ટમોટ્ર્મ અર્થે ખસેડવામા આવી હતી.

## હોંગકોંગ રહેતા બનાસકાંઠાના પરિવારની 'ત્રણ પેઢી' દીક્ષા લેશે

બનાસકાંઠાઃ મૂળ ઉત્તર ગુજરાતના બનાસકાંઠા જિલ્લાના ડીસા અને ધાનેરાનો આ પરિવાર હોંગકોંગમાં એક મહત્વના ડાયમંડ ફર્મ સાથે સંકળાયેલો છે. આ પરિવારની ત્રણે પેઢીમાં મા, દીકરી અને નાની સામેલ છે. જેમાં પરિવારની હોંગકોંગ નિવાસી પરીશી શાહ (ઉ.વ. ૨૩), તેની નાની ઇંદુબેન શાહ (ઉ.વ. ૭૩) અને મા હેતલબેન છે. આ ત્રણેયે એકસાથે રામચંદ્ર સમુદાયના સાધ્વી હિતદર્શનીશ્રીજીના માર્ગદર્શનમાં દીક્ષા લેવા માટે તૈયારી શરૂ કરી છે. પરીશીએ હોંગકોંગમાં સાયકોલોજી વિષયમાં ડિગ્રી લીધી છે.

દીક્ષાનો નિર્ણય લેનાર પરીશી કહે છે કે, તેણે હોંગકોંગથી સાયકોલોજીમાં ડિગ્રી લીધી છે. તેણે સ્કૂલનો અભ્યાસ પણ હોંગકોંગમાં કર્યો છે. જ્યાં તેના પિતા ભરત મહેતા ડાયમંડનો બિઝનેસ કરી રહ્યા છે. જયારે તેનો ભાઈ જૈનમ યૂએસમાં ડેટા સાયન્સનું શિક્ષણ મેળવી રહ્યો છે.

પરીશીએ જણાવ્યું કે, "હું ભારત આવી તો નાની સાથે દેરાસર ગઈ હતી. અહીં મે પ્રવચનો સાંભળ્યા હતા. જેનાથી હું એટલી પ્રભાવિત થઈ છું. પરીશીની મા હેતલબેનને આ વિશે જાણ થઈ તો તેઓ તરત જ હોંગકોંગથી મુંબઈ આવ્યા હતા. જે બાદ હેતલબેને પણ દીક્ષાનો નિર્ણય કર્યો છે.

## મહિસાગર યુનિ.નો છબરડો, ૫૦ માર્ક્સના પેપરમાં શૂન્ય, ૫૨ અને ૬૨ માર્ક આપ્યા

વડોદરા : મહિસાગરની ગુરુ ગોવિંદસિંહ યુનિવર્સિટીનો મોટો છબરડો સામે આવ્યો છે. જેમાં વિદ્યાર્થીઓને ૫૦ માર્ક્સના પેપરમાં વિદ્યાર્થીઓને ૬૨ માર્ક્સ આપ્યા હોવાનું સામે આવ્યું છે. યુનિવર્સિટીની પરીક્ષાના પરિણામમાં મોટી ગરબડ થતા મોટો હોબાળો થયો છે. કેટલાક વિદ્યાર્થીઓને શૂન્ય, ૫૨ અને ૬૨ માર્ક પણ આપ્યા હોવાનું સામે આવ્યું છે.

ગુરુ ગોવિંદ યુનિવર્સિટીમાં મોટાપાયે યુનિવર્સિટીએ લીધેલી પરીક્ષામાં ૫૦ માર્ક્સના પેપરમાં કેટલાક વિદ્યાર્થીઓને શૂન્ય, ૫૨ અને ૬૨ માર્ક આપ્યા હોવાનું સામે આવ્યું છે. મહિસાગરની ગુરુ ગોવિંદસિંહ યુનિવર્સિટીએ લીધેલ એકઝામના રિઝલ્ટમાં મોટાપાયે ગેરરીતિના આક્ષેપ પણ થઈ રહ્યા છે. જેમાં યુનિવર્સિટીએ સાયન્સના વિદ્યાર્થીઓને ગેરરીતિ આચરી અન્યાય કર્યાનો આક્ષેપ લગાવ્યો છે. મહિસાગરની ગુરુ ગોવિંદસિંહ યુનિવર્સિટીમાં એક માસ પહેલા લેવાયેલી પરીક્ષામાં મોટા પાયે વિદ્યાર્થીઓને નાપાસ પણ કર્યા છે. કોરોના કાળ હોવાથી ૫૦ માર્કના પેપર કરવામાં આવ્યા હતા. કુલ નવ પ્રશ્ન વિભાગમાંથી કોઈ પણ ત્રણ જવાબ લખી ૧૫ મેળવવાના હતા, પરંતુ ૫૦ માર્કના પેપરમાં કેટલાક વિદ્યાર્થીઓને ઝીરો માર્ક અપાયા તો અમુકને ૫૨ અને ૬૨ માર્ક્સ અપાયા છે. ૫૦ માર્ક્સનું પેપર હોય અને કોઈ વિદ્યાર્થીઓને ૫૨ અને ૬૨ માર્ક્સ કેવી રીતે આવી શકે તે હાલ ચર્ચાનો વિષય બન્યો છે.

## MSUના ભૂતપૂર્વ વિદ્યાર્થી સાગરની ભાભા એટોમિક રિસર્ચ સેન્ટરમાં પસંદગી થઈ

વડોદરાઃ ભાભા એટોમિક રિસર્ચ સેન્ટરમાં એટોમિક એનર્જી વિભાગમાં સાયન્ટીફિક ઓફિસર તરીકે ગુજરાતમાંથી એકમાત્ર એમ.એસ.યુનિ. માંથી વર્ષ ૨૦૧૮માં સિવિલ એન્જિનિયરિંગમાં બેચલર ડિગ્રી પ્રાપ્ત કરનાર વિદ્યાર્થી સાગર પટેલની પસંદગી થઈ છે. સાગર પટેલે કહ્યું કે બેચલરના અભ્યાસ બાદ હું બે વર્ષ સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટે તૈયારી કરતો હતો. ભાભા એટોમિક રિસર્ચ સેન્ટરમાં અભ્યાસ કરવા માટે વર્ષ ૨૦૨૦માં ગેટની પરીક્ષા આપી હતી જેમાં મારો ઓલ ઈન્ડિયા રેન્ક ૩૧મો હતો. જેથી રિસર્ચ સેન્ટરમાં મારી પસંદગી થતા ડિસેમ્બર માસમાં ઈન્ટરવ્યૂ આપ્યો હતો.

## પંચમહાલમાં આત્મવિલોપનની ચીમકી બાદ દોડધામ

પંચમહાલ: પંચમહાલના વલ્લભપુર ગામે સર્વે નંબર ૬૫૭ બ (૯૮૧૪) આવેલી ગ્રેનાઈટ પથ્થરની લીઝ કાયમ માટે રદ થાય તે માટે ગામના જાગૃત નાગરિકોએ ગાંધીનગર સુધી રજુઆત કરી હતી. આ ગામના જાગૃત નાગરિકો લીઝમા ખોદકામ કરેલની માપણી કરીને યોગ્ય કાર્યવાહી ખાણ ખનીજ વિભાગ કરે તેવી આશા રાખી રહ્યા હતા. આ ગામના યુવાન સોલંકી ગજેન્દ્ર સિંહ, સોલંકી જશપાલ સિંહ, મુકેશ ભાઈ, અરવિંદ ભાઈ, સોલંકી યુવરાજ સિંહ તેમજ સોલંકી જશવંત સિંહ સહિતનાઓએ મામલતદાર કચેરી ખાતે કથિત ખોટી રીતે એક પાકી અને બે કાચી નોંધ પાડી હોવાનો આક્ષેપ સાથે આ નોંધ રદ કરવા માટે પ્રાંત કચેરી અને જિલ્લા કલેકટર કચેરી ખાતે લેખિતમાં રજૂઆત કરી હતી. સાથે મામલતદાર કચેરી ખાતે ગૌચર જમીનમાં પાડેલ કુલ ત્રણ નોધ રદ નહી કરવામાં આવેતો આત્મવિલોપનની ચીમકી ઉચ્ચારી હતી.

જેને લઈ વલ્લભપુર ગામના આઠ જેટલા યુવાનો આજે લીઝની જમીનમાં પાડેલ એક પાકી અને બે કાચી નોંધ રદ કરવા આઠ પૈકીના ચાર યુવાનો કલેકટર કચેરી ખાતે અને બીજા ચાર યુવાનો પ્રાંત કચેરી ખાતે આત્મવિલોપન કરવાની જાહેરાત કરી હતી. જેને લઈ સંબંધિત તંત્રમાં હડકંપ મચી જવા પામ્યો હતો અને તેઓની ભાળ મેળવવા માટે એડી ચોટીનું જોર લગાવી રહ્યા હતાં. અને ગમે તે રીતે જવાબદાર તંત્ર તેઓને આત્મવિલોપન ન કરે તેના માટેની કવાયત હાથ ધરી હતી.

## વૃશ્ચિકનો ચંદ્ર- વિંછુડો, ધનારક-મિનારક, પંચકની ગ્રહોની આકાશીય સ્થિતિ મુજબ રચાતા યોગોની માહિતી

**વિંછુડાની સમજ** : આકાશીય રાશિ પટલમાં વૃશ્ચિક રાશિમાં ચંદ્ર વિશાખા નક્ષત્રના ચોથા ચરણમાં પ્રવેશ કરે ત્યારથી વિંછુડાની શરૂઆત થાય તે અનુરાધા નક્ષત્રના ચાર ચરણ અને જેષ્ઠા નક્ષત્રના ચાર ચરણ સુધી ચંદ્ર વૃશ્ચિક રાશિના કુલ નવચરણ ચંદ્રને પસાર થતા ચંદ્રને "૫૪" કલાક થાય તે સમયને વિંછુડો કહેવામાં આવે છે. આ સમયમાં શુભકાર્યો થઈ શકતા નથી.

**ધનારક** : સૂર્ય જ્યારે ધન રાશિના મુળ નક્ષત્રના ચાર ચરણ, પૂર્વાષાઢાના ચાર ચરણ અને ઊત્તરા ષાઢાના પહેલા ચરણમાંથી પસાર થાય તેને ધનારક કહે છે. ધનારક ૩૦ દિવસ સુધી રહે છે. તેના કુલ ૭૨૦ કલાક થાય. સૂર્ય દરેક ચરણમાં ૮૦ કલાક રહે છે. આમ નવ ચરણ અને ધન રાશિના ૧ અંશ થી ૩૦ અંશ સુધી સૂર્ય ભ્રમણ કરે તેને ધનારક કહેવામાં આવે છે. સને ૨૦૨૦ની ડીસેમ્બર માસની ૧૬મી તારીખથી સને ૨૦૨૧ જાન્યુઆરીને બુધવાર સુધી રહે છે. આને ધર્નુમાસ પણ હિન્દુ શાસ્ત્રમાં કહેવાય છે. આ સમયમાં ભગવાનને ખીચડો ધરાવવામાં આવતો હોય છે. શુભકાર્યો થઈ શકતા નથી.

**મિનારક** : સૂર્ય જ્યારે મિન રાશિના પૂર્વાભાદ્ર પદા નક્ષત્રના ચોથા ચરણમાં પ્રવેશ કરે અને ઊત્તરાભાદ્રપદના ચાર ચરણ તથા રેવતી નક્ષત્રના ચાર ચરણમાંથી પસાર થતા સુર્યને ૩૦ દિવસ કુલ ૭૨૦ કલાક નવચરણના પ્રત્યેક ચરણમાં ૮૦ કલાક સુય પસાર કરે છે. આમ સૂર્ય મિન રાશિના ૧ અંશથી ૩૦ અંશ સુધી ભ્રમણ કરે તેને મિનાકર કહેવામાં આવે છે.

સને ૨૦૨૧ની માર્ચ માસની ૧૫મી તારીખથી એપ્રિલ માસની ૧૩મી તારીખને મંગળવારને ૨૬ કલાક ૩૪ મિનિટે પૂર્ણ થશે. ત્યારબાદ ચૈત્રમાસની નવરાત્રિનો પ્રારંભ થાય છે. આમ નિમારકના સમયમાં ફાગણ માસ હોળાષ્ટક વિગેરે આવતા હોવાથી શુભકાર્યો લગ્ન-વિવાહ વિ. થઈ શકતા નથી.

**પંચકની સમજ** : ચંદ્ર જ્યારે કુંભરાશિ અને મીનારિશમાં ભ્રમણ કરે તે સમય ગાળાના પાંચ દિવસોને પંચક તરીકે કહેવામાં આવે છે.

કુંભરાશિના ધનિષ્ઠા નક્ષત્રના ત્રીજા ચરણમાં ચંદ્ર પ્રવેશ કરે ત્યારે પંચકની શરૂઆત થાય છે. તે ધનિષ્ઠાના બે ચરણ શતભિષાના ચાર ચરણ. પૂર્વાભાદ્ર પદના ચાર ચરણ, ઊત્તરા-ભાદ્ર પદના ચાર ચરણ અને મિનરાશિના રેવતી નક્ષત્રના ચાર ચરણ સુધીના ચંદ્રભ્રમને પંચક તરીકે ઓળખાય છે. આમ સાડા ચાર નક્ષત્રોને પંચક કહેવાય છે. પંચક દરમ્યાન ખાસ-લાકડાનો સંગ્રહ કરવો નહીં. ખાત મૂર્હિત કરવું નહીં. ઘરનું ધાબ ભરવું નહીં. દક્ષિણ દિશા તરફ મુસાફરી કરવી નહીં. પંચકમાં મૃત્યુ થાય તો તેની વિધઈ કરાવીને અગ્નિસંસ્કાર કરવો મરણ પાછળનું શય્યા દાન કરવું નહીં, ઘર ભાડે લઈ સામાન ફેરવવો નહીં. આ સિવાય વાસ્તુ નવી ખરીદી- વિવાહ વિગેરે કાર્ય માટે શુભ ગમાય છે. પરંતુ ૧૦ દિવસ પહેલા નાન્દી શ્રાધ્ધ કરાવવુ જરૂરી છે.

ભારતીય હિન્દી- લોકોની સમજ અને ઉપયોગ માટે વિછુડો ધનારક, મિનારક અને પંચકની માહિતી ગ્રાફ સાથે સમજાવેલ છે.

**વિછુંડા ની આકાશીય સ્થિતિ - ગ્રાફ નં. ૧**



**ધનારક - કમૂર્તાની આકાશીય સ્થિતિ - ગ્રાફ નં. ૨**



**મિનારકની આકાશીય સ્થિતિ - ગ્રાફ નં. ૩**



**કુંભ, મિનના સૂર્ય ભ્રમણ "પંચક"ની આકાશીય સ્થિતિ - ગ્રાફ નં. ૪**






--------------- : સંપર્ક સાધવા માટે : ---------------

**બીપીન જ્યોતિષી**

૨૨, સંતરામનગર સોસાયટી, નાના કુંભનાથ રોડ, નડીયાદ-૩૮૭૦૦૧

જિલ્લો ખેડા - ગુજરાત ઈન્ડિયા. મોબાઈલ - 98790 87511

Time : 10.00 am to 6.00 pm


Quick COMMUNICATION
QUICK COMMUNICATION
PRESENTS
I CAN HELP WITH ALL YOUR HOME FINANCING NEEDS
NATIONAL BANK
Sachin Patel
Mortgage Development Manager
Cell: 647-772-9082
sachin.patel@nbc.ca
COMEDY
KE SANG
LAUGHTER KA KHAZANA
STARRING
MEDIA SUPPORTERS
ગુજરાત એબ્રોડ
ગુજરાત એક્સપ્રેસ
સ્વદેશ
JAGDISH TRIVEDI
KAVI AJATSHATRU
SURESH ALBELA
VIKALP MEHTA
1ST EPISODE ON MONDAY, JANUARY 4, 2021 @ 8.00 PM (EST)
NEW EPISODES EVERY FRIDAY, 2021 @ 8.00 PM (EST)
@ COMEDYKESANG
BUY • SELL • LEASE • INVEST
RESIDENTIAL • COMMERCIAL
Nimesh Shah
REAL ESTATE BROKER
Dir: 647-606-2311
www.shahrealtor.ca
HOMELIFE
PRE-CONSTRUCTION EXPERT
Hetal Nirav
Ashra Professionals Inc
Hetal Parmar (CEO)
(ME MASc P.Eng)
www.ashrapro.com
Hetal@ashrapro.com
647 533 5776
647 717 5776
Insurance
Allstate.
You're in good hands.
Sagar Parikh
Toronto Leaside Agency
100 Vanderhoof Ave.
416-800-3006
sparikh@allstate.ca
We Help Sell Commercial Real Estate
RETIRING? HAVE A BUSINESS TO SELL?
*OVER $150 MILLION WORTH OF PROPERTIES SOLD
Multi Award Winner
SARNAIL SINGH
Real Estate Broker
416-303-2119
info@sarnail.com
www.RealEstateForever.com
Expert mortgage advice for:
• Non-Residents • Self-Employed
• New Immigrants • Multi-Rental Properties
Mobile Mortgage Advisor
Rathin Dave
647 622-3078
rathin.dave@cibc.com
Languages spoken:
English, Hindi, Gujarati, Urdu, Punjabi
CIBC
All mortgages are subject to credit approval.
Buy / Sell Simple With Mitul
MITUL PATEL
REAL ESTATE AGENT
647-830-3286
realtormitul@gmail.com
HOMELIFE
HomeLife/Miracle Realty Ltd.,
SUPERVISA INSURANCE
For Parents & Grandparents
UPTO 45% DISCOUNT
AMIT SHAH
Insurance Advisor
647-296-2609
amit13774@yahoo.com
100% Money Back If Visa Is Declined
INSURANCE ADVICE FOR YOUR FUTURE TODAY
THE BETTER WAY TO BUY OR SELL REAL ESTATE
CHIRAG PATEL
CENTURY 21
647-444-2947
FOR ADVERTISEMENT OR ANY OTHER INQUIRY, PLEASE CONTACT:
NILESH: 647-365-3724

# યુએસમાં મૂળ ગણદેવીના મેહુલ વશીનું અશ્વેત યુવક દ્વારા ગળું દબાવીને હત્યા

એટલાન્ટા : અમેરિકાસ્થમાં વધુ એક ગુજરાતીની હત્યા લેવાયો છે. ગુજરાતના ગણદેવીના મેહુલ વશીની એટલાન્ટામાં હત્યા કરી દેવામાં આવી છે. મોટેલ રીનોવેશન બાબતે અશ્વેત યુવકે ગણદેવીના મેહુલ વશીની હત્યા કરી દીધી છે. જ્યોર્જિયામાં મેહુલ વશીનો પરિવાર સાથે રહેતા હતા. ગણદેવીના યુવાનની અમેરિકાના એટલાન્ટામાં ગળું દબાવી હત્યા કરવામાં આવતા ખળભળાટ મચી જવા પામી છે.



૫૨ વર્ષીય મેહુલ વશી જ્યોર્જિયાના ઓગસ્ટા ઈવાન્સમાં પરિવાર રહે છે. પરિવારમાં પત્ની અને ૨ દીકરીઓ છે. મૃતકના પિતા બીલીમોરા હાઈસ્કૂલના નિવૃત્ત શિક્ષક છે. અમેરિકામાં મેહુલ વશીની હત્યાથી નવસારીમાં ઘેરા પ્રત્યાઘાત પડ્યા છે. મોટેલના રીનોવેશન જેવી નજીવી બાબતે બોલાચાલી થતા અશ્વેત યુવાને મેહુલ વશીની હત્યા કરી દેવાઈ છે.

આ વિશે મળતી માહિતી પ્રમાણે અમેરિકામાં રહેતા અને મૂળ ગણદેવીના બીલીમોરા હાઈસ્કૂલના નિવૃત્ત શિક્ષક રવીન્દ્રભાઈ મગનભાઈ વશી (ઉં.વ. ૮૯)ના દીકરા મેહુલભાઈ વશી (ઉં.વ.૫૨)ની અમેરિકામાં પત્ની, બે દીકરી સાથે જ્યોર્જિયાના ઓગસ્ટા ઈવાન્સમાં રહે છે. મેહુલભાઈ વશી એટલાન્ટામાં રેડ મોટેલમાં જનરલ મેનેજર તરીકે કાર્ય કરતા અને ત્યાં જ રહેતા હતા. મોટેલમાં નશામાં ચૂર એક અશ્વેતે મેહુલ વશી પર હુમલો કરી હત્યા કરી દીધી છે.

# સુરતમાં બેંકની પઠાણી ઉઘરાણીથી ત્રસ્ત માતા અને પુત્રનો આપઘાત

સુરત : સામાન્ય માણસ ઉપર હવે કોરોના મહામારી અને લોકડાઉનની અસર જોવા મળી રહી છે. હવે રાજ્યમાં આર્થિક સંકળામણ અને બેંકની ઉઘરાણીથી કંટાળી લોકો આપઘાત કરી રહ્યા હોવાના કિસ્સાઓ સામે આવી રહ્યા છે. સુરતના પીપલોદમાં માતા-પુત્રએ આપઘાત કરતા ચકચાર મચી જવા પામી છે. આર્થિક સંકડામણમાં માતા અને પુત્રએ આપઘાત કર્યાની આશંકા વ્યક્ત કરવામાં આવી રહી છે. ઉમરા પોલીસે આપઘાત અંગે તપાસ હાથ ધરી છે. પ્રાપ્ત માહિતી અનુસાર સુરતના પીપલોદ વિસ્તારની આ ઘટના છે. જ્યાં માતા-પુત્રનોએ ઘરમાં પંખા પર લટકી ફાંસો ખાઈને આપઘાત કરી લીધો છે. પ્રાથમિક તપાસમાં આર્થિક સંકડામણમાં પુત્ર અને માતાએ મોતને વ્હાલું કર્યાની આશંકા સેવાઈ રહી છે. આપઘાત કરનાર માતા-પુત્ર પૈકી પુત્ર ગત બે દિવસથી મિત્રોને આપઘાત કરવાની વાત કરતો હતો. આ દરમિયાન પુત્રએ પોતાની પત્ની અને પુત્રને તેમના મામાના ઘરે મૂકી આવ્યો હતો. સૂત્રો અનુસાર પૈસાનું દેવું વધી જતાં બેંકવાળા ફોન કરી માતા અને પુત્રને ધમકી આપતા હતા અને પઠાણી ઉઘરાણી કરતા હતાં. જેથી ત્રસ્ત આવી આ માતા-પુત્રએ આપઘાત કર્યા હોવાનું સૂત્રો જણાવી રહ્યા છે. હાલ સમગ્ર મુદ્દે મામલે ઉમરા પોલીસે તપાસ હાથ ધરી છે.

# ભરૂચમાં ધાણીખૂંટ ગામે બેકાબુ ટ્રકે ૩ બાઈકને ટક્કર મારી, પાંચ લોકોના મોત

ભરૂચ : ભરૂચના ધાણીખૂંટ ગામે એક બેકાબૂ ટ્રકે ત્રણ જેટલા બાઈકસવારોને ટક્કર મારી હતી બાદમાં આ બૂકાબૂ ટ્રક પણ પલ્ટી મારી ગયો હતો. જેને પગલે નેત્રંગના ધાણીખૂંટ ગામે રસ્તા પર લોકોના ટોળા ઉમટી પડ્યા હતા. અને સ્થાનિક લોકોએ પોલીસ અને ૧૦૮ની ટીમને ફોન કર્યો હતો. આ દરમિયાન લોકોએ ટ્રકનો કાટમાળ હટાવાની કોશિશ પણ કરી હતી. જેમાથી બે યુવકોના મૃતદેહ ફસાયા હતા. ત્યાં જ સારવાર દરમિયાન વધુ એક વ્યક્તિનું મોત નિપજતા કુલ મૃત્યુઆંક પાંચ પર પહોંચ્યો છે ત્યાં જ ૨ લોકોની સારવાર ચાલી રહી છે. અકસ્માતની ઘટનાની જાણ થતા જ પોલીસ કાફલો અને ૧૦૮ની ટીમ ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી અને રસ્તા પરથી બેકાબૂ ભીડને હટાવી હતી. તપાસ દરમિયાન કુલ ચાર લોકોના મોતની પુષ્ટિ થઈ હતી. આ મામલે સ્થાનિક પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

# સુરત ડિસ્ટ્રીકટ બેંકના ત્રણ ડિરેકટરે ભાજપની પેનલ સામે ઉમેદવારી કરી

- કોંગ્રેસના બે ધારાસભ્યો સહિત ૧૪ ઉમેદવારોએ ફોર્મ ભર્યા

સુરત : સુરત ડિસ્ટ્રીકટ બેન્કની ચૂંટણીમાં ભાજપે વર્તમાન ત્રણ ડીરેકટરોને પેનલમાંથી કાપી નાંખતા ધનસુખ પટેલ બાદ આજે બીજા બે ડીરેકટરોએ પણ ભાજપ સામે બળવો પોકારીને પેનલની વિરુદ્ધમાં ઉમેદવારી નોંધાવી હતી. સાથે જ માંડવી સાંસદની સામે પણ ત્રણ ઉમેદવારોએ ફોર્મ ભર્યું છે. બે ધારાસભ્ય, વર્તમાન ચેરમેન સહિત ૧૪ ઉમેદવારી ફોર્મ ભરાયા હતા.

આગામી ૨૮ મી જાન્યુઆરીના રોજ યોજાનારી સુરત ડિસ્ટ્રીકટ બેન્કની ચૂંટણી માટે આજે ફોર્મ ભરવાની પ્રકિયા દરમ્યાન ૧૧ બેઠકો પરથી કુલ ૧૪ ઉમેદવારી ફોર્મ ભરાયા હતા. જેમાં ઓલપાડ-ચોર્યાસી સહકારી મંડળીમાં ભાજપે જાહેર કરેલ પેનલના અશ્વિન પટેલ સામે ઓલપાડના માજી ધારાસભ્ય કિરિટ પટેલે ઉમેદવારી નોંધાવી હતી. પલસાણા બેઠક પરથી જિલ્લા પંચાયતની શિક્ષણ સમિતિના માજી ચેરમેન રમેશ વસંત પટેલે પણ પેનલની વિરુદ્ધ ઉમેદવારી નોંધાવી હતી. માંડવીના સાંસદનું પેનલમાં નામ જાહેર કર્યા બાદ આ બેઠક પરથી અત્યાર સુધી ત્રણ ઉમેદવારી ફોર્મ ભરાયા છે. આ ઉપરાંત કોગ્રેસના બે ધારાસભ્યો પુના ગામીત અને સુનીલ ગામીત પણ બેન્કની ચૂંટણીમાં ઉમેદવારી નોંધાવી હતી.

# સુરત શહેર ભાજપના પૂર્વ ઉપપ્રમુખ શર્માની ૮ કરોડની મિલકતો ટાંચમાં લેવાઈ

સુરત : શહેર ભાજપના પૂર્વ ઉપપ્રમુખ અને પૂર્વ ઈન્કમટેક્સ ઓફિસર પી.વી.એસ. શર્માએ રૂપિયા ૨.૭૦ કરોડની ઠગાઈના કેસમાં ડાયરેકટર ઓફ એન્ફોર્સમેન્ટએ ૨.૭૦ કરોડની મિલકત જપ્ત કરી છે. જોકે તેની માર્કેટ કિંમત અંદાજીત ૮ કરોડની આસપાસ થાય છે. જેમાં આઠ દુકાન, બે ફ્લેટ, ત્રણ પ્લોટ અને ૨૪ લાખની એફડી પણ કબ્જામાં લેવાઈ છે. દિવાળી પહેલા પી.વી.એસ.શર્માના ઘર અને ઓફિસ પર ઈન્કમટેક્સ વિભાગ દ્વારા તપાસ હાથ ધરાઈ હતી. તપાસ દરમિયાન આયોજનબધ્ધ રીતે કરેલી રૂપિયા ૨.૭૦ કરોડની છેતરપિંડી બહાર આવી હતી. આઈ.ટી. અધિકારીઓની તપાસમાં શર્મા સત્યમ ટાઈમ્સ નામનું ગુજરાતી અને અંગ્રેજી ભાષામાં અખબાર પ્રકાશિત કરતા હોઈ સરક્યુલેશનના આંકડાઓની ખોટી માયાજાળ રચી હતી.

# ૩૦૦ કરોડના ખર્ચે ડુમસ સી-ફેસનો પહેલો ફેઝ ડેવલપ કરવા કવાયત શરૂ

- ૧.૯૨ હેકટરમાં ડેવલપમેન્ટ કરાશે: મુખ્યમંત્રી સમક્ષ પ્રેઝન્ટેશન કરાયું

સુરત : સુરતીઓ માટે વીક એન્ડની ઉજવણીના સ્થળ એવા ડુમસ દરિયા કિનારો ત્રણ તબક્કામાં વિકસાવવા મ્યુનિ.એ ગુજરાત સરકાર પાસે જગ્યાની માંગણી કરાશે. થોડા સમય પહેલા સી-ફેસ ડેવલપમેન્ટનું પ્રેઝન્ટેશન મુખ્યમંત્રી સમક્ષ કરાયા બાદ સરકાર તરફથી હકારાત્મક પ્રતિસાદ મળતા રૂા.૩૦૦ કરોડના ખર્ચે પહેલા તબક્કાના ડેવલપમેન્ટ માટે કવાયત શરૂ થઈ છે. સુરતીઓ વીક એન્ડ માટે નજીકના સ્થળ ડુમસ બીચ પર ઉમટે છે. જોકે, અહી ખાસ સુવિધા ન નથી. મ્યુનિ.ના હદ વિસ્તરણ બાદ ડુમસ સુરત સિટીની હદમાં સમાવાયા બાદ સી-ફેસ ડેવલપમેન્ટ માટે વિચારણા શરૂ થઈ હતી. જોકે, સી-ફેસ ડેવલપમેન્ટ માટે તમામ જગ્યા સરકારી, ફોરેસ્ટ વિભાગની હોવા સાથે સીઆરઝેડનો પણ પ્રશ્ન હોવાથી આયોજન આગળ વધ્યું નહોતું. દરમિયાન દરિયા ગણેશ મંદિરના ઉત્તર ભાગમાં આવેલા ૧૬.૯૨ હેક્ટરનો ભાગ જ્યાં સીઆર ઝેડની અસર નથી થતી તે વિસ્તારને પહેલા ફેઝ તરીકે ડેવલપ કરવા તંત્રએ ચક્રો ગતિમાન કર્યા છે. પહેલો ફેઝ ડેવલપ કરવા અંદાજે રૂા.૩૦૦ કરોડનો ખર્ચ થશે. આ માટે સરકારમાંથી ફંડ મેળવવા કે પબ્લીક પ્રાઈવેટ પાર્ટનરશીપથી કામ કરવા વિચારણા થઈ રહી છે. પહેલા ફેઝને ડેવલપ કરવા મુખ્યમંત્રી સમક્ષ પ્રેઝન્ટેશન બાદ સરકાર પાસે જગ્યા માંગવાની કવાયત શરૂ થઈ છે. સી-ફેસ ડેવલમેન્ટ થવાનું છે ત્યાં ૭૮ હેકટર જગ્યા સરકારની અને ૨૩ હેકટર જગ્યા ફોરેસ્ટ વિભાગની છે.


LIFE INSURANCE
MORTGAGE/LINE OF CREDIT INSURANCE

Q : Do you have MORTGAGE / Line Of Credit Insurance With BANK ?
A : Compare & Save up to 50% LOWEST RATES GUARANTEED

Monthly Premiums TERM 10 (RCC) Preferred Plus Non Smoker with Medical Test

| AGE | $ 250,000 Male & Female | | $500,000 Male & Female | | $1000,000 Male & Female | |
|---|---|---|---|---|---|---|
| 30 Yrs | $ 12.00 | $ 07.00 | $ 18.00 | $ 10.00 | $ 32.00 | $ 19.00 |
| 40 Yrs | $ 13.00 | $ 08.00 | $ 22.00 | $ 14.00 | $ 36.00 | $ 26.00 |
| 50 Yrs | $ 30.00 | $ 18.00 | $ 50.00 | $ 31.00 | $ 95.00 | $ 60.00 |
| 60 Yrs | $ 85.00 | $ 56.00 | $ 146.00 | $ 103.00 | $ 271.00 | $ 190.00 |

ALSO AVAILABLE
- NO MEDICAL TEST LIFE INSURANCE (up to age 85) (Even it you have DIABETES, BLOOD PREASURE, HEART ATTACK, STROKE) CANCER OR INSURANCE declined by other companies
- CORPORATION OWNED LIEF / CRITICAL ILLNESS INSURANCE (Key Person INSURANCE, BUY SELL AGREEMENT, GROUP BENEFITS)
- MONEY BACK LIFE / CRITICAL ILLNESS INSURANCE, RRSP, RESP, TFSA

Visitor To CANADA INS, TRAVEL INS, Lite ins For Refugees & Work Permits



Davinder Singh Chawla
Call For HONEST ADVICE

416.320.4614
Email : - Davindersinghfhl@gmail.com
www.financialhutltd.com.
Toll : 1866.623.0865

MONTHLY & ANNUAL PLANS
SUPER VISA INSURANCE
HARD TO BEAT OUR PREMIUMS




# ભારતમાં બર્ડ ફલૂના ૧ ૨ એપી સેન્ટર, યુરોપમાં દસ્તક

નવી દિલ્હી : ભારતનાં ચાર રાજ્યો રાજસ્થાન, મધ્યપ્રદેશ, હિમાચલપ્રદેશ અને કેરળમાં બર્ડ ફલૂ ફેલાયો હોવાનું કેન્દ્ર સરકારે સમર્થન આપી ૯ જિલ્લામાં ૧૨ સ્થળને બર્ડ ફલૂના એપી સેન્ટર જાહેર કર્યા છે.

રાજસ્થાનના ૩, મધ્યપ્રદેશના ૩, હિમાચલના એક અને કેરળના બે જિલ્લામાં ૧૨ સ્થળોએ પક્ષીઓમાં બર્ડ ફલૂ ફાટી નીકળતાં લાખો પક્ષીઓનાં મોત થયાં છે. મંત્રાલયે એડવાઈઝરી જારી કરી એવિયન ઈન્ફલુએન્ઝાની ગાઈડલાઈન પ્રમાણે પગલાં લેવાનો આદેશ આપ્યો છે. સરકારે રાજ્યોને મદદ કરવા નિષ્ણાંતોની ટુકડીઓ મોકલી આપી છે.

કેન્દ્રીય મંત્રાલય દ્વારા દિલ્હીમાં એક કન્ટ્રોલ રૂમની સ્થાપના કરાઈ છે. સરકારે જણાવ્યું હતું કે, દેશમાં હજુ માનવીમાં બર્ડ ફલૂનું સંક્રમણ સામે આવ્યું નથી. પરંતુ માનવીમાં તેનો પ્રસાર નકારી શકાય નહીં. પશુપાલન મંત્રી ગિરિરાજ સિંહે જણાવ્યું હતું કે, ઈંડા અને માંસ બરાબર રાંધીને ઔખાવા જોઈએ. બીજી તરફ ૧૦ યુરોપિયન દેશમાં બર્ડ ફલૂનો રોગચાળો જોવા મળી રહ્યો છે. નેધરલેન્ડ, જર્મની, ફ્રાન્સ, બેલ્જિયમ, બ્રિટન, ડેન્માર્ક, સ્વીડન, પોલેન્ડ, ક્રોએશિયા અને યુક્રેનમાં બર્ડ ફલૂના કેસ નોંધાયા છે.

### ભારતમાં એપી સેન્ટર

૧. રાજસ્થાન : બારન, કોટા, ઝાલાવાડ જિલ્લા ૨. મધ્યપ્રદેશ : મંદસૌર, ઇન્દોર અને માલવા જિલ્લા ૩. હિમાચલપ્રદેશ : કાંગડા જિલ્લો ૪. કેરળ : કોટ્ટયમ, આલાપુઝા જિલ્લા

### વિશ્વમાં ફ્લૂની દસ્તક

૧. ફ્રાન્સ : ૬ લાખ મરઘાંનો નાશ કરવાની યોજના ૨. જર્મની : ૬૨,૦૦૦ ટર્કી અને બતકનો નાશ કરાશે ૩. દ. કોરિયા : દેશભરના પોલ્ટ્રી ફાર્મને હાઇએલર્ટના આદેશ ૪. જાપાન : આખા દેશના પોલ્ટ્રી ફાર્મને ડિસઇન્ફેક્ટ કરવા આદેશ

## બર્ડ ફલુને કારણે હરિયાણામાં કુલ ચાર લાખ પક્ષીઓનાં મોત

હિમાચલ પ્રદેશ, કેરળ, રાજસ્થાન અને મધ્ય પ્રદેશમાં બર્ડ ફલુને કારણે ૨૫,૦૦૦થી વધુ પક્ષીઓના મોત થતા કેન્દ્ર સરકારે રાજ્યો માટે એલર્ટ જારી કરી છે. હરિયાણામાં બર્ડ ફલૂનો કેર આખા દેશમાં સૌથી વધુ જોવા મળ્યો છે. ત્યાં છેલ્લા ૧૦ દિવસમાં ૪ લાખથી વધુ પક્ષીઓ મર્યાના અહેવાલ છે. વન વિભાગના અધિકારીઓના જણાવ્યા અનુસાર છેલ્લા એક સપ્તાહમાં કેરળમાં ૨૦,૦૦૦ બતકોના મોત થયા છેય જ્યારે હિમાચલ પ્રદેશમાં છેલ્લા ૧૫ દિવસમાં ૩૪૦૦ પક્ષીઓના મોત થયા છે. મધ્ય પ્રદેશ અને રાજસ્થાનના વિવિધ જિલ્લાઓમાં કાગડાઓના મોત થયા હોવાના અહેવાલ પ્રાપ્ત થયા છે. રાજસ્થાનના ૩૩માંથી ૧૬ જિલ્લાઓમાં મંગળવાર સુધીમાં ૬૨૫ કાગડાઓના મોત થયા છે.

## વિશ્વની સૌપ્રથમ ડબલ ડેકર માલગાડીને મોદીની લીલીઝંડી

નવી દિલ્હી : વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ગુરુવારે વેસ્ટર્ન ડેડિકેટેડ ફ્રેટ કોરિડોરના ૩૦૬ કિ.મી. લાંબા રેવાડી-મદાર સેક્શનનું લોકાર્પણ કર્યુ હતું. આ સાથે વડાપ્રધાને ઈલેક્ટ્રિક ટ્રેક્શન દ્વારા દોડનારી ૧.૫ કિ. મી. લાંબી દુનિયાની પહેલી ડબલ ડેકર માલગાડી ટ્રેનને પણ લીલીઝંડી આપી હતી. વડાપ્રધાને જણાવ્યું હતું કે, ન્યૂ અટેલીથી ન્યૂ કિશનગઢ સુધી ૧.૫ કિ.મી. લાંબી માલગાડીની શરૂઆતની સાથે આજે દુનિયા પસંદગીના દેશોમાં તેની હાજરી નોંધાવી રહ્યું છે.દેશના ઈન્ફ્રાસ્ટ્રક્ચરને આધુનિક બનાવવાનો 'મહાયજ્ઞા' આજે નવી ઊંચાઈઓ પર પહોંચ્યો છે. આજનો દિવસ એનસીઆર, હરિયાણા અને રાજસ્થાનના ખેડૂતો, ઉદ્યોગપતિઓ, વેપારીઓ માટે નવી તકો લાવ્યો છે. સમર્પિત ફ્રેટ કોરિડોર પૂર્વીય હોય કે પશ્ચિમી તે માત્ર માલગાડીઓ માટે આધુનિક રૂટ નથી. ૨૧મી સદીમાં તે દેશના ઝડપી વિકાસનો કોરિડોર છે.

## ૨૦૨૦માં ઈન્ટરનેટ બંધથી ભારતને રૂપિયા ૨૦૫ અબજનું નુકસાન થયું

**• ડિજિટલ ઈન્ડિયાની વાતો કરતી ભારત સરકારે આખા જગતમાં સૌથી વધુ ઈન્ટરનેટ બંધ કર્યુ**

નવી દિલ્હી : ભારતમાં સરકાર જ્યારે સ્થિતિ પર કાબુ મેળવી ન શકે ત્યારે નાગરિકોને હેરાનગતી થાય એવા પગલાં ભરવાનું પસંદ કરે છે. એટલે કાયદો-વ્યવસ્થાના નામે સરકાર વારંવાર ઈન્ટરનેટ બંધ કરે છે. ઈન્ટરનેટ બંધ થાય તો અત્યારની સ્થિતિમાં જીવાદોરી જ બંધ થાય કેમ કે મોટા ભાગના લોકોનો વેપાર-ધંધો ઈન્ટરનેટ આધારીત થતો જાય છે. ૨૦૨૦માં એટલે જ ઈન્ટરનેટ બંધી કરવાથી ભારતને ૨૦૫ અબજ રૂપિયાનું નુકસાન થયું છે. આખા જગતને ૨૦૨૦માં ઈન્ટરનેટ બંધ થવાથી ૪ અબજ ડૉલરનું નુકસાન થયું છે. તેમાં ૭૫ ટકાથી વધારે હિસ્સો ભારતનો છે. આજ રજૂ થયેલા રિપોર્ટ 'ધ ગ્લોબલ કોસ્ટ ઓફ ઈન્ટરનેટ શટડાઉન'માં આ વિગતોનો ખુલાસો કરવામાં આવ્યો છે. એ પ્રમાણે ભારતમાં ૨૦૨૦ના બાર માસ દરમિયાન વિવિધ સ્થળોએ વિવિધ સમયે મળીને કુલ ૮૯૨૭ કલાક ઈન્ટરનેટ બંધ રહ્યું હતું. એક કરોડથી વધારે નાગરિકોને વિપરિત અસર થઈ હતી. જગતના સૌથી લાંબા ઈન્ટરનેટ લોકડાઉનનો રેકોર્ડ પણ ભારતના નામે છે. ઓગસ્ટ ૨૦૧૯થી માર્ચ ૨૦૨૦ સુધી કાશ્મીરમાં સતત ૨૧૩ દિવસ નેટ બંધ રહ્યુ હતુ. કાશ્મીરમાં જોકે ગંભીર સ્થિતિને કારણે નેટ બંધ કરાયુ હતુ. આ ગણતરી વર્લ્ડ બેન્ક, ઈન્ટરનેશનલ ટેલિકમ્યુનિકેશન યુનિયન અને સોફ્ટવેર ફ્રીડમ લો સેન્ટર એમ ત્રણ સંસ્થાઓએ મળીને કરી હતી.

## મૃતકના ખાતામાંથી પૈસા લેવા લોકો મૃતદેહને જ બેન્કમાં લઈ ગયા

પટણા : બિહારની રાજધાની પટણામાં એક એવો કિસ્સો સામે આવ્યો હતો. જેમાં અહીંની બેંકમાં પૈસા ઉપાડવા એક મડદું પહોંચી ગયું હતું, તેને જોતા જ અધિકારીઓને પરસેવો છૂટી ગયો હતો. કોઈને પણ સાંભળીને વાર્તા ડરામણી લાગશે પરંતુ આ ચોંકાવનારી ઘટના બની છે તે સત્ય હકીકત છે. આખી ઘટના રાજધાની પટણાના શાહજહાંપુર વિસ્તારની છે. અહીં સિગરિયાવાં ગામની પાસે કેનરા બેંકમાં એ સમયે અફડાતફડી મચી ગઈ હતી જ્યારે અર્થી પર સૂવાડેલા શખ્સના એકાઉન્ટમાંથી પૈસા ઉપાડવા માટે કહેવામાં આવ્યું હતું. સિગરિયાવાં ગામના ૫૫ વર્ષના મહેશ યાદવનું ૫મી જાન્યુઆરીના રોજ મૃત્યુ થયું હતું. અંતિમ સંસ્કાર કરાવાના હતા પરંતુ તેના માટે કોઈની પણ પાસે પૈસા નહોતા. તેથી ગામલોકો તેની લાશને જ બેંકમાં લઈ ગયા હતા.

# સુકર્મો અને કુકર્મો પ્રત્યે મનુષ્યનું કર્તવ્ય



**મુસ્લિમ ધર્મશાસ્ત્ર કુરાન મજીદના બોધવચનો પર આધારિત**

**ઈસ્લામની આરસી**

**કાસિમ અબ્બાસ**

ભાગ-૨

"તે (કયામતના) દિવસે લોકો જુદા જુદા ટોળામાં હશે, જ્યાં તેમને તેમના કર્મો દેખાડવામાં આવશે. જેણે (જગતમાં) જરા સરખો પણ સુકર્મ કર્યો હશે, તેને તે ત્યાં જોઈ લેશે. અને જેણે (જગતમાં) જરા સરખો કુકર્મ કર્યો હશે, તેને પણ તે ત્યાં જોઈ લેશે." (પ્રકરણ ૯૯, શ્લોક ૬, ૭ અને ૮)

"સમય (જમાના)ના સોગંદ, ખરેખર મનુષ્ય તોટા (નુકસાન)માં છે, સિવાય તે લોકોના જેઓ શ્રધ્ધાળુ થયા (ઈમાન લાવ્યા) અને સુકર્મો (આમાલે સ્વાલેહ) કર્યા અને એકબીજાને સત્યની તાકીદ (વસીયત) કરતા રહ્યા અને એકબીજાને ધીરજ (સંયમ, સબ્ર)ની તાકીદ (વસીયત) કરતા રહ્યા (તેઓ તોટામાં નથી.)" (પ્રકરણ ૧૦૩, શ્લોક ૧, ૨ અને ૩)

ઉપરના ચાર બોધવચનોમાં સુકર્મ કરવાવાળાઓ માટે કયા પ્રકારનો બદલો નક્કી કરવામાં આવેલ છે તેના વિષે કહેવામાં આવેલ છે.

હવે આપણે જોઈએ કે મનુષ્ય પોતે સુકર્મો કરતો હોય,તો તેના માટે એટલું જ પુરતું અને સંતોષજનક છે કે તે પોતે સુકર્મો કરી રહ્યો છે માટે તેના પર બીજી કશી જવાબદારી નથી. એટલે કે બીજા લોકો કુકર્મો કરી રહ્યા હોય, ત્યારે તેની કશી જવાબદારી છે કે નહિ ? અને જો છે તો કેટલા અંશે તેની જવાબદારી છે. આ વિષે કુરાન મજીદમાં એ પણ કહેવામાં આવેલ છે કે મનુષ્યે બીજા મનુષ્યોને પણ સુકર્મો કરવાનો આદેશ આપવો જોઈએ અને કુકર્મો કરવાથી રોકવા જોઈએ. એટલે કે કુકર્મો માટે મના કરવી જોઈએ. આ વિષે કુરાન મજીદમાં આ પ્રમાણે બોધવચનો છે :-

"અને તમારામાં એક જૂથ (ઉમ્મત) એવું હોવું જોઈએ, જે લોકોને ભલાઈની તરફ બોલાવે અને સુકર્મો કરવાનો આદેશ (આજ્ઞા-હુકમ) આપે અને કુકર્મો કરવાથી રોકે. અને એવા જ લોકો સંપૂર્ણ સફળ થનાર છે." (પ્રકરણ ૩, શ્લોક ૧૦૩)

"(હે શ્રદ્ધાળુઓ), જગતમાં એ ઉત્તમ જુથ (ઉમ્મત)તમે છો, જેને મનુષ્યોના માર્ગદર્શન અને સુધારાઓ માટે સર્જન કરવામાં આવેલ છે, કારણ કે તમે તેઓને સુકર્મો કરવાનો આદેશ (આજ્ઞા) આપો છો અને કુકર્મો કરવાથી રોકો છો, અને પાલનહાર અલ્લાહ પર સંપૂર્ણ શ્રધ્ધા રાખો છો." (પ્રકરણ ૩, શ્લોક ૧૦૯)

કુરાન મજીદના ઉપર આપેલા બે બોધવચનો ઉપરાંત ઈસ્લામના અંતિમ પયગંબર સાહેબ (સ.અ.વ.)નું એક કથન (હદીસ) છે, જેમાં કુકર્મો કરવાવાળાઓ પ્રત્યે મનુષ્યનું શું કર્તવ્ય હોવું જોઈએ તે વિષે કહેવામાં આવેલ છે. આ કથન (હદીસ) આ પ્રમાણે છે:-

"જો તમે કોઈ કુકર્મ જુઓ, તો તેને પોતાના હાથથી રોકવાની કોશિષ કરો. જો આ ન થઈ શકે, તો તેને પોતાની જીભ (શબ્દો)થી રોકવાની કોશિષ કરો. અને જો તે પણ ન થઈ શકે, તો તે કુકર્મને તમારા અંતકરણથી નઠારૂં કૃત્ય માનો. અને આ માનવું એ શ્રધ્ધા (ઈમાન)નું નીચલું (છેલ્લું) સ્થાન (દરજ્જો) છે." (હદીસ, પુસ્તક "મુસ્લિમ")

કુરાન મજીદના ઉપરના બે બોધવચનો તથા એક હદીસમાં જે કહેવામાં આવેલ છે, તેનો સાર એ છે કે મનુષ્યનું એ પણ કર્તવ્ય છે કે તે બીજા મનુષ્યોને પણ ભલાઈના કાર્યો તરફ બોલાવે, તેમને સુકર્મો કરવાનો આદેશ આપે, કુકર્મો કરવાથી રોકે અને પોતે પણ કુકર્મોને રોકવાની કોશિષ કરે. અને ખરી રીતે આવા લોકો જ સફળ થનાર છે.

ઉપસંહારમાં એ કહી શકાય કે સુકર્મો કરવા માટે અને કુકર્મોથી દૂર રહેવા માટે જગતના પ્રત્યેક ધર્મમાં ભાર દઈને કહેવામાં આવેલ છે. માટે મનુષ્યને આ થોડા સમય માટેના પોતાના જગતના જીવનને જો સફળ બનાવવું હોય, તો તેનો કીમીયો સુકર્મો જ છે, જેને બીજા શબ્દોમાં "સ્વર્ગની સીડી" પણ કહી શકાય. માટે હે મનુષ્ય જાત, તારા પરમેશ્વરના આદેશો અનુસાર તું આ જગતમાં અલ્પ સમય માટે આવેલ છે, તો તે જીવનને સફળ કર અને સુકર્મોને અપનાવી લે અને કુકર્મોથી દૂર રહે.

સમાપ્ત

ઉત્તર પ્રદેશમાં દિલ્હીની 'નિર્ભયા' કેસ જેવી જઘન્ય ઘટનાથી ચકચાર

# બદાયૂમાં મહિલા પર પૂજારી, ચેલાનો ગેંગરેપ કમર, પગ, ફેફસાં તોડાયા, પીડિતાનું મૃત્યુ

## ગુપ્તાંગમાં સળિયો અને કપડું ભરાવ્યું, પોલીસની ઘોર બેદરકારીથી મૃતદેહ પડ્યો રહ્યો, ૪૮ કલાક બાદ પીએમ

બદાયૂ : ઉત્તર પ્રદેશના બદાયુમાં નિર્ભયા જેવી અતી જઘન્ય રેપ-હત્યાની ઘટના સામે આવી છે. આંગણવાડીમાં કામ કરતી એક ૫૦ વર્ષીય મહિલા અહીં મંદિરમાં દર્શન કરવા ગઈ ત્યારે તેને મંદિરના પૂજારી અને તેના ચેલા તેમજ ડ્રાઈવરે પકડી લીધી, બાદમાં તેના પર ગેંગરેપ ગુજારવામાં આવ્યો. મહિલાના પ્રાઈવેટ પાર્ટમાં સળિયા અને કપડા નાખવામાં આવ્યા. લોહિલુહાણ મહિલાનું મોત નિપજતા તેનો મૃતદેહ ઘરની બહાર ફેંકીને નરાધમો જતા રહ્યા.

મહિલાનો મૃતદેહ ઘરની બહાર ૧૭ કલાક સુધી પડયો હતો, પરિવારજનોએ પોલીસને ઘટનાની જાણ કરી છતા કલાકો સુધી કોઈ આવ્યું જ નહીં, પરિવારજનોએ જ્યારે ઘટનાની જાણકારી પોલીસને આપી તો તેમને એવો જવાબ આપવામાં આવ્યો કે આ ઘટના રેપની નહીં પણ કુવામાં પડી જવાથી મહિલાના મોતની છે. જોકે ગ્રામજનોનો ગુસ્સો ફાટી નિકળતા ભીંસમાં આવેલી પોલીસે અપરાધીઓની સામે રેપ-હત્યાનો ગુનો દાખલ કર્યો હતો.

પીએમ રિપોર્ટમાં રેપ, ગુપ્ત ભાગોને ભારે ઈજા અને પગના તેમજ ફેફસાના હાડકા તોડવા સહિતની બર્બરતા બહાર આવી હતી. તેની કરોડ રજ્જુને પણ તોડી નાખવામાં આવી હતી. મહિલા પર ગેંગરેપ બાદ અત્યંત નિર્દયતાપૂર્વક માર પણ મારવામાં આવ્યો, કાળજુ કંપાવી નાખે તેવી આ ઘટનાના આરોપી મંદિરના પૂજારી મહંત સત્યનારાયણ, તેનો ચેલો વેદરામ તેમજ ડ્રાઈવર જસપાલની સામે રેપ-હત્યાનો ગુનો દાખલ કરાયો છે. ભીંસમાં આવેલી પોલીસે સ્થાનીક એસએચઓને સસ્પેન્ડ કરી દેવામાં આવ્યા છે.



# મોદી સરકાર નહીં માને તો ૨૦૨૪ સુધી આંદોલન ચલાવીશું : ખેડૂત નેતા ટીકૈત

- પ્રજાસત્તાક દિને ટ્રેક્ટરની પરેડ કાઢીશું : ખેડૂતો
- કૃષિ કાયદા પાછા ખેંચવા સિવાય કોઈપણ દરખાસ્તો પર વિચારણા માટે તૈયાર : કૃષિ મંત્રી તોમર

નવી દિલ્હી : નવા કૃષિ કાયદાઓ પરત ખેંચવા માટે દિલ્હીની સરહદો પર ચાલી રહેલું ખેડૂતોનું આંદોલન વધુ ને વધુ ઉગ્ર બની રહ્યું છે. ખેડૂતોએ ગુરુવારે દિલ્હીની સરહદો પર ટ્રેક્ટર રેલી કાઢી હતી, જેમાં હજારો ખેડૂતો જોડાયા હતા. આ સમયે ખેડૂત નેતા રાકેશ ટિકૈતે મોદી સરકારને ચેતવણી આપી હતી કે તેઓ મે ૨૦૨૪ સુધી આંદોલન ચલાવવા તૈયાર છે. તેમણે ૨૬મી જાન્યુઆરીને પ્રજાસત્તાક દિને પણ ખેડૂતોની ટ્રેક્ટર રેલી કાઢવાની જાહેરાત કરી હતી. ભારતીય કિસાન યુનિયનના પ્રવક્તા રાકેશ ટિકૈતે કહ્યું કે, ૨૬મી જાન્યુઆરીએ તેઓ ટ્રેક્ટર પરેડ કાઢશે. એક બાજુ ટેન્ક હશે, બીજીબાજુ ટ્રેક્ટર હશે. આજની રેલી ૨૬મી જાન્યુઆરી માટેની પરેડનું ટ્રેલર હતું. ગુરુવારે યોજાયેલી ટ્રેક્ટર રેલીમાં ૨૫૦૦થી વધુ ટ્રેક્ટર જોડાયા હશે તેમ પોલીસે કહ્યું હતું. બીજીબાજુ ખેડૂત સંગઠનો અને કેન્દ્ર સરકાર વચ્ચે શુક્રવારે વિજ્ઞાન ભવનમાં બપોરે ૨.૦૦ વાગ્યે વાટાઘાટો માટે આઠમા તબક્કાની બેઠક યોજાશે. આ બેઠક પહેલાં કેન્દ્રીય કૃષિ મંત્રી નરેન્દ્રસિંહ તોમરે સ્પષ્ટ શબ્દોમાં જણાવી દીધું હતું કે, કૃષિ કાયદાઓ પર લેવા સિવાય ખેડૂત સંગઠનોની કોઈપણ દરખાસ્ત પર ગંભીરતાથી વિચારવા માટે સરકાર તૈયાર છે.

# મુખ્તાર અંસારી સાથે ઘરોબો ધરાવતા અજીત સિંહની ગોળી મારીને હત્યા

લખનૌ : લખનૌના એક પોશ વિસ્તારમાં ધોળે દિવસે ફાયરિંગની ઘટના સામે આવતા ચકચાર મચી જવા પામ્યો છે. બેલગામ બદમાશોએ મઉ જિલ્લાની એક પૂર્વ બ્લોક પ્રમુખના પતિ અજીત સિંહની ગોળી મારીને હત્યા કરી દીધી. અજીત સિંહ ધારાસભ્ય મુખ્તાર અંસારીના નજીકના માનવામાં આવતા હતા.લખનૌના વિભૂતિખંડમાં ધોળેદિવસે ગોળીબારથી સમગ્ર વિસ્તારમાં ભયનો માહોલ ઉભો કરી દીધો છે. ફાયરિંગ કરનારા શખસોએ મઉના એક પૂર્વ બ્લોક પ્રમુખના પતિ અને મુખ્તારના નજીકના ગણાતા અજીત સિંહને નિશાન બનાવ્યા. તેમના પર ફાયરિંગ થયું. આ હુમલામાં અજીત સિંહનું મોત થયું જ્યારે તેની સાથે હાજર એક શખસને ગોળી વાગવાની લીધે ઘાયલ થયો. આ સિવાય ત્યાંથી પસાર થનારો રાહદારી પણ આ ગોળીબારની ચપેટમાં આવી ઈજાગ્રસ્ત થયો. તેને પગમાં ગોળી વાગી. જ્યારે ઘટનાને અંજામ આપીને બદમાશો ફરાર થયાં. પોલીસને જાણકારી મળતા જ પોલીસ ઘટના સ્થળે પહોંચી. અજીત સિંહના મૃતદેહને કબ્જે લીધો. જ્યારે ઘાયલ સાથી અને રાહદારી આકાશને હોસ્પિટલમાં પહોંચાડવામાં આવ્યો. આ હત્યાકાંડને લઈને પોલીસ દરેક એંગલથી તપાસ હાથ ધરી છે.

# બિહાર કોંગ્રેસમાં ભૂકંપના એંધાણ મોટાભાગના ધારાસભ્ય પાર્ટી છોડશે

કોલકાતા : બિહારની રાજનીતિમાં એક નવો ભૂકંપ આવ્યો છે. ઉલ્લેખનીય છે કે બિહાર કૉંગ્રેસ નેતા અને પૂર્વ ધારાસભ્ય ભરત સિંહે દાવો કર્યો છે કે કૉંગ્રેસના ૧૧ ધારાસભ્યો પાર્ટી છોડી શકે છે. તેમણે કહ્યું કે, પાર્ટીમાં જલદી મોટી ફાડ પડશે અને ૧૧ ધારાસભ્યો પાર્ટી છોડી દેશે. જો કે કૉંગ્રેસ હાઈકમાન્ડે ભરત સિંહના નિવેદનને ફગાવી દીધું છે. કૉંગ્રેસ નેતા ભરત સિંહે કહ્યું કે, ૧૯ ધારાસભ્યોમાંથી ૧૧ ધારાસભ્યો એવા છે જે કૉંગ્રેસ પાર્ટીથી નથી, પરંતુ ચૂંટણી જીતી ગયા છે. આ લોકોએ પૈસા આપીને ટિકિટ ખરીદી અને ધારાસભ્ય બની ગયા. સંખ્યાબળથી પોતાને મજબૂત કરવા માટે એનડીએ કાર્યરત છે. કૉંગ્રેસ ધારાસભ્ય દળના નેતા અજીત શર્મા પણ આવા લોકોમાં સામેલ છે, જે પાર્ટી તોડવા ઈચ્છે છે. કૉંગ્રેસ નેતા ભરત સિંહે આરોપ લગાવ્યો કે, "જે ૧૧ ધારાસભ્યો પાર્ટી છોડવા ઈચ્છે છે તે તમામના માર્ગદર્શક કૉંગ્રેસ પ્રદેશ અધ્યક્ષ મદન મોહન ઝા, રાજ્યસભા સાંસદ અખિલેશ પ્રસાદ સિંહ અને વરિષ્ઠ કૉંગ્રેસ નેતા સદાનંદ સિંહ છે. રાજ્યપાલ કોટાથી અત્યારે એમએલસીનું નૉમિનેશન થવાનું છે. સદાનંદ સિંહ અને મદન મોહન ઝા એમએલસી બનવાની ફિરાકમાં છે." કૉંગ્રેસ નેતા ભરત સિંહે કહ્યું કે, "હું શરૂઆતથી જ કૉંગ્રેસના આરજેડીની સાથે ગઠબંધનની વિરુદ્ધ છું.

# જમ્મુ-કાશ્મીરથી ૪૦૦ આંતકવાદીઓને ભારત મોકલાવવાનું પાકિસ્તાનનું ષડયંત્ર

જમ્મુ કાશ્મીર : જ્યારે આખું વિશ્વા છેલ્લા ઘણા સમયથી કોરોના મહામારી સામે લડી રહ્યું છે, તેવા સમયે પણ પાકિસ્તાન પોતાની અવળચંડાઈ છોડતું નથી. ઓલઓસી ઉપર અવાર નવાર યુદ્ધ વિરામના ભંગ બાદ હવે તેણે ભારત વિરુદ્ધ બીજું ષડયંત્ર રચ્યું છે. જમ્મુ કાશ્મીરમાં એલઓસીની પાર ૪૦૦ આતંકીઓ લોન્ચ પેડ ઉપર છએ. આ તમામ આતંકીઓ ભારતમાં ઘૂસણખોરી કરવાના પ્રયત્નોમાં છે. શિયાળા દરમિયાન આ આતંકીઓ ભારતમાં ઘૂસણખોરી કરવાની ફિરાકમાં છે. શિળામાં જમ્મુ કાશ્મીરમાં ભારે બરફ વર્ષા થાય છે.



જેનો લાભ લઈને પાકિસ્તાન આ આંતકીઓને ભારતમાં ઘૂસાડવા માંગે છે.

સુરક્ષા અધિકારીઓ દ્વારા બુધવારે આ માહિતિ આપવામાં આવી છે. સુરક્ષા અધિકારીઓએ જણાવ્યું કે ૨૦૨૦ના વર્ષમાં ૪૪ આતંકીઓ દ્વારા ભારતમાં ઘુસણખોરી કરવાના સમાચાર વ્યા હતા. જ્યારે ૨૦૧૯ના વર્ષમાં આ સંખ્યા ૧૪૧ હતી. તો ૨૦૧૮ના વર્ષમાં ૧૪૩ આતંકીઓ દ્વારા ઘુસણખોરી કરવામાં આવી હતી.

એક અધિકારીએ જણાવ્યું કે ગયા વર્ષે ડિસેમ્બર મહિનામાં ભારે બરફ વર્ષા છતા આતંકીઓએ જમ્મુ કાશ્મીરના પૂંછમાં ઘુસણખોરી કરી હતી. પરંતુ સેનાએ તે તમામનો સફાયો કર્યો છે. આ સિવાય ભારત પાકિસ્તાન સરહદ ઉપર ઘુસણખોરી માટેના ૨૦ માર્ગોની ઓળખ કરવામાં આવી છે. જ્યાં બહુસ્તરીય સુરક્ષા ગોઠવાઈ છે.

# PM બોરિસ જોનસન ૨૬મીએ ભારત નહીં આવે, નરેન્દ્ર મોદી સાથે કરી વાત

નવી દિલ્હી : બ્રિટનના વડાપ્રધાન બોરિસ જોનસનનો ભારત પ્રવાસ રદ થયો છે. મીડિયા રિપોર્ટ પ્રમાણે બ્રિટનમાં કોરોનાની નવી સ્ટ્રેન આવ્યા બાજ તેમનો ભારત પ્રવાસ રદ થાય તેવા શક્યતા જણાતી હતી. બ્રિટનના પ્રધાનમંત્રી કાર્યાલય ડાઉનસ્ટ્રીટના એક પ્રવક્તાએ કહ્યું, વડાપ્રધાન જોનસને આજે સવારે વડાપ્રધાન મોદી સાથે વાત કરી, તેમણે ખેદ વ્યક્ત કરતા કહ્યું કે, તેઓ આ મહિનાની શરૂઆતમાં ભારત આવવા અસમર્થ છે. નોંધનીય છે કે, બ્રિટનના વડાપ્રધાન બોરિસ જોનસનને આગામી પ્રજાસત્તાક દિવસના કાર્યક્રમમાં મુખ્ય અતિથિ તરીકે આમંત્રિત કરવામાં આવ્યા હતા. અત્રે ઉલ્લેખનિય છે કે, બ્રિટનમાં કોરોનાની નવી સ્ટ્રેનના કારણે સખ્ત લોકડાઉન છે અને બ્રિટનમાં કોરોનાના નવા સ્ટ્રેન સામે અગમચેતી રૂપે વડાપ્રધાન બોરિસ જ્હોન્સને દોઢ માસના લૉકડાઉનની જાહેરાત કરી હતી.

# ૨૦,૦૦૦ કરોડના સેન્ટ્રલ વિસ્ટા પ્રોજેક્ટને સુપ્રીમની શરતી મહોર

નવી દિલ્હી : સુપ્રીમ કોર્ટની ૩ જજની બેન્ચે મંગળવારે મોદી સરકારના રૂપિયા ૨૦,૦૦૦ કરોડના સેન્ટ્રલ વિસ્ટા રિડેવલપમેન્ટ પ્રોજેક્ટને બે વિરુદ્ધ એકના બહુમતી ચુકાદાથી શરતી મહોર મારી દીધી હતી. જસ્ટિસ ખાનવિલકર અને જસ્ટિસ દિનેશ મહેશ્વરીએ બહુમતી ચુકાદામાં જણાવ્યું હતું કે, માસ્ટર પ્લાન ૨૦૨૧ની જમીનના ઉપયોગમાં બદલાવ માટે કેન્દ્ર સરકાર દ્વારા કરાયેલા અધિકારનો ઉપયોગ યોગ્ય છે. પ્રતિબંધિત વિસ્તારમાં દિલ્હી ડેવલપમેન્ટ ઓથોરિટી એક્ટ અંતર્ગત જમીનના ઉપયોગમાં બદલાવ ઉચિત અને યોગ્ય છે. સેન્ટ્રલ વિસ્ટા કમિટી અથવા હેરિટેજ કન્ઝર્વેશન કમિટી દ્વારા



અપાયેલી મંજૂરીમાં કોઈ ખામી દેખાતી નથી. પ્રોજેક્ટના પ્રાથમિક તબક્કામાં મંજૂરી લેવાની કોઈ આવશ્યકતા નથી પરંતુ જ્યારે પ્રોજેક્ટ શરૂ કરાય ત્યારે મંજૂરી લેવાવી જોઈએ. જસ્ટિસ ખાનવિલકરે જણાવ્યું હતું કે, પ્રોજેક્ટ સાઈટ ખાતે સ્મોગ ગન અને ટાવર ફરજિયાત ઊભા કરવામાં આવે.

# ધર્મપરિવર્તન કરીને હિન્દુ બનનાર યુવકનુ ઘર સળગાવી દેવાયુ, પાંચની ધરપકડ

લખનૌ : યુપીના રાયબરેલી જિલ્લામાં બનેલી એક ચોંકાવનારી ઘટનામાં મુસ્લિમમાંથી ધર્મ પરિવર્તન કરીને હિન્દુ બનનાર વ્યક્તિનુ ઘર સળગાવી દેવામાં આવ્યુ છે. જ્યારે આગ લગાડાઈ ત્યારે આખો પરિવાર ઘરમાં જ હતો.ઘરના સભ્યો જેમ તેમ કરીને પોતાનો જીવ બચાવી શક્યા હતા પણ આખુ ઘર આગના હવાલે થઈ ગયુ હતુ. પોલીસનુ કહેવુ છે કે, આખા વિસ્તારમાં પોલીસ તૈનાત કરાઈ છે અને પાંચ લોકોની ધરપકડ કરવામાં આવી છે. જેનુ ઘર સળગાવી દેવાયુ તેનુ નામ દેવપ્રકાશ છે.આ પહેલા તેનુ નામ અનવર હતુ .સપ્ટેમ્બર ૨૦૨૦માં તેણે પરિવાર સાથે ધર્મ પરિવર્તન કર્યુ હતુ.જે તેના ગામના કેટલાક લોકોને પસંદ આવ્યુ નહોતુ.પોલીસે ગામના પૂર્વ સરપંચ અને તેના સાથીદારો સામે આગ લગાડવાની ફરિયાદ નોંધી છે.

# દેશના ખુણે ખુણે વેક્સીન પહોંચાડવા બ્લ્યૂપ્રિન્ટ તૈયાર

## વાયુસેનાના સુપર હર્ક્યુલસ C-130Js અને એન્ટોનોવ AN-32s જેવા વિમાનની મદદ લેવામાં આવશે

નવી દિલ્હી : કોરોના વેક્સિનને મંજૂરી મળ્યા બાદ સરકાર હવે તેનું રસીકરણ શરૂ કરવાની તૈયારીમાં છે. સરકારે સંકેત પણ આપ્યો છે કે આગામી ૧૩-૧૪ જાન્યુઆરીથી રસીકરણ શરૂ થઈ શકે છે. ત્યારે કોરોના વેક્સિનને દેશના દરેક ખુણામાં પહોંચાડવા માટે સરકારે પ્લાન તૈયાર કર્યો છે. વેક્સિનનું ટ્રાન્સપોર્ટેશન માટે હવાઈ માર્ગનો ઉપયોગ કરવામાં આવશે. ખાસ બાબત એ છે કે દેશના ઘણા એરપોર્ટ પર આવતી કાલથી આ પ્રક્રિયા શરૂ થવાની શક્યતા છે. કોવિડ વેક્સિન ટ્રાન્સપોર્ટેશન મોડ્યુલને ભારત સરકાર દ્વારા તૈયાર કરવામાં આવ્યું છે.

દેશભરમાં વેકસિન ટ્રાંસપોર્ટ માટે એક કોમન ડ્રાફ્ટ તૈયાર કરવામાં આવ્યો છે. સૂત્રો પાસેથી મળતી માહિતિ પ્રમાણે વેક્સિન ટ્રાન્સપોર્ટેશન માટેનું કેન્દ્ર પૂણે હોઈ શકે છે. તો પેસેંજર વિમાનો ઉપયોગ પણ વેક્સિન ટ્રાસપોર્ટેશન માટે કરવામાં આવશે. કેન્દ્રીય આરોગ્ય મંત્રાલયે રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોને કોરોના વેક્સિનની પ્રથમ બેચ માટેની વહેલી તકે તૈયારીઓ પૂર્ણ કરવા જણાવ્યું છે. તેમને ટૂંક સમયમાં જ કોરોના વેક્સિનની ડિલીવરી કરવામાં આવશે. આ રાજ્યોમાં વેક્સિનની ડિલીવરી પહોંચાડવા માટે વાયુસેનાના સુપર હર્ક્યુલસ C-130Js અને એન્ટોનોવ AN-32s જેવા વિમાનની મદદ લેવામાં આવશે. કોરોના વેક્સિનનું ટ્રાન્સપોર્ટેશન એક-બે દિવસમાં જ શરૂ થઈ જશે. સરકારે આ માટે પેસેન્જર એરક્રાફ્ટને મંજૂરી આપી દીધી છે. વેક્સિનના વિતરણ માટે પુણે સેન્ટ્રલ કેન્દ્ર રહેશે. અહીંયાથી જ વેક્સિનનું ડિસ્ટ્રીબ્યૂશન કરવામાં આવશે. દેશમાં વેક્સિનની ડિલિવરી માટે ૪૧ સ્થળોને ફાઈનલ કરવામાં આવ્યા છે. સરકારના સૂત્રોના હવાલેથી ન્યૂઝ એજન્સીએ જણાવ્યુ કે ઉત્તરના વિસ્તારો માટે દિલ્હી અને કરનાલ મિની હબ હશે. જ્યારે પૂર્વના ક્ષેત્રો માટે કોલકાતા હબ હશે. આ ઉત્તર-પૂર્વ માટેનું નોડલ પોઈન્ટ પણ હશે. જ્યારે, ચેન્નઈ અને હૈદરાબાદને દક્ષિણ ભારત માટે પસંદ કરવામાં આવ્યું છે.



### મેથી અત્યાર સુધીમાં ૮.૪૩ લાખ લોકો કેરળ પાછા આવ્યા

કોવિડ-૧૯ મહામારીના કારણે આવેલા આર્થિક સંકટના કારણે મે મહિનાથી અત્યાર સુધી ૮.૪૩ લાખ લોકો કેરળ પાછા આવ્યા છે. આમાંથી લગભગ ૫.૫૨ લાખ લોકો પોતાની નોકરી ગુમાવી ચુક્યા છે. કેરળ રાજ્ય સરકારના અપ્રવાસી કેરળવાસીઓના મુદ્દાઓના વિભાગે આ સંબંધમાં આંકડા મેળવ્યા છે. આ પ્રમાણે મે ૨૦૨૦ના પહેલા અઠવાડિયાથી ૪ જાન્યુઆરી ૨૦૨૧ સુધી કુલ ૮.૪૩ લાખ મલયાલી લોકો વિદેશથી કેરળ પાછા આવ્યા છે. આમાંથી લગભગ ૫.૫૨ લાખ લોકોની નોકરી ગઈ છે. નોકરી જનારા લોકોમાંથી એક મહિનામાં ૧.૪૦ લાખ લોકોની નોકરી ગઈ છે. એક રિપોર્ટ પ્રમાણે કેરળ પાછા આવનારા લોકોની સંખ્યામાં મોટી સંખ્યા એ લોકોની પણ છે જેમણે પાછા આવવાનું કારણ તેમનો રોજગાર વીઝા સમાપ્ત થયો તે જણાવ્યું. લગભગ ૨.૦૮ લાખ લોકોએ પોતાના સ્વદેશ આવવાનું કારણ નોકરી વીઝા ખત્મ થવા ઉપરાંત જણાવ્યું છે.

### આ રાજ્યોમાં કરાશે સપ્લાઈ

આંધ્ર, આસામ, બિહાર, છત્તીસગઢ, દિલ્હી, ગુજરાત, હરિયાણા, ઝારખંડ, કર્ણાટક, કેરળ, મધ્યપ્રદેશ, ઓડિશા, મહારાષ્ટ્ર, પંજાબ, રાજસ્થાન, તમિળનાડુ, તેલંગાણા, યુપી અને બંગાળમાં વેક્સિનની સપ્લાય કરવામાં આવશે. તો અંદમાન-નિકોબાર, અરૂણાચલ, ચંદીગઢ, દમણ અને નગર હવેલી, દમણ-દીવ, ગોવા, હિમાચલ, જમ્મુ-કાશ્મીર, લદ્દાખ, લક્ષદ્વીપ, મણિપુર, મેઘાલય, મિઝોરમ, નાગાલેન્ડ, પોંડિચેરી, સિક્કિમ, ત્રિપુરા અને ઉત્તરાખંડને સરકારી ડેપોમાંથી વેક્સિન મળશે.

### ૬૯ ટકા ભારતીયો હજુ પણ રસી લેવાના પક્ષમાં નથી

હાલમાં દેશમાં કોરોનાના રસીકરણની તૈયારી શરુ થઇ ગઈ છે, રસીકરણ શરુ થવાને માંડ હવે ગણતરીના દિવસો બાકી રહ્યા છે અને મોટાભાગે દેશના બધા રાજ્યોમાં ફ્રન્ટલાઈન વર્કસને અને આરોગ્ય કર્મીઓને વેક્સિનેટ કરવાની બધી તૈયારીઓ પૂર્ણ કરી લેવાઇ છે, ત્યારે ભારતનો સામાન્ય નાગરિક આ રસીકરણ વિષે શું વિચારે છે તેનો મોટો ખુલાસો એસ સર્વેમાં થયો છે. મહત્વનું છે કે આ સર્વેમાં દેશના ૨૨૪ જિલ્લામાં રહેવા વાળા લગભગ ૧૮ હજાર જેટલા લોકોની પ્રતિક્રિયાઓને સામેલ કરવામાં આવી હતી. આ સર્વેમાં જવાબ દેનારા લોકોમાંથી ૬૯ ટકા પુરુષો હતા અને ૩૧ ટાકા મહિલાઓ સામેલ હતી. તે જ સમયે તેમાં ૫૧ ટકા લોકો ટાયર ૧ ૩૧ ટકા લોકો ટાયર ૨ અને બાકીના ૧૮ ટકા લોકો ટાયર ૩ – ૪ અને ગ્રામીણ વિસ્તારોમાંથી હતા. અત્યાર સુધીમાં દુનિયામાં માત્ર ફાઇઝર, મોડર્ના અને એસ્ટ્રાજેનેકા કંપનીની જ વેક્સિનને જ મોટા ભાગે મંજૂરી મળી છે,. ચીને પોતાની સિનોવેક અને રશિયાએ સ્પુટનિક વીને મંજૂરી આપી છે પરંતુ તેમની વિશ્વસનીયતા પર લોકોને ભરોસો નથી, જો કે ભારતમાં જે કોવીશીલ્ડ અને કોવાકસિનની વૅક્સિનને મંજૂરી અપાઈ છે તેના કરતા લોકોએ કહ્યું હતું કે તેમને મોડર્ના અને ફાઇઝરની રસી પર વધુ ભરોસો છે અને માટે સરકારે રસીકરણ માટે મોડર્ના અને ફાઇઝરની રસીને જ મંજૂરી આપવી જોઈએ એવું ૬૧ ટકા લોકોએ માન્યું હતું. લોકલ સર્વે નામની એક કંપની દ્વારા કરાયેલા એક સર્વે અનુસાર લોકો હજુ પણ રસીની સાઈડ ઇફેક્ટને લઈને ચિંતિત છે અને ડિસેમ્બર ૨૦૨૦ થી જાન્યુઆરી ૨૦૨૧ સુધી લગભગ ૬૯ ટકા લોકો રસી મૂકાવવાને લઈને ના પડી ચૂક્યા છે અને આ પરિણામો ખાસ બદલાયા નથી.

# ગાઝિયાબાદ દુર્ઘટના: 30 ટકા રકમ અધિકારીઓ ખાતા હોવાનો ઘટસ્ફોટ

ગાજિયાબાદ : ગાઝિયાબાદના મુરાદનગરમાં સ્મશાનની છત તૂટી પડવાના કેસમાં ધરપકડ કરાયેલા કોન્ટ્રાકટર અજય ત્યાગીએ ચોંકાવનારૂં નિવેદન આપીને આ સ્મશાનની છત નિર્માણમાં આચરવામાં આવેલી બેદરકારીનો પર્દાફાશ કર્યો છે. તેણે કેમેરા સમક્ષ કબૂલાત કરી છે કે આ કોન્ટ્રાક્ટના કામમાં ૨૮ થી ૩૦ ટકા કમિશન સરકારી અધિકારીઓ પાસે જતું હતું. આરોપીને કોર્ટમાં રજૂ કરવામાં આવ્યો હતો જ્યાં તેને ૧૪ દિવસની જ્યુડિશિયલ કસ્ટડીમાં મોકલી દેવામાં આવ્યો હતો. ઉલ્લેખનીય છે કે ગઈકાલ રાતે કોન્ટ્રાકટર અજય ત્યાગીની ધરપકડ કરવામાં આવી હતી. ત્યાગીની માહિતી આપનાર માટે ઈનામની જાહેરાત કરવામાં આવી હતી. મુરાદનગરના સ્મશાનમાં શેલ્ટરનું કાર્ય ચાલી રહ્યું હતું. રવિવારે અચાનક આ શેલ્ટરની છત તૂટી પડતા ૨૫ લોકોનાં મોત થયા હતાં. આ ઉપરાંત આનાથી વધારે કમનસીબીની વાત કઈ હશે કે જે સ્મશાનમાં જઈને દરેક વ્યકિતને વૈરાગ્યનો ભાવ પેદા થાય છે તવા સ્થળે પણ ભ્રષ્ટાચાર આચરવામાં કોન્ટ્રાકટરો અને સરકારી અધિકારીઓને કોઈ શરમ નડી ન હતી. સરકાર અને વહીવટી તંત્રે તપાસના આદેશ આપી દીધા છે.

# ભરશિયાળે ચોમાસું : દિલ્હી, રાજસ્થાન, તમિલનાડુ અને ચેન્નાઈમાં ભારે વરસાદ

ચેન્નઈ : ઉત્તર ભારતમાં હિમવર્ષા અને વરસાદ એમ બેવડુ વાતાવરણ છે, જેને પગલે ઠંડીનું પ્રમાણ પણ વધી ગયું છે. જમ્મુ કાશ્મીરમાં સતત ત્રીજા દિવસે ભારે હિમવર્ષાને કારણે જમ્મુ-શ્રીનગર હાઈવેને બંધ રાખવો પડયો હતો. અહીં આશરે ૪૫૦૦ જેટલા વાહનો ફસાયેલા હતા જેને કાઢવાનો પ્રયાસ થઈ રહ્યો છે. દિલ્હીમાં ખેડૂતોના આંદોલન વચ્ચે સતત ત્રીજા દિવસે વરસાદ પડયો હતો. તામિલનાડુમાં પણ ભારેથી અતી ભારે વરસાદ પડયો હતો, ચેન્નાઈમાં સૌથી વધુ અસર જોવા મળી. બીજી તરફ દિલ્હી, રાજસ્થાન ઉપરાંત તમિલનાડુમાં વરસાદ પડયો હતો, સૌથી વધુ અસર તમિલનાડુના ચેન્નાઈમાં જોવા મળી છે જ્યાં ઠેરઠેર પાણી ભરાઈ જતા લોકોએ ભારે હાલાકીનો સામનો કરવો પડયો હતો. ઉત્તરાખંડમાં ફરી હિમવર્ષા શરૂ થઈ ગઈ છે, જેને પગલે રાજ્યમાં ઠંડી વધી ગઈ છે. ઉત્તરકાશી, ચામોલી,



રૂદ્રપ્રયાગ, પિથોરગઢ જિલ્લામાં ભારે હિમવર્ષા થઈ રહી છે. અહી યમુનોત્રીમાં તાપમાન માઈનસ છ ડીગ્રીએ પહોંચી ગયું હતું જ્યારે ગંગોત્રીમાં એક ડીગ્રી રહ્યું.

# મની લોન્ડરીંગ મામલે સિંગાપોરમાં શેલ કંપનીની ૪૫૨ કરોડની સંપત્તિ ટાંચમાં

- બ્રિટિશ નાગરિક જૈમીન વ્યાસે ભારતીય બેંકો સાથે છેતરપિંડી આચરવા પૂર્વાયોજિત કાવતરૂં ઘડયું

નવી દિલ્હી : આઈએલએન્ડએફએસ કિથત પેમેન્ટ ડિફોલ્ટ કેસની મની લોન્ડરિંગ તપાસ હેઠળ ઈડીએ સિંગાપોર સ્થિત શેલ કંપનીની ૪૫૨ કરોડ રૂપિયા મિલકતો ટાંચમાં લીધી છે. કેન્દ્રીય તપાસ એજન્સીએ એક નિવેદનમાં જણાવ્યું છે કે પ્રિવેન્શન ઓફ મની લોન્ડરિંગ એક્ટ હેઠળ શેરના સ્વરૂપમાં




મિલકત જપ્ત કરવામાં આવી છે. આ શેર એસ કોલ પીટીઈ સિંગાપોર નામની શેલ કંપનીના છે અને તેની માલિકી બ્રિટિશ નાગરિક જૈમીન વ્યાસની છે. એજન્સીએ વધુમાં જણાવ્યું છે કે ટાંચમાં લેવામાં આવેલી મિલકત આઈએલએફએસ તમિલનાડુ પાવર કંપની લિમિટેડના ૮.૮૬ ટકા શેરના સ્વરૂપમાં જપ્ત કરવામાં આવી છે.

ઈડીએ આ કેસ દિલ્હી પોલીસની આર્થિક અપરાધ શાખાએ આઈએલએન્ડએફએસની ગ્રુપ કંપનીઓ આઈઆરએલ અને આઈટીએનએલ સામે દાખલ કરેલી એફઆઈઆરને દાખલ કર્યો હતો. ઈડીને પોતાની તપાસમાં જાણવા મળ્યું હતું કે જૈમીન વ્યાસે આઈએલએન્ડએફએસ અને ભારતીય બેંકો સાથે છેતરપિંડી આચરવા માટે પૂર્વાયોજિત કાવતરૂં ઘડયું હતું.

# ૨૦૩૦ સુધીમાં ૪૫૦ ગીગાવોટ સૌર ઊર્જા પેદા કરવાનું ભારતનું લક્ષ્ય

- પીએમ મોદીએ દેશના ઊર્જા સેક્ટરની રૂપરેખા રજૂ કરી

નવી દિલ્હી : ઓઈલ અને ગેસ ક્ષેત્રની વિશ્વની અગ્રણી કંપનીઓના મુખ્ય કાર્યકારી અધિકારી (સીઈઓ)ઓને સંબોધતા વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ભારતના ઊર્જા ક્ષેત્રની રૂપરેખા રજૂ કરી હતી. તેમણે કહ્યું કે ભારતનું ઊર્જા ક્ષેત્ર સતત નવી ઊંચાઈઓને સ્પર્શી રહ્યું છે. આગામી દાયકામાં ૪૫૦ ગીગાવોટ અક્ષય ઊર્જા (સૌર ઊર્જા) પેદા કરવાનું ભારતનું લક્ષ્ય છે. ભારતમાં ઊર્જા ક્ષેત્રમાં કુદરતી ઊર્જાનો હિસ્સો બમણો કરવાની સરકારની યોજના છે. વિશ્વની ૪૫ ઓઈલ અને ગેસ કંપનીઓના સીઈઓને સંબોધન કરતાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું હતું કે, ભારતમાં ઊર્જા વપરાશ બમણો થવાની તૈયારી છે. ભારત આજે દુનિયાનું સૌથી મોટું અને ઝડપથી વિકસતુ ઉડ્ડયન બજાર બની ગયું છે. વર્ષ ૨૦૩૦ સુધીમાં ૪૫૦ ગીગાવોટ અક્ષય ઊર્જા પેદા કરવાનું ભારતનું લક્ષ્ય છે. એટલું જ નહીં, ઔદ્યોગિક દેશોની સરખામણીમાં ભારત સૌથી ઓછું કાર્બન ઉત્સર્જન કરે છે. વર્ષ ૨૦૨૫ સુધીમાં ભારતની રિફાઈનરી ક્ષમતા ૨૫૦થી વધીને ૪૦૦ એમએમટી થઈ જશે.

# અમેરિકામાં ૨૪ કલાકમાં ૩૭૭૫ દર્દીનાં મોત, યુકેમાં એક દિવસમાં ૬૦૯૧૬થી વધુ નવા કેસ

## યુરોપિયન દેશોમાં કોરોનાનો ફેલાવો વધી રહ્યો હોવાના કારણે કડક લોકડાઉન અમલી કરી દેવાયું

વોશિંગ્ટન : વિશ્વમાં કોરોનાના કેસીસ સતત વધી રહ્યા છે તેની વચ્ચે અમેરિકામાં કોવિડ દર્દીના મોત અને હોસ્પિટલાઈઝેશનમાં તીવ્ર વધારો થયો છે. પાછલા ૨૪ કલાકમાં અમેરિકામાં રેકોર્ડ હાઈ ૩૭૭૫ મોત નોંધાયા હતાં અને ૨૪ કલાક દરમિયાન કોરોનાના ૧૩૧૧૯૫ કેસીસ હોસ્પિટલમાં સારવાર હેઠળ હતાં, પાછલા બે દિવસમાં ૫૬૦૦ના ઉછાળા સાથે કુલ ૨૨૯,૦૫૫ નવા કેસીસ નોંધાયા છે. બીજી તરફ બ્રિટનમાં દૈનિક નવા કોરોના કેસીસની સંખ્યા પ્રથમવાર ૬૦૦૦૦ને પાર થઈ ગઈ હતી અને પાછલા ૨૪ કલાકમાં ૬૦૯૧૬ નવા કેસ નોંધાયા હતાં. યુરોપિયન દેશોમાં પણ કોરોનાનો ફેલાવો વધી રહ્યો હોવાના કારણે એક પછી એક દેશ કડક લોકડાઉન લાદી રહ્યા છે. જર્મનીના ચાન્સેલર એંજલા મર્કેલે ૩૧ જાન્યુઆરી સુધી કડક લોકડાઉનને લંબાવવાની જાહેરાત કરી છે. વિશ્વમાં કોરોનાના કુલ કેસ ૮.૬૮ કરોડ થયા છે, અત્યાર સુધીમાં કુલ ૧૮.૭૫ લાખ દર્દીના મોત થયા છે અને ૬.૧૫ કરોડ દર્દી સાજા થયાં છે. બ્રિટનમાં પાછલા ૨૪ કલાક દરમિયાન ૮૩૦ દર્દીના મોત થયા હતાં. નેશનલ સ્ટેટેસ્ટિક્સ પાસે ઉપલબ્ધ આંકડા અનુસાર બ્રિટનમાં ૨૭ ડિસેમ્બર અને બીજી જાન્યુઆરી વચ્ચેં ૧૧ લાખ બ્રિટિશરો કોરોનાના સંક્રમણનો ભોગ હતાં જે કુલ વસતીના ૨.૦૬ ટકા થાય છે અથવા તો દરેક ૫૦ બ્રિટિશરે એક કોરોનાનો ભોગ હતો. પાછલા સપ્તાહ દરમિયાન પ્રત્યેક ૩૦ લેડનવાસીમાંથી એકને કોરોના થયો હતો. અમેરિકામાં રોજનો મરણઆંક એક સપ્તાહમાં જ ત્રણ ગણો થઈ ગયો છે. દેશમાં કોરોના રોગચાળો શરૂં થયો ત્યારથી અત્યાર સુધીમાં ૩૫૭,૦૦૦ અમેરિકન્સના મોત થયા છે. એરિઝોના, કેલિફોર્નિયા અને રોડ આઈલેન્ડમાં વિશ્વમા કોઈપણ દેશની સરખામણીએ હાલમાં માથાદીઠ ચેપનો ઊંચો દર જોવાઈ રહ્યો છે.

### વોશિંગ્ટન : અમેરિકાની કંપની ફાઇઝરની કોરોના રસી લીધા બાદ બે દિવસમાં હેલ્થ વર્કરનું મોત

અમેરિકી કંપની ફાઇઝરની કોરોના વિરોધી રસી લીધાના બે દિવસ બાદ એક પોર્ટુગીઝ હેલ્થ વર્કર મહિલા મરણ પામતાં ઉહાપોહ મચી ગયો હતો. મરનારના પિતાએ ફાઇઝર કંપની પાસે જવાબ માગ્યો હતો. મરનાર મહિલા સોનિયા પોર્ટુગલ ઇન્સ્ટીટ્યુટ ઑફ ઓન્કોલોજી ( કેન્સર હૉસ્પિટલ) જોડે સંકળાયેલી હતી. એણે ફાઇઝરની રસી લીધા બાદ તરત કોઇ સાઇડ ઇફેક્ટ જોવા મળી નહોતી. પરંતુ બે દિવસ પછી એ મરણ પામી હતી. સોનિયાના પિતા એલિબિયો એસવેદોએ એક પોર્ટુગલ દૈનિક સાથે વાત કરતાં કહ્યું હતું કે મારી પુત્રીને કોઇ હેલ્થ પ્રોબ્લેમ નહોતો. એનામાં કોઇ પ્રકારની બીમારીનાં લક્ષણો પણ નહોતાં. ખરેખ શું થયું એ હું કહી શકતો નથી કારણ કે હું મેડિકલ ક્ષેત્રનો માણસ નથી. હું ફક્ત જવાબ માગું છું કે કોરોનાની રસી લીધા પછી બે દિવસમાં મારી પુત્રી કેવી રીતે મરણ પામી. શા માટે મરણ પામી. મરનાર સોનિયા બે બાળકોની માતા હતી.

### લંડન : ઓક્સફર્ડ-ઓસ્ટ્રેજેનેકાની પહેલી કોરોના વેક્સિન ૮૨ વર્ષના ડાયાલિસિસ કરાવતા દર્દીને આપાઇ

બ્રિટનમાં સોમવારથી ઓક્સફર્ડ યુનિવર્સિટી અને એસ્ટ્રેજેનેકા દ્વારા વિકસિત કોરોના વેક્સિનનું વેક્સિનેશન શરુ થયું છે. દુનિયામાં ઓક્સફર્ડની રસીનો પ્રથમ ડોઝ ઓક્સફર્ડમાં જ જન્મેલા ૮૨ વર્ષના બાર્યન પિંકરને આપવામાં આવ્યો છે. બ્રાયનને કિડનીની બિમારી છે, જેના કારણે તેમનું ડાયાલિસિસ શરુ છે. બ્રાયન પિંકરને ઓક્સફર્ડ યુનિવર્સિટી હોસ્પિટલમાં રસી આપવામાં આવી છે. જેને રાષ્ટ્રીય સ્વાસ્થ્ય સેવાના વેક્સિનેશન કાર્યક્રમનો માઇલસ્ટોન ગણાવવામાં આવી રહ્યો છે. ઓક્સફ્ર્ડની આ રસી બીજી એવી કોરોના વેક્સિન છે જેને બ્રિટને મંજૂરી આપી છે. આ પહેલા ત્યાં ફાઇઝર–બાયોએનટેક દ્વારા વિકસિત રસીને મંજૂરી અપાઇ છે. ઓક્સફર્ડમાં જન્મેલા પિંકર છેલ્લા ઘણા વર્ષોથી કિડનીની બિમારીથી પિડીત છે, જેના કારણે નિયમિત તેમનું ડાયાલિસિસ કરવામાં આવે છે. રસી લીધી બાદ તેમણે કહ્યું કે કોરોના વાયરસ સામે સુરક્ષા મળ્યા બાદ તેમને પ્રસન્નતા થાય છે.

### અબુજા : નાઇજીરીયાએ ચેતવણી આપી, કોવિડ -૧૯નાં વધુ નવા સ્ટ્રેન બહાર આવશે

બ્રિટન અને દક્ષિણ આફ્રિકામાં આવેલા કોરોના વાયરસ ઇન્ફેક્શનના નવા સ્વરૂપ અંગે દુનિયાભરમાં વધતી ચિંતાઓ વચ્ચે, નાઇજીરીયાના એક વૈજ્ઞાનિકે જણાવ્યું છે કે કોવિડ –૧૯ નાં ઘણા વધુ નવા સ્ટ્રેન બહાર આવશે. નાઇજીરિયાના વૈજ્ઞાનિક ઓમિલાબુએ કોરોના વાયરસના ચેપના વધતા જતા કેસોને ધ્યાનમાં રાખીને દેશમાં કોવિડ –૧૯ ના વિવિધ પ્રકારો વિશે માહિતી મેળવવા માટે તેના નમૂનાઓનું આનુવંશિક વિશ્લેષણ કર્યું છે, જેથી દેશમાં ચેપના ફેલાવાને રોકવામાં મદદ મળી શકે. ઓમિલાબૂએ કહ્યું કે, બ્રિટન અને દક્ષિણ આફ્રિકામાં જોવા મળતા વાયરસના સ્વરૂપો નાઇજિરીયામાં જોવા મળેલા સ્વરૂપ કરતા અલગ છે. તેમણે કહ્યું કે વાયરસનો જુદા જુદા સ્વરૂપમાં બદલવો એ કોઈ અસાધારણ બાબત નથી. ઓમિલાબૂએ કહ્યું, મને લાગે છે કે આપણે આપણું મગજ શાંત રાખવું પડશે કારણ કે સંક્રમણના વધુ નવા સ્વરૂપો બહાર આવવાનાં છે.

## જેક મા બે માસથી લાપતાઃ ચીની સરકારે જ ગુમ કર્યાની શક્યતા

- જેક માએ થોડાં સમય પહેલાં ચીની સરકારની ટીકા કરી હતી

બેઈજિંગ : અલીબાબાના સ્થાપક અને ચીનના અગ્રણી ઉદ્યોગપતિ જેક મા છેલ્લાં બે માસથી લાપતા થયા હોવાનો દાવો મીડિયા અહેવાલોમાં કરાયો હતો. જેક માને ચીનની સરકારે જ લાપતા કર્યા હોવાની શક્યતા છે.

અલીબાબાના સ્થાપક જેક મા છેલ્લે બે માસ પહેલાં જાહેર કાર્યક્રમમાં દેખાયા હતા. એ પછી તેમની કોઈ જ હાજરી નોંધાઈ નથી. ચીનની સરકારે જેક માને લાપતા કરી દીધા હોવાની ચર્ચાએ જોર પકડયું છે. મીડિયા અહેવાલોમાં દાવો થયો હતો કે ચીનની સરકારે જેક માને ઘરમાં નજરકેદ કરી લીધા હોય તેવી શક્યતા છે, અથવા તો તેમને ક્યાંક ગુપ્ત સ્થળે રાખવામાં આવ્યા હોય એવી પણ શક્યતા નકારી શકાતી નથી. જેક માને ચીનના પ્રમુખ શિ જિનપિંગ સાથે સંઘર્ષ ચાલતો હતો. થોડાંક મહિના પહેલાં શાંઘાઈમાં જેક માએ એક ભાષણ આપ્યું હતું, જેમાં તેમણે ચીની સરકારની આર્થિક નીતિની આડકતરી ઝાટકણી કાઢીને તેને જૂનવાણી ગણાવી હતી. જેક માએ કહ્યું હતું કે વ્યાજખોર નાણા વિભાગના અધિકારીઓ અને સરકારી બેંકો નવા ક્ષેત્રના ઉદ્યોગને દબાવે છે.

## બ્રિટનમાં યુવતીઓને બ્લેકમેલ કરનાર ભારતીય યુવા હેકરને ૧૧ વર્ષની સજા

- આકાશ ૫૭૪ યુવતીઓના કોમ્પ્યુટર એકાઉન્ટ હેક કરી તેમના અશ્લિલ ફોટા પોસ્ટ કરવાની ધમકી આપતો

લંડન : બ્રિટનમાં ૫૭૪ યુવતીઓના કોમ્પ્યુટર એકાઉન્ટ હેક કરી તેમનુ જાતીય શોષણ કરી તેમને બ્લેકમેલ કર નાર ભારતીય મૂળના એક યુવાનને યુકેની સાયબર ક્રાઈમ કોર્ટે અગિયાર વર્ષની સજા ફટકારી હતી. આકાશ સોંધીએ ૨૬ ડિસેમ્બર,૨૦૧૬ થી ૧૭ માર્ચ ૨૦૨૦ સુધી ખાસ તો સ્નેપશોટમાં સેંકડો યુવતીઓના સોશિયલ મીડિયાને ગેરકાયદે હેક કર્યા હતા અને ત્યાર પછી તેમને ધમકી આપતો હતો, એમ યુકે ક્રાઉન પ્રોસીક્યુશન સર્વિસે (સીપીએસ) કહ્યું હતું. ઈંગ્લેન્ડના દક્ષિણ-પૂર્વમાં આવેલા ચેફોર્ડ હર્ન્ડનો રહેવાસી ૨૭ વર્ષનો આકાશ યુવતીઓને એવી ધમકી આપતો કે જો તુ તારો નગ્ન ફોટો નહીં મોકલે તો મારી પાસે જે ફોટા છે તે તારા પરિવાર અને તારા મિત્રોને મોકલી દઈશ. કેટલીક મહિલાઓએ તેની ધમકીને તાબે થઈ હતી અને ઓછામાં ઓછી છ મહિલાઓએ તેમના ફોટા મોકલ્યા હતા.‘ આકાશ સોંધી અત્યંત ચતુર અને ચાલાક છે જેણે અનેક યુવતીઓને માનસિક,સંવેદનશીલ અને મનોવૈજ્ઞાનિક નુકસાન પહોંચાડયું હતું. તે યુવતીઓના ફોટા અને વિડીયો જોઇ પ્રસન્નતા અનુભવતો હતો‘એમ વરિષ્ઠ વકીલે કહ્યું હતું. ‘ સાયબર ક્રાઈમ એકમ દ્વારા સઘન ચેકિંગ અને તપાસના પગલે સીપીએસ ૬૫ કેસનો એક સર્વગ્રાહી ટેડા તૈયાર કરી શક્યું હતું જે ઉચ્ચ કક્ષાનો ગુનાનો પ્રતિબંબ પાડતો હતો‘એમ તેમણે કહ્યું હતું. સાયબર સેલના અધિકારીએ કહ્યું હતું કે ‘હું એ તમામ મહિલાઓનો આભાર માનું છું જેમણે આકાશના હાથે યાતનાઓ ભોગવી છતાં ફરીયાદ કરવા આગળ આવી હતી.

## નાઈઝર અને માલીના સીમાવર્તીના ગામોમાં જિહાદીઓનો આતંક, ૧૦૦ લોકોની હત્યા

નિયામે : નાઈઝર અને માલીના સીમાવર્તી ગામોમાં રવિવારે જિહાદી આતંકવાદીઓ ત્રાટક્યા હતા અને એકસો જેટલા ગામવાસીઓની હત્યા કરીને હાહાકાર મચાવી દીધો હતો. નાઈઝરના વડા પ્રધાન બ્રીજી રાફિનીએ આ હુમલાના સમાચારને સમર્થન આપ્યું હતું. તેમણે સંબંધિત ગામની મુલાકાત લઈને ગ્રામજનોને આશ્વાસન આપતાં માર્યા ગયેલા લોકોના પરિવારો માટે દિલસોજી વ્યક્ત કરી હતી. સ્થાનિક અધિકારીઓએ એવી માહિતી આપી હતી કે તિલાબેરી વિસ્તારમાં આવેલા ગામના લોકોએ બે આતંકવાદીને મારી નાખ્યા હતા. એનો બદલો લેવા જિહાદી આતંકવાદીઓ ત્રાટક્યા હતા. બોકો હરમ, ઈસ્લામિક સ્ટેટ અને અલ કાયદા સાથે જોડાયેલા આતંકવાદીઓ ગમે ત્યારે આ વિસ્તારો પર હુમલા કરતા રહે છે. આ વિસ્તારોમાં સ્થાનિક અને



આંતરરાષ્ટ્રીય લશ્કરના સશસ્ત્ર જવાનો સતત હાજર હોય છે. આમ છતાં ગમે ત્યારે ઈસ્લામી આતંકવાદીઓ ત્રાટકે છે. અત્યાર સુધીમાં હજારો નવાણિયા કૂટાઇ ચૂક્યા છે અને જાન ગુમાવી ચૂક્યા છે.

## સૈન્યને કોઈ પણ સેકન્ડે લડવા તૈયાર રહેવા ચીની પ્રમુખ જિનપિંગનો આદેશ

- તિબેટ પર પક્કડ જાળવી રાખવા લ્હાસા પર ચીનની એરફોર્સની ડ્રીલ

બેઈજિંગ : ચીનમાં શાસક પક્ષ અને સૈન્ય એમ બંનેમાં સર્વસત્તાધીશ બનવાની સાથે પ્રમુખ શી જિનપિંગે સૈન્યને કોઈપણ સમયે યુદ્ધ માટે તૈયાર રહેવા આદેશ આપ્યો છે. આ સાથે સૈન્યને વાસ્તવિક યુદ્ધની પરિસ્થિતિઓમાં તાલિમ વધારવાનું કહ્યું છે. તિબેટની આઝાદી પર ભાર મૂકતાં અમેરિકાએ એક બિલ તેની સંસદમાં પસાર કરતાં તિબેટ પર પોતાની પક્કડ જાળવી રાખવા માટે ચીને લ્હાસામાં મિલિટ્રી ડ્રીલ કરતાં હેલિકોપ્ટર ઊડાવ્યા હતા. દરમિયાન ભારતે ચીન પર લદાખમાં યથાસ્થિતિ બદલવાનો આરોપ મૂક્યો હતો. ચીનનો સામનો કરવા માટે ભારત એરફોર્સ માટે ૫૬ મિડિયમ ટ્રાન્સપોર્ટ વિમાનો ખરીદવા ૨.૫ અબજ ડોલરનો કરાર કરશે. ચીનના પ્રમુખ શી જિનપિંગે જણાવ્યું હતું કે, પીપલ્સ લિબરેશન આર્મીએ કોઈપણ સેકન્ડે કાર્યવાહી માટે તૈયાર રહેવું જોઈએ અને કોઈપણ સમયે યુદ્ધની તૈયારી રાખવી જોઈએ. સરહદીય મોરચા પરના સંઘર્ષોનો ઉપયોગ સૈન્ય ક્ષમતા વધારવા માટે થવો જોઈએ.

## તોફાનીઓએ સંસદ પર હુમલો કરતાં સાંસદોએ આશ્રય લેવા અંડરગ્રાઉન્ડ ટનલમાં જવું પડ્યું





ગુરુવારે ટ્રમ્પ સમર્થકો યુએસ સંસદ ભવનમાં પ્રવેશતાં જ સ્થિતિ ભયજનક બની ગઈ હતી. ગૃહમાં હાજર સાંસદોને ગાર્ડ્સ દ્વારા સૂચના અપાઈ હતી કે તેઓ સુરક્ષિત જગ્યાએ પહોંચવા તૈયાર રહે. સાંસદોને ગેસ માસ્ક પહેરીને તેમની બેઠક નીચે જ સંતાઈ રહેવાની સૂચના અપાઈ હતી. તોફાનીઓએ સંસદના મુખ્ય દ્વારને તોડવાનું શરૂ કરતાં કર્મચારીઓએ સાંસદો ફરતે સુરક્ષા કવચ રચી કાઢી હતી.

# બાઈડેનના વિજય પર અમેરિકી સંસદની મહોર

વોશિંગ્ટન : અમેરિકી સંસદ પર ડોનાલ્ડ ટ્રમ્પના સમર્થકોના હુમલાના કલાકો પછી વિશ્વની સૌથી મજબૂત લોકશાહીના મંદિરે દેશના આગામી પ્રમુખ જો બાઈડેનના ચૂંટણી વિજય પર મંજૂરીની મહોર મારી દીધી હતી. કેપિટોલ હિલ ખાતે બુધવારે ટ્રમ્પ સમર્થકોએ મચાવેલી ભારે અંધાધૂંધી બાદ સંસદની સંયુક્ત બેઠકનો પુનઃપ્રારંભ કરાયો હતો. સ્થાનિક સમય પ્રમાણે ગુરુવાર સવાર સુધી ચાલેલી પ્રક્રિયામાં સેનેટ અને હાઉસ ઓફ રિપ્રેઝન્ટેટિવે રિપબ્લિકન સાંસદો દ્વારા બાઈડેનના એરિઝોના, નેવાડા અને પેન્સિલ્વેનિયાના વિજય સામે વાંધો ઉઠાવ્યો હતો પરંતુ ડેમોક્રેટ બહુમતી ધરાવતા સંસદના બંને ગૃહે વાંધા ફગાવી દીધા હતા. અંતે જો બાઈડેનને મળેલા ૩૦૬ ઈલેક્ટોરલ વોટ અને ટ્રમ્પને મળેલા ૨૩૨ ઈલેક્ટોરલ વોટ પર મંજૂરીની મહોર મારી દેવામાં આવી હતી. બાઈડેનના વિજય પર મહોરની જાહેરાત કરતાં વાઈસ પ્રેસિડેન્ટ માઈક પેન્સે જણાવ્યું હતું કે, અમેરિકાના ચૂંટાયેલા પ્રમુખ બાઈડેનને ૩૦૬ ઈલેક્ટોરલ વોટ મળ્યા છે. જો બાઈડેનને પ્રમુખ અને કમલા હેરિસને ઉપપ્રમુખ જાહેર કરવા માટે આ પૂરતું છે. આ સાથે અમેરિકાના પ્રમુખપદે જો બાઈડેન અને ઉપપ્રમુખપદે કમલા હેરિસનો માર્ગ મોકળો બની ગયો છે. હવે ૨૦મી જાન્યુઆરીના રોજ સત્તા હસ્તાંતરણની પ્રક્રિયા હાથ ધરાશે. જો બાઈડેન શપથ ગ્રહણ કરશે અને ડોનાલ્ડ ટ્રમ્પ વ્હાઈટ હાઉસમાંથી વિદાય લેશે. બાઈડેનની સાથે વાઈસ પ્રેસિડેન્ટ તરીકે ભારતીય મૂળના કમલા હેરિસ કાર્યભાર સંભાળશે. તેઓ અમેરિકાના પહેલા મહિલા વાઈસ પ્રેસિડેન્ટ બની રહ્યાં છે.



## ૨૦મી જાન્યુ.એ ટ્રમ્પ સત્તા સોંપવા તૈયાર થયા

3 નવેમ્બરે ચૂંટણીનાં પરિણામ જાહેર થયાં પછી પહેલીવાર પ્રમુખ ટ્રમ્પે હથિયાર હેઠાં મૂક્યાં છે. તેમણે જણાવ્યું હતું કે, હું ચૂંટણીનાં પરિણામો સાથે સહમત નથી પરંતુ હકીકત એ છે કે મારે હોદ્દો છોડવાનો છે. તેથી ૨૦મી જાન્યુઆરીના રોજ સત્તાનું હસ્તાતંરણ નિયત પ્રક્રિયા પ્રમાણે થશે. પ્રમુખપદના ઇતિહાસમાં મહાન પહેલી ટર્મનો અંત આવ્યો છે પરંતુ અમેરિકાને ફરી મહાન બનાવવાની લડાઇનો અહીંથી પ્રારંભ થાય છે. બાઇડેનના વિજયને પ્રમાણિત કરવાની પ્રક્રિયામાં ડેમોક્રેટ અને રિપબ્લિકન સાંસદો વચ્ચે મારામારીની નોબત આવી ગઇ હતી.



## ટ્રમ્પને ગણ્યાગાંઠ્યા ૧૪ દિવસ કાઢવા પણ પડશે કાઠા? ધડાધડ રાજીનામાં

કેપિટલ બિલ્ડિંગમાં ટ્રમ્પના સમર્થકોની હિંસક ઉત્પાત બાદ કેટલાંય સાંસદ અને સંગઠન ટ્રમ્પને પદ પરથી હટાવાની માંગણી કરી રહ્યા છે. તેને જોતા અને ટ્રમ્પને તેની સત્તા માટે બચેલા ગણ્યાગાંઠ્યા ૧૪ દિવસ કાઢવા પડ કાઠા પડી જશે. કેટલાંક ઉચ્ચ અધિકારીઓએ ધડાધડ રાજીનામાં આપી દીધા છે. જે બિલ્ડિંગ પર ટ્રમ્પ સમર્થકોએ હુમલો કર્યો તેમાં અમેરિકન કોંગ્રેસના સભ્ય બેસે છે. તેથી સાંસદ અને ગવર્નર ટ્રમ્પને પદ પરથી હટાવા માટે મહાભિયોગ લગાવા કે ૨૫મા સંવિધાન સંશોધનનો ઉપયોગ કરવાની વાત કહી રહ્યા છે.

## ટ્રમ્પના FB, ટ્વિટર, ઈન્સ્ટા. એકાઉન્ટ બ્લોક

ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા અવારનવાર ટ્વિટર અને સોશિયલ મીડિયાના માધ્યમથી વિચિત્ર, અવ્યવહારૂ અને ઉશ્કેરણીજનક નિવેદનો કરતા આવ્યા છે. તાજેતરની ઘટનાને પણ તેને સંલગ્ન જ માનવામાં આવી છે. આ કારણે જ કેટલાક સોશિયલ મીડિયા પ્લેટફોર્મ દ્વારા ડોનાલ્ડ ટ્રમ્પના એકાઉન્ટ બ્લોક કરી દેવાયા છે. ટ્વિટર દ્વારા ડોનાલ્ડ ટ્રમ્પના કેટલાક ટ્વિટ હટાવીને ૧૨ કલાક માટે ડોનાલ્ડ ટ્રમ્પનું એકાઉન્ટ બ્લોક કરી દેવાયું હતું. ટ્વિટરના પગલાં બાદ ફેસબુક અને ઇન્સ્ટાગ્રામે ૧ણ ૨૪ કલાક માટે ટ્રમ્પના એકાઉન્ટને બ્લોક કરી દીધું છે. ટ્વિટરે જણાવ્યું હતું કે, ટ્રમ્પ દ્વારા નાગરિક અખંડતા નિયમનો ભંગ કરવામાં આવ્યો છે અને તેથી તેમનું એકાઉન્ટ બ્લોક કરાયું છે. જો ટ્રમ્પ દ્વારા પોતાના ત્રણ વિવાદિત ટ્વિટ ડિલીટ કરવામાં નહીં આવે તો ૧૨ કલાક બાદ પણ એકાઉન્ટ બ્લોક કરવાનું પગલું યથાવત રાખવામાં આવશે. ટ્વિટરે એવી પણ ચીમકી ઉચ્ચારી છે કે જો ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા ભવિષ્યમાં નિયમોનો ભંગ કરવામાં આવશે તો તેમનું એકાઉન્ટ કાયમી ધોરણે સસ્પેન્ડ કરી દેવાશે. બીજી તરફ ફેસબુક, યૂટયૂબ અને સ્નેપચેટ દ્વારા પણ ટ્રમ્પના ભાષણો અને અમેરિકામાં તાજેતરમાં થયેલી હિંસાના કેટલાક વીડિયો ડિલીટ કરી દેવાયા હતા. સ્નેપચેટ દ્વારા ટ્રમ્પનું એકાઉન્ટ અનિશ્ચિતકાળ માટે બ્લોક કરી દેવાયું છે.

## અમેરિકામાં સત્તાનું હસ્તાંતરણ શાંતિપૂર્વક રીતે થવું જોઈએ : મોદી

ભારતીય વડા પ્રધાન નરેન્દ્ર મોદી, બ્રિટનના વડા પ્રધાન બોરિસ જોનસેન, કેનેડાના પ્રમુખ ટ્રુડો અને જર્મનીના વિદેશમંત્રી હીકો માસે આ ઘટનાને લોકશાહી ઉપર હુમલા સમાન ગણાવીને નિંદા કરી હતી. ભારતના વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ જણાવ્યું કે, અમેરિકાના વોશિંગટનના કેપિટલ બિલ્ડિંગમાં તે હોબાળો અને હિંસા થયા તે ચિંતાજનક છે. તેમણે ટ્વિટ કરીને જણાવ્યું કે, અમેરિકાના વોશિંગ્ટન ડીસીની સ્થિતિ અંગે હું ચિંતિત છું. મેરિકામાં સત્તાનું શાંતિપૂર્ણ રીતે અને વ્યવસ્થિત રીતે હસ્તાંતરણ થવું જોઈએ.



## જ્યોર્જિયાથી ન્યૂ મેક્સિકો સુધી સ્ટેટ કેપિટોલનો ઘેરાવ

અમેરિકાની સંસદ દ્વારા જોબાઇડેનના વિજય પર મહોર મરાય તે પહેલાં પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પના સશસ્ત્ર સમર્થકોએ બુધવારે જ્યોર્જિયાથી ન્યૂ મેક્સિકો સુધી સ્ટેટ કેપિટોલનો ઘેરાવ કર્યો હતો. જોબાઇડેનના વિજયનો વિરોધ કરવા માટે સેંકડો ટ્રમ્પ સમર્થકો અમેરિકાના રાજ્યોની રાજધાનીઓમાં એકઠાં થયાં હતાં. તેમણે તફડંચી અટકાવો અને ટ્રમ્પને વધુ ચાર વર્ષ પ્રમુખ બનાવોના નારા લગાવ્યા હતા. મોટાભાગના ટ્રમ્પ સમર્થકો માસ્ક વિના એકઠાં થયાં હતાં.








# ઈતિહાસમાં પ્રથમવાર આઈસીસી ટેસ્ટ રેન્કિંગમાં ન્યૂઝીલેન્ડ નંબર-૧



દુબઈ: ન્યૂઝીલેન્ડે ક્રાઈસ્ટ ચર્ચ ખાતે રમાયેલી બીજી ટેસ્ટમાં પાકિસ્તાનને એક દાવ અને ૧૭૬ રનથી પરાજય આપવાની સાથે આઈસીસી ટેસ્ટ ટીમ રેન્કિંગમાં નંબર-૧નું સ્થાન મેળવી લીધું હતું. ટેસ્ટ ક્રિકેટના ઈતિહાસમાં ન્યૂઝીલેન્ડની ટીમ પ્રથમ વખત નંબર-૧ ટીમ બની છે. ન્યૂઝીલેન્ડે ઓસ્ટ્રેલિયાને પાછળ રાખીને આઈસીસી ટેસ્ટ રેન્કિંગમાં ૧૧૮ રેટિંગ પોઈન્ટ સાથે ટોચનું સ્થાન મેળવ્યું હતું. ઓસ્ટ્રેલિયા ૧૧૬ રેટિંગ સાથે બીજા અને ભારત ૧૧૪ પોઈન્ટ સાથે ત્રીજા સ્થાને છે. ઈંગ્લેન્ડ ૧૦૬ પોઈન્ટ સાથે ચોથા ક્રમે છે. આઈસીસી ટેસ્ટ ટીમ રેન્કિંગમાં પાકિસ્તાન ૮૨ રેટિંગ પોઈન્ટ સાથે સાતમા સ્થાને છે. પાંચમી જાન્યુઆરી સુધી ઓસ્ટ્રેલિયા નંબર-૧ સ્થાને હતું. આ યાદીમાં સાઉથ આફ્રિકા પાંચમા, શ્રીલંકા છઠ્ઠા, વેસ્ટ ઈન્ડિઝ આઠમા, બાંગ્લાદેશ નવમા

## વિલિયમ્સનની બેવડી સદી

ક્રાઇસ્ટ ચર્ચ: સુકાની કેન વિલિયમ્સનની ચોથી બેવડી સદી અને હેનરી નિકોલ્સ તથા ડેરેલ મિચેલની શાનદાર ઇનિંગ્સની મદદથી ન્યૂઝીલેન્ડ પ્રથમ દાવના આધારે ૩૬૨ રનની તોતિંગ લીડ મેળવીને પાકિસ્તાનને બેકફૂટ ઉપર ધકેલી દીધું હતું. વિલિયમ્સને લગભગ નવ કલાક બેટિંગ કરીને ૩૬૪ બોલનો સામનો કરી ૨૮ બાઉન્ડ્રી વડે ૨૩૮ રન બનાવ્યા હતા. તેણે હેનરી નિકોલ્સ (૧૫૭) સાથે ચોથી વિકેટ માટે ૩૬૯ રનની ભાગીદારી નોંધાવી હતી. આ વિક્રમી ભાગીદારીની મદદથી ન્યૂઝીલેન્ડે પાકિસ્તાનને એક ઇનિંગ્સ અને ૧૭૬ રનના માર્જિનથી પરાજય આપ્યો હતો.

## ભારતીય રેસર સીએસ સંતોષને ડકાર રેલીમાં જીવલેણ અકસ્માત



અબુ ધાબી: ભારતના અનુભવી રેસર સીએસ સંતોષને સાઉદી અરબમાં ચાલી રહેલી ડકાર રેલી દરમિયાન જીવલેણ અકસ્માતનો સામનો કરવો પડ્યો છે અને તેને દવા આપીને કોમામાં રાખવામાં આવ્યો છે. તેને એર એમ્બુલન્સ દ્વારા રિયાધની હોસ્પિટલમાં લઇ જવામાં આવ્યો હતો. વિશ્વની સૌથી મોટી રેલીમાંથી એકમાં હીરો મોટોસ્પોર્ટ્સ ટીમનું પ્રતિનિધિત્વ કરનાર ૩૭ વર્ષીય સંતોષની બાઇક બુધવારે દુર્ઘટનાગ્રસ્ત થઇ હતી અને તેને ૨૪ કલાક નિરીક્ષણમાં રાખવામાં આવ્યો છે. ડકાર રેલીના ચોથા તબક્કામાં સંતોષ જીવલેણ અકસ્માતનો ભોગ બન્યો હતો. અહેવાલના અનુસાર જ્યારે તબીબોની ટીમ અકસ્માતના સ્થળે પહોંચી ત્યારે તે ભાનમાં હતો અને ત્યારબાદ તેને રિયાદ લઇ જવામાં આવ્યો હતો. આ ઘટના ચોથા તબક્કામાં જ થઇ છે જેમાં ગયા વર્ષે ટીમના રાઇડર પાઉલો ગોન્ઝાલેઝનું ડકાર ૨૦૨૦ રેલીમાં ભાગ લેતી વખતે નિધન થયું હતું. આ બનાવ બાદ તેની ટીમ રેસમાંથી ખસી ગઇ હતી.

## પ્રેક્ટિસ માટે ફિઝિયો, ટ્રેનર નહીં મળતા સાઇનાએ BWFની આકરી ઝાટકણી કાઢી



બેંગકોક: ભારતની અનુભવી ખેલાડી સાઇના નેહવાલે થાઇલેન્ડમાં રમાનારી આગામી ટૂર્નામેન્ટ પહેલાં ઘણા પ્રતિબંધોની સાથે ટ્રેનર તથા ફિઝિયોને નહીં મળવાના આદેશ અંગે વર્લ્ડ બેડમિન્ટન ફેડરેશનની આકરા શબ્દોમાં ઝાટકણી કાઢી હતી. સાઇનાએ આ મુદ્દાનો જલદીથી ઉકેલ લાવવાની અપીલ પણ કરી છે. લંડન ઓલિમ્પિક્સની બ્રોન્ઝ મેડાલિસ્ટે વર્લ્ડ ફેડરેશન દ્વારા કોવિડ-૧૯ના પ્રોટોકોલ હેઠળ લાદવામાં આવેલા અનેક પ્રતિબંધો અંગે સોશિયલ મીડિયામાં નારાજગી વ્યક્ત કરી હતી. સાઇનાએ ટ્વિટ કર્યું હતું કે કોવિડ-૧૦ના ટેસ્ટમાં તમામ નેગેટિવ આવ્યા હોવા છતાં અમે ફિઝિયો કે ટ્રેનરને મળી શકતા નથી. અમે વધારે સારી ફિટનેસ સાથે રમવા માગીએ છીએ. નોંધનીય છે કે ટોક્યો ઓલિમ્પિકના ક્વોલિફિકેશન હાંસલ કરવા માટે સાઇના પાસે માર્ચ સુધીનો સમય છે અને તેને ચિંતા છે કે ઉચ્ચ સ્તરીય કોચિંગની ઊણપના કારણે તેના પ્રદર્શન ઉપર સીધી અસર પડી શકે છે.

## બે ટેસ્ટની શ્રેણીમાં સાઉથ આફ્રિકાએ શ્રીલંકાનો ૨-૦થી વ્હાઈટવૉશ કર્યો

જોહાનિસબર્ગ: પેસ બોલર લુંગી નગિડી અને લુથો સિમ્પાલાની ઘાતક બોલિંગ વડે શ્રીલંકાને બીજા દાવમાં ૨૧૧ રનના સ્કોરે સમેટ્યા બાદ સાઉથ આફ્રિકાએ બીજી ટેસ્ટ મેચના ત્રીજા દિવસે લંચ બાદ ૧૦ વિકેટે વિજય હાંસલ કરીને બે ટેસ્ટ મેચની શ્રેણી ૨-૦થી પોતાના નામે કરી લીધી હતી. શ્રીલંકાએ આપેલા ૬૭ રનના લક્ષ્યાંકને યજમાન ટીમે એડન માર્કરામ (અણનમ ૩૬) તથા ડીન એલ્ગર (અણનમ ૩૧)ની મદદથી ૧૩.૨ ઓવરમાં વિના વિકેટે હાંસલ કરી લીધો હતો. આ પહેલાં નગિડીએ ૪૪ રનમાં ચાર તથા સિમ્પાલાએ ૪૦ રનમાં ત્રણ વિકેટ હાંસલ કરી હતી. શ્રીલંકન સુકાની દિમુખ કરુણારત્નેએ ૧૦૩ રનની લડાયક ઈનિંગ રમી હોવા છતાં બીજો દાવ ૫૬.૫ ઓવરમાં સમેટાયો હતો.

## T20 વર્લ્ડ કપ માટે BCCIએ ૯૦૬ કરોડનો જંગી ટેક્સ ચૂકવવો પડશે

નવી દિલ્હી : ભારત ચાલુ વર્ષે ICCના ટી૨૦ ક્રિકેટ વર્લ્ડ કપની યજમાની કરવાનું છે. જો ભારત સરકાર ટેક્સમાં રાહત આપશે નહીં તો આ વર્લ્ડ કપ માટે ભારતીય ક્રિકેટ બોર્ડે (બીસીસીઆઇ) ૯૦૬ કરોડ રૂપિયાનો જંગી ટેક્સ ભરવો પડશે. જો સરકાર ટેક્સમાં થોડીક રાહત આપશે તો પણ બીસીસીઆઈએ ૨૨૭ કરોડ રૂપિયા તો ચૂકવવા જ પડશે. આઈસીસીએ યુએઈને બેક-અપ વેન્યૂ તરીકે તૈયાર પણ રાખ્યું છે. બીસીસીઆઇ અગાઉ ૨૦૧૯ની ૩૧મી ડિસેમ્બર તથા ૨૦૨૦ની ૩૧મી ડિસેમ્બરની એમ બે સમયમર્યાદા ચૂકી ગયું છે. હવે બીસીસીઆઇ ઉપર ટૂર્નામેન્ટની યજમાની કરવા અંગે દબાણ વધી ગયું છે. આઈસીસીએ નવી ડેડલાઈન ફેબ્રુઆરી મહિનાની આપી છે.


MOTEL FOR SALE

NIRAJ PANCHOLI, REALTOR®
ASQ CQT (Toronto) Mechanical Engineer (Ahmedabad)
Cell: 647-866-2790
Email: ncpancholi@gmail.com
Website: https://niraj-pancholi.c21.ca/

Multi Award Winner Agent Since 2011, Proven Result through Honesty, Professionalism & Experience

Outstanding Achievement Award of Excellence: 2011, 2012, 2013, 2014, 2015, 2016, 2017, 2018, 2019
#42 OF TOP 75 PRODUCER IN CANADA AWARD BY CENTURY 21
CENTURION PRODUCER AWARD, Successful Listing Agent Award, Silver Award, Pacesetter Gold Award, Diamond Award, Masters Emerald Award, Platinum Award .... And many more .....



MOTEL KING:Specializing in Selling Motels: LIST & SELL with confidence

FEW RECENTLY SOLD MOTELS
29 ROOM MOTEL- Hwy 11 near Cochrane- SOLD in November 2020
27 ROOM MOTEL- Hwy 402, Sarnia- SOLD in October 2020
12 ROOM MOTEL- Hwy 11, Huntsville- SOLD in October 2020
12 ROOM MOTEL- Hwy 11, near North Bay- SOLD in September 2020

15 ROOM MOTEL Hwy 402, near London- Asking $999,000
Just off Hwy 402, about 4.8 acres commercial lot, 5 rooms with Kitchenette, many rooms given to workers on weekly & monthly basis. Easy operation & Low operating costs, schools nearby SOLD CONDITIONAL in November 2020

42 ROOM MOTEL Hwy 11, Near Timmins
In-door Corridor, all city services, potential to covert to franchise, Year round business
About 30% down payment require
Asking Price: $1,300,000

10 ROOM MOTEL Near Welland / St.Cathrines
In Port Colborne city, 30 min to Niagara/Buffalo. With 3 BR Apt, Upgraded Rooms & furniture. Newer Roof, Furnace, Pot lights, LED motel sign. 100% occupancy, all rooms given on monthly basis. Easy one man operation.
Asking Price: $849,000

QUALITY INN & SUITES - $4,500,000

30+ ROOM MOTEL Hwy 17, Sault Ste. Marie
Seller willing to hold mortgage at 35% down
Asking Price: $2,000,000

18 ROOM MOTEL Near Pembroke / Ottawa
With 3 BR Apt, 8 rooms top to bottom renovated like new, rest partially renovated. Only motel in town, No competition. 14 rooms given to monthly customers since long time for steady & regular income. Price to Sell. Good for first time buyer.Asking Price: $799,000

27 ROOM MOTEL Near Thunder Bay Airport
Within the city on prime intersection, year round business + additional rental income. Asking Price: $1,999,000

OTHER MOTELS FOR SALE
Other motels available for sale in Ontario
Call for more info

60+ ROOM HOTEL Near Thunder Bay Airport
Seller will give mortgage. Asking Price: $2,200,000

FRANCHISE MOTELS & HOTELS FOR SALE
Asking Price: $3M to $7M, Small VTB Available
Call for more info

NOTE: Personal meeting is important if you are a SERIOUS BUYER, you will get a top priority on new listings. About 25% to 40% down payment required to get a bank loan
Century 21 People's Choice Realty Inc., 120 Matheson Blvd E, Unit 103, Mississauga, L4Z 1X1 Office Ph: 905-366-8100, Fax: 905-366-8101 Other offices: Brampton & Etobicoke

KHARODIA REAL ESTATE
www.kharodiarealestate.com

# HONEST - DEDICATED - TEAMWORK

*Don't Let Confusion Cast A Shadow over Buying Your Dream Home.*

We Look forward to providing you with an unusually High Level of Service and Commitment giving you a New definition of results in the Real Estate Industry. After all it is your Satisfaction that defines our Success!!!

- No Pressure
- No Obligation
- Just Answers to Your Questions...Its that Simple!

અમારી મફત સલાહનો લાભ ઉઠાવવા માટે આજે જ સંપર્ક કરો

You have Nothing to Loose...Call us for a Free Consultation on How to Get Started.

ઘર ખરીદનારને મફત સલાહ અને સર્વિસ મળશે




Stunning & Immaculate One Bedroom + Den Near Bayview & Finch! Upscale Beautiful Boutique Condo In North York. Spacious & Functional Layout W/ Large Den. Laminate Thru-Out. Master Bdrm Includes A Large Closet & Floor To Ceiling Windows For Lots Of Natural Sunlight. Bright & Spacious. Open Concept Thru-Out. Open Balcony View W/ No Obstruction. Upgraded Kitchen W/Stainless Steel Appliances.




4+1 bed, 2 wash, 2 kitchens, loaded with lots of upgrades. Ready To Move-In, Beautifully Landscaped, Updated Home In Desirable Community Close To School, Park, Shopping And 401. Finished Bsmt With Bedroom, Kitchen & Washroom. Bsmnt Kitchen Features Quartz Counter Top, Built-In S/S Appliances And Back-Splash



NEED MORE LISTINGS, CALL US FOR SPECIAL DEALS

CALL US FOR FURTHER INFORMATION OR TO BOOK A SHOWING TO VIEW PROPERTIES.

**Use The Advantage of a Team, Because...Teamwork Makes Your Dreams Work !**

Century 21 INNOVATIVE REALTY INC. BROKERAGE*

BRAND POWER & INNOVATIVE TECHNOLOGIES TO GET YOUR HOME RECOGNIZED!

2250 MARKHAM ROAD, UNIT 3
TORONTO, ON, M1B 1W3
OFFICE : 416 298 8383 FAX : 416 298 8303

MASTERS ruby

Grand Centurion Office

## Shamim & Amin Kharodia

Sales Representatives
info@kharodiarealestate.com
647.501.6786 SHAMIM | 647.308.2941 AMIN

Each office owned and Operated. This is not intended to solicit buyers/sellers currently under contract with any brokerage.

VICTORIA SUPERMARKET

# JANUARY 07 - 14 COUPON FLYER

OPEN EVERYDAY FROM 9AM-10PM, 1400 VICTORIA PARK AVE, TORONTO WWW.VICTORIASUPERMARKET.CA

- GALA APPLES — .99 LB — REGULAR $1.99
- ORANGES — 1.29 LB — REGULAR $1.99
- POTATOES 10 LB BAG — 2.79 EACH — REGULAR $4.99
- CABBAGE — .49 LB — REGULAR $1.29
- DRIED WHITE MULBERRIES — 5.99 LB — REGULAR $7.99
- RED SULTANA RAISINS — 2.99 LB — REGULAR $4.99
- CEDAR 5 PACK PITA BREAD — .69 EACH — REGULAR $.99
- ASSORTED SURATI SNACKS — 1.79 EACH — REGULAR $2.49
- GITS KHAMAM DHOKLA 180 G — .99 EACH — REGULAR $1.49
- LIPTON 900G YELLOW LABEL LOOSE LEAF TEA — 8.99 EACH — REGULAR $12.99
- ARGHAWAN GREEN TEA 600 G — 5.99 EACH — REGULAR $11.99
- LUXMI 300 G SOYA CHUNKS — 1.69 EACH — REGULAR $2.99
- EASTERN 500 G TAMARIND — 2.99 EACH — REGULAR $4.49
- SHAN ASSORTED 50 G SPICES — 1.29 EACH — REGULAR $1.79
- RANI BLACK EYED BEANS 4 LB — 3.99 EACH — REGULAR $5.99
- RANI TOOR DAL 4 LB — 3.99 EACH — REGULAR $5.99
- AASHIRVAAD ATTA 9 KG — 8.99 EACH — REGULAR $12.99
- ELITE RAGI POWDER — 3.25 EACH — REGULAR $4.99
- ELITE MATTA RED RICE 5 KG — 7.99 EACH — REGULAR $9.99
- RANI PREMIUM 10 LB BASMATI RICE — 7.99 EACH — REGULAR $14.99
- LAZEEZ / BADSHAH 8 LB PARBOILED OR BASMATI RICE — 4.99 EACH — REGULAR $6.99
- PRAN 400G PUFFED RICE — 2.99 EACH — BUY 2 GET 1 FREE
- CAPRI 3L CANOLA OIL — 4.89 EACH — REGULAR $5.99
- SURATI 340 G TUVAR LIVA — 1.79 EACH — REGULAR $2.99
- DAWN 30 PACK PLAIN PARATHAS — 6.99 EACH — REGULAR $8.99
- LAZEEZ 30 PACK PLAIN PARATHAS — 3.99 EACH — REGULAR $6.99
- ASSORTED LAZEEZ 5 PACK PARATHAS — .99 EACH — REGULAR $1.99
- LAZEEZ VEGE SPRINGROLLS/ SAMOSAS 12PC — 1.49 EACH — REGULAR $2.99
- TIDE PLUS LAUNDRY 1 KG DETERGENT — 3.99 EACH — REGULAR $6.99
- ROHU FISH 3KG AND UP — 2.49 LB — REGULAR $2.99
- BASA FILET 3.75 LB — 6.99 EACH — REGULAR $9.99
- CHICKEN LEG WHOLE (AS IS) — .99 LB — REGULAR $1.75
- GOAT SHOULDER — 6.99 LB — REGULAR $7.99
- VEAL SHOULDER — 3.49 LB — REGULAR $3.99
- GROUND CHICKEN — 3.49 LB — REGULAR $3.99

SOME CONDITIONS MAY APPLY

ORDER ONLINE. FREE DELIVERY.

HALAL MEAT
WE CLEAN YOUR IN HOUSE FISH FOR .50/LB AT THE FISH CORNER

FRESH HOT FOOD TO GO INSIDE

Cedarbrae
Dental Center



અમે તમારા સ્વાસ્થ્ય અને સુંદર સ્મીત માટે ગુણવત્તાસભર
સંપૂર્ણ દાંતની ચિકિત્સા અને સેવાઓ આપીએ છીએ

Dr. Ghazala & Associates

Female Dentist For All Your Dental Need

Emergencies Welcome, All insurances Accepted, Book your hygiene appointment and receive free teeth whitening (New patient only)

State of the art clinic with special infection control monitoring system - installed in only 50 clinics all over Canada.



Hours of operation
- Monday: 9:00am - 7:00pm
- Tuesday: 9:00am - 7:00pm
- Wednesday: 9:00am - 5:00pm
- Thursday: 9:00am - 7:00pm
- Friday: 9:00am - 5:00pm
- Saturday: 9:00am - 5:00pm
- Sunday: 9:00am - 5:00pm

Pls call to schedule you appointment today at 416-945-1000.

Free consultation for braces / invisilign, implant and wisdom teeth extractions.

Monthly special get free teeth whitening with cleaning (New patients only )



Dr. Ghazala Zaid, DMD
3630 Lawrence Ave East, Scarborough, ON M1G 1P6
416-945-1000, 416-945-2800
http://www.cedarbrae.dental Email : Cedarbraedentalcenter@gmail.com

Accept all insurance including ODSP and Healthy Smiles





CLUB CERAMIC





Lapoto Finish



Matt Fiish

પોર્સેલિન ટાઇલ્સ શરૂ થાય છે ફક્ત $ 0.89 થી

Porcelain tiles starting from $0.89 per square feet only

Ceramic tiles starting from $0.50 per square feet only

સિરામિક ટાઇલ્સ શરૂ થાય છે $ 0.50 થી

- Porcelain & Ceramic tiles at Direct factory price
- Price match guarantee + we will beat price with additional 5% discount
- Tiles available for Floor, Wall and Outdoor Parking

- પોર્સેલિન ટાઇલ્સ અને સિરામક ટાઇલ્સ ફેક્ટરી ભાવે મળશે
- અમારા ભાવની ખાત્રી કરી શકો છો. વધારાના ૫ ટકા ડિસ્કાઉન્ટ સાથે
- ફ્લોર, દિવાલ અને આઉટડોર પાર્કિંગની ટાઇલ્સ મળશે

-: Available Size :-
24" * 24" | 12" * 24" | 24" * 48" | 4" * 8" | 4" * 12"

MONTREAL
3590, Rue Griffith, Saint Laurent, QC, H4T 1A7
Phone: +1-514-260-2242 / +1-514-813-3850

OTTAWA
Unit #4+5, 200 Colonnade Road, Nepean, ON, K2E 7M1
+1-613-601-1474

MISSISUAGA
5030 Maingate Drive, Unit#1, Mississauga, L4W 1X5
Phone: +1 (647) 527-6030 / +1-514-813-3850

www.clubceramic.com, Email : sales@clubceramic.com